દૈનિક
# મુંબઈ સમાચાર

૨૦૩ વર્ષ

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 65 ■ વિક્રમ સંવત ૨૦૮૧

■ ફાલ્ગુન વદ-૫ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 19 March 2025, Wednesday ■ REGD.No. MCS/058/2024-26

બુધવાર, ૧૯ માર્ચ ૨૦૨૫ (૧૨ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦ | ઈન્ટરવલ પૂર્તિ ૫ ૬ ૭ ૮ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u


## શુદ્ધ સોના અને ચાંદીમાં વિક્રમજનક ભાવ નોંધાયા


ANTARA
GOLD & DIAMONDS
DADAR | BORIVALI
TODAY'S GOLD RATE
₹ 80,910/-
PER 10 GRAMS OF 22KT
BIS HALLMARKED JEWELLERY
WE BUY OLD GOLD AT BEST RATE
DIAMOND JEWELLERY
VVS-VS F-G QUALITY
CERTIFIED NATURAL DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565
OPEN ON ALL DAYS


### સોનું ૮૮,૦૦૦ને પાર, ચાંદી ૧,૦૦,૦૦૦ ઉપર

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ ચાંદીએ પહેલી જ વાર કિલોએ એક લાખ રૂપિયાની સપાટી વટાવીને નવો ઇતિહાસ સર્જ્યો છે. યુએસ ટેરિફ અંગે અનિશ્ચિતતા, ટ્રેડ વોર તથા ભૂરાજકીય સંકટ ફરી ત્રાટકવાની આશંકા તેમ જ ફેડરલ રિઝર્વ દ્વારા નાણાકીય નીતિમાં છૂટછાટની વધતી અપેક્ષાઓ વચ્ચે વૈશ્વિક બજારોમાં મજબૂત વલણોને પગલે સ્થાનિક બજારમાં સોના અને ચાંદીના ભાવ નવા વિક્રમી સ્તરે પહોંચ્યા છે. અલબત્ત દિલ્હી અને ગુજરાતના અમુક શહેરોમાં ચાંદીએ સોમવારે જ એક લાખ રૂપિયાની સપાટી વટાવી નાંખી છે.

સિનિયર કોમોડિટી એનાલિસ્ટના જણાવ્યા અનુસાર, કિંમતી ધાતુઓમાં રેકોર્ડબ્રેક તેજી માટે ઘણા પરિબળો જવાબદાર છે, જેમાં કેન્દ્રીય બેંકો દ્વારા ખરીદી અને વૈશ્વિક આર્થિક અસ્થિરતાનો સમાવેશ થાય છે. વધુમાં, યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની વેપાર અને આર્થિક નીતિઓને કારણે વિશ્વભરમાં આર્થિક અનિશ્ચતતામાં વધારો થવાથી સેફ હેવન એસેટની માગમાં વધારો થયો છે.

ફુગાવામાં ઘટાડો થવાને કારણે યુએસ ફેડરલ

(જુઓ પાનું ૨) ▸▸

## શેરબજારમાં બે મહિના બાદ સૌથી મોટો ઉછાળો

### સેન્સેક્સે ૧૧૩૧ની છલાંગ સાથે ૮.૬૭ લાખ કરોડ રૂપિયા વરસાવ્યા

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ શેરબજારમાં સોમવારે એક ડગલું માંડ્યા બાદ આખલાએ મંગળવારે જાણે તેજીનો તરખાટ મચાવી દીધો હતો. સેન્સેક્સે ૭૫,૦૦૦ની સપાટી પાછી મેળવી લીધી છે, તો નિફ્ટી ૨૩,૦૦૦ નિકટ સરક્યો છે. સેન્સેક્સ ૧,૧૩૧.૩૧ પોઈન્ટ અથવા ૧.૫૩ ટકાના ઉછાળા સાથે ૭૫,૩૦૧.૨૬ પોઇન્ટની સપાટી પર સ્થિર થયો છે. દિવસ દરમિયાન, તે ૧,૨૧૫.૮૧ પોઈન્ટ અથવા ૧.૬૩ ટકાના ઉછાળા સાથે ૭૫,૩૮૫.૭૬ પર પહોંચ્યો હતો. નિફ્ટી ૩૨૫.૫૫ પોઈન્ટ અથવા ૧.૪૫ ટકા ઉછળીને ૨૨,૮૩૪.૩૦ પર બંધ થયો

(જુઓ પાનું ૨) ▸▸


સસ્તી એર ટિકીટ સાથેના પેકેજીસ
ઓફ બીટ કાશ્મીર
કાશ્મીર D9
પ્રાઈમ લોકેશન પર હોટલ, ગુલમર્ગમાં સ્ટે, બધાંજ ભોજન અને ખર્ચ સામેલ
લેહ-લદાખ D9-12
કારગીલ, નુબ્રાવેલીમાં સ્વતંત્ર રસોડું, લક્ઝરિયસ હોટલ/ કોટેજીસ
D11 Jun-Jul-Aug
કિન્નૌર-લાહુલ-સ્પીતી
D13 ચારધામ ૯ જૂનથી શરૂ
HAZEL Treks N Tours
Khar (w).
@hazeltreksntours
Since:2003
PANKAJ CHHEDA
9869559938


## શસ્ત્રવિરામનો ભંગ કરી ઈઝરાયલનો પેલેસ્ટાઈન પર હુમલોઃ ૪૧૩નાં મોત

ગાઝા પટ્ટીઃ ઈઝરાયલે મંગળવારે વહેલી સવારે ગાઝા પટ્ટી પર કરેલા હવાઈહુમલામાં મહિલાઓ અને બાળકો સહિત ઓછામાં ઓછા ૪૧૩ જણનાં મોત થયાં હોવાનું હૉસ્પિટલના અધિકારીઓએ કહ્યું હતું.

ગાઝાના આરોગ્ય ખાતાના જણાવ્યાનુસાર આ હુમલામાં ઓછામાં ઓછાં ૪૧૩નાં મોત થયાં હોવા ઉપરાંત સેંકડો જણ ઘાયલ થયા હતા.

આ હવાઈહુમલા સાથે જ ઈઝરાયલે જાન્યુઆરીથી અમલી બનેલા શસ્ત્રવિરામનો ભંગ કર્યો હતો અને ૧૭ મહિના જૂનું યુદ્ધ ફરી

(જુઓ પાનું ૨) ▸▸


Bombay City Eye Institute & Research Centre
An asg Enterprise


OUR HOSPITAL HAS RECENTLY SHIFTED!
NEW ADDRESS
7TH FLOOR, K.G. MITTAL HOSPITAL, BEHIND KAIVALYADHAMA YOGA CENTRE, MARINE DRIVE, MUMBAI - 400002
FOR APPOINTMENTS
022-35384949/ 022-35384900
9167499335/ 9167499340
9AM TO 7PM MON-SAT
SPECIAL OFFERS
(Only for Fully Paying Category)
• 50% OFF CONSULTATIONS
• 15% OFF PROCEDURES & SURGERIES
*VALID UNTIL 15TH APRIL 2025
HOLISTIC EYE CARE UNDER ONE ROOF!
Theatrix



Suru Kirlian
BIO-WELL
Booking Agent
DEAR BIO-WELL BUYER EARN ₹10,000 ON EVERY BIO-WELL CAMERA SALE

NO INVESTMENT REQUIRED
PASSIVE INCOME OPPORTUNITY
FEATURED IN OUR SOCIAL MEDIA PROMOTIONS
Please Whatsapp +91 7045698373
jmshah.com

**એક્સ્ટ્રા અફેર**

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# હિંદુઓ કોના વારસ? મરાઠાઓના કે ઔરંગઝેબના?

**મહારાષ્ટ્રના** ખુલદાબાદમાં આવેલા મોગલ બાદશાહ ઔરંગઝેબની કબરનો વિવાદ ધારણા પ્રમાણે જ વકર્યો છે અને હિંસા શરૂ થઈ ગઈ છે. નાગપુરમાં વિશ્ વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ સહિતનાં કહેવાતાં હિંદુવાદી સંગઠનોએ ઔરંગઝેબના પૂતળાનું દહન કરીને તેમની કબર તોડી પાડવાની માગ કરી પછી પથ્થરમારો અને તોડફોડ શરૂ થઈ ગઈ તેમાં નાગપુરમાં તણાવ છે. તોફાનીઓએ ઘરો પર પથ્થરમારો કર્યો અને રસ્તાની બાજુમાં આવેલા વાહનોને આગ પણ ચાંપી દીધી.

પોલીસ પર પણ હુમલો થયો અને કુહાડીથી થયેલા હુમલામાં ડીસીપી નિકેતન કદમ ઘાયલ થયા છે. પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે ટિયર ગેસના શેલ છોડવા પડ્યા. ૩૦૦ વર્ષ પહેલાં મરી ગયેલા એક અત્યાચારી બાદશાહની કબરના કારણે અત્યારે જીવતા લોકોની હાલત ખરાબ થઈ ગઈ છે.

ઔરંગઝેબની કબરનો વિવાદ વિશ્વ હિંદુ પરિષદ અને બજરંગ દળ જેવાં હિંદુવાદી સંગઠનોને હિંદુત્વ સાથે કંઈ લેવાદેવા નથી પણ હિંદુઓની લાગણીના નામે પોતાનો રોટલો શેકવામાં રસ છે તેનો વધુ એક પુરાવો છે. વિશ્વ હિન્દુ પરિષદના કાર્યકરો નાગપુરમાં શૂરાતન બતાવી રહ્યા છે કેમ કે તેમને ખબર છે કે, મહારાષ્ટ્રમાં મોસાળમાં જમણવાર ને મા પિરસે એ ઘાટ છે. મહારાષ્ટ્રમાં ગમે તે કરો, દેવેન્દ્ર ફડણવીસની સરકાર કશું કરવાની નથી કેમ કે ઔરંગઝેબની કબરના વિવાદનો પલિતો ચાંપવામાં ફડણવીસ મોખરે છે. મહારાષ્ટ્રમાં હિંદુત્વના નામે ચરી ખાવામાં ફડણવિસને રસ છે તેથી આ વિવાદ ઊભો કરી રહ્યા છે એટલે વિશ્વ હિંદુ પરિષદ હોય કે બીજું કોઈ કહેવાતું હિંદુવાદી સંગઠન હોય, બધાં સલામત છે.

વિશ્વ હિંદુ પરિષદ અને બજરંગ દળ જેવાં હિંદુવાદી સંગઠનોને હિંદુત્વ અને હિંદુઓની રક્ષામાં રસ હોય તો તેમણે જમ્મુ અને કાશ્મીર જઈને હિંદુઓની રક્ષા કરવી જોઈએ કે જ્યાં આતંકવાદીઓ હિંદુઓને ટાર્ગેટ કરી કરીને મારી રહ્યા છે. મણિપુર જઈને હિંદુઓની રક્ષા કરવી જોઈએ કે જ્યાં ખ્રિસ્તી મિશનરીઝના ઈશારે આતંકવાદીઓ મેઈતેઈ હિંદુઓને ભગાડી રહ્યા છે અને મારી પણ રહ્યા છે.

જમ્મુ અને કાશ્મીરમાં પહેલાં બંધારણની કલમ ૩૭૦ હતી ત્યારે બહારનાં લોકોને કાશ્મીરમાં જઈને રહેવાની છૂટ નહોતી. નરેન્દ્ર મોદી સરકારે ૨૦૧૯માં કલમ ૩૭૦ હટાવી દીધી પછી તો દેશનો કોઈ પણ નાગરિક કાશ્મીરમાં જઈને રહી શકે છે. વિશ્વ હિંદુ પરિષદ અને બજરંગ દળ જેવાં કહેવાતાં હિંદુવાદી સંગઠનોને ખરેખર હિંદુઓની ચિંતા હોય તો તેમણે કાશ્મીરના હિંદુઓની રક્ષા કરવા કાશ્મીર જવું જોઈએ, આતંકવાદીઓએ જેમને ભગાડી મૂક્યા છે એ કાશ્મીરી પંડિતોને ફરી તેમના વતનમાં વસાવીને તેમની પડખે ઊભા રહેવું જોઈએ પણ અત્યાર સુધીમાં વિશ્વ હિંદુ પરિષદ અને બજરંગ દળ જેવાં કહેવાતાં હિંદુવાદી સંગઠનોએ કેટલા હિંદુઓને ફરી કાશ્મીરમાં વસાવ્યા? કહેવાતા કેટલા હિંદુવાદી મણિપુર જઈને હિંદુઓને સધિયારો આપવા માટે ઊભા રહ્યા? એક પણ નહીં.

વિશ્વ હિંદુ પરિષદ અને બજરંગ દળ જેવાં કહેવાતાં હિંદુવાદી સંગઠનો પાસે કરોડો કાર્યકરો હોવાના દાવા થાય છે. તેમાંથી ખાલી દસ હજાર કાર્યકરો પણ કાશ્મીર ખીણમાં હિંદુઓની સાથે જઈને રહે તો કોઈની તાકાત નથી કે હિંદુઓને કશું કરી શકે. આ જ વાત મણિપુરના હિંદુઓને પણ લાગુ પડે છે.

અસલી મર્દાનગી જમ્મુ અને કાશ્મીર કે મણિપુર જઈને હિંદુઓના પડખે ઊભા રહેવામાં છે પણ વિશ્વ હિંદુ પરિષદ અને બજરંગ દળ જેવાં કહેવાતાં હિંદુવાદી સંગઠનોથી એ નથી થતું. ૩૦૦ વર્ષ પહેલાં મરી ગયેલા એક મુસ્લિમ બાદશાહની કબરના મામલો તોડફોડ કરીને એ લોકો મર્દાનગી બતાવી રહ્યા છે કેમ કે સામે કોઈ જવાબ નથી આવવાનો. ધર્મ માટે, હિંદુત્વ માટે જાન સુધ્ધાં આપી દેવાની વાતો કરનારાને જીવની ચિંતા છે તેથી કાશ્મીર કે મણિપુર જતા નથી ને અહીં શૂરાતન બતાવ્યા કરે છે.

આ શૂરાતનથી કશું વળવાનું નથી. માનો કે ઔરંગઝેબની કબર દૂર કરી દેવાશે તો પણ ઈતિહાસ થોડો બદલાઈ જવાનો છે ? ઔરંગઝેબ આ દેશ પર શાસન કરનારો એક મુસ્લિમ શાસક હતો એ હકીકત થોડી બદલાવાની છે ? કબરો તોડવાથી ઈતિહાસ બદલાતા હોત તો ભૂંસાઈ જતા હોત તો શું જોઈતું હતું?

કહેવાતાં હિંદુવાદી સંગઠનો ઔરંગઝેબની કબર તોડવાનો ઉપાડો લઈને ઔરંગઝેબ સહિતના મુસ્લિમ આક્રમણખોરોની જેમ જ વર્તી રહ્યા છે. મુસ્લિમ આક્રમણખોરો પોતાની અસભ્યતા અને જંગલીપણું બતાવવા માટે હિંદુ મંદિરો તોડેલાં, હિંદુઓનાં પવિત્ર સ્થાનો તોડેલાં ને કહેવાતા હિંદુવાદીઓ તેમના રસ્તે ચાલી રહ્યા છે.

ધાર્મિક ઉન્માદ ઊભો કરીને પોતાનો સ્વાર્થ સાધવા કૂદી પડેલા એ લોકોમાં એક સાદી સમજ પણ નથી. ઔરંગઝેબની કબર મહારાષ્ટ્રમાં સંભાજીનગરથી લગભગ ૨૫ કિમી દૂર આવેલા ખુલદાબાદમાં છે. ઇતિહાસકારોના મતે, ૧૭૦૭માં ઔરંગઝેબનું નિધન થયું ત્યારે તેની ઇચ્છા મુજબ તેને ખુલદાબાદમાં તેના આધ્યાત્મિક ગુરુ મનાતા શેખ ઝૈનુદ્દીનની દરગાહ પાસે દફનાવવામાં આવ્યો હતો. પહેલાં ઔરંગઝેબની કબર એક સાદો માટીનો મકબરો હતો. પાછળથી બ્રિટિશ વાઈસરોય લોર્ડ કર્ઝન દ્વારા તેને આરસપહાણથી સજાવાયો હતો.

વિચારવા જેવી વાત એ છે કે, મરાઠા શાસકોએ ઔરંગઝેબની કબર કેમ ના તોડી ? શિવાજી મહારાજ તો ઔરંગઝેબની પહેલાં ગુજરી ગયેલા પણ તેમણે હિંદુપત પાદશાહીનો જે મજબૂત પાયો નાખ્યો હતો તેના પર એક હિંદુ રાષ્ટ્ર ઊભું થયું. ઔરંગઝેબના મોત પછી મોગલ સામ્રાજ્યનું પતન થયું અને પેશ્વાઓએ હાલનું મહારાષ્ટ્ર જ નહીં પણ હાલના ભારતના મોટા ભાગનો વિસ્તાર કબજે કરી લીધો હતો.

મરાઠા શાસકોએ ધાર્યું હોત તો એ વખતે જ ઔરંગઝેબની જ નહીં પણ બીજા ઘણા મુસ્લિમ શાસકોની કબરોને કે મકબરાઓને દૂર કરી શક્યા હોત પણ મરાઠા શાસકોએ એવું કેમ ના કર્યું ? કેમ કે એ હિંદુ સંસ્કાર નથી. કબરો કે ધર્મસ્થાનો તોડવાં તેમાં હિંદુઓને મર્દાનગી નથી લાગતી. જેની સત્તા હોય એ પોતાની સત્તાનો દુરુપયોગ કરીને નિર્જીવ ઈમારતોને તોડી નાખે એ મર્દાનગી ન કહેવાય, કાયરતા કહેવાય ને આ કાયરતા મુસ્લિમ આક્રમણખોરોએ બતાવી હતી, મરાઠા શાસકોએ નહીં. શિવાજી મહારાજે નવો ઈતિહાસ લખ્યો, જૂનાને ભૂંસવામાં શક્તિ નહોતી વેડફી ને મરાઠા તેમના રસ્તે ચાલ્યા.

ઔરંગઝેબની કબર તોડવાનો ઉપાડો લેનારા નક્કી કરે કે, પોતે કોના વારસ છે ? મરાઠાઓના કે ઔરંગઝેબના? ■

## આજનું પંચાંગ

**પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા**

ઉત્તરાયણ – સૌર વસંતઋતુ, બુધવાર, તા. ૧૯–૩–૨૦૨૫, રંગ પંચમી, શ્રી જયંતી

- ભારતીય દિનાંક ૨૮, માહે ફાગણ, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, ફાગણ વદ –૫
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે ફાગણ, તિથિ વદ–૫
- પારસી શહેનશાહી રોજ ૭મો અમરદાદ, માહે ૮મો આવાં, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૭મો અમરદાદ, માહે ૯મો આદર, સને ૧૩૯૪
- પારસી ફસલી ગાથા–૪ વોહુક્ષથ્ર, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૧૮મો, માહે ૯મો રમજાન,સને ૧૪૪૬
- મીસરી રોજ ૨૦મો, માહે ૯મો રમજાન,સને ૧૪૪૬
- નક્ષત્ર વિશાખા રાત્રે ક. ૨૦–૪૯ સુધી, પછી અનુરાધા.
- ચંદ્ર તુલામાં બપોરે ક.૧૪–૦૬ સુધી, પછી વૃશ્ચિકમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ તુલા (ર, ત), વૃશ્ચિક (ન, ય)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૪૫, અમદાવાદ ક. ૦૬ મિ. ૪૬, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૪૭, અમદાવાદ ક. ૧૮ મિ. ૪૯, સ્ટા. ટા.
- –ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ ઃ–
- ભરતીઃ બપોરે ક. ૧૪–૫૫, મધ્યરાત્રિ પછી ક. ૦૨–૩૫ (તા. ૨૦)
- ઓટઃ સવારે ક. ૦૮–૧૮, રાત્રે ક. ૨૦–૩૭
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, ફાગણ કૃષ્ણ – પંચમી. રંગ પંચમી, શ્રી જયંતી, બીજોય ગોવિંદ હલદંકર (મણિપુર), શુક્ર પશ્ચિમમાં અસ્ત, વિંછુડો પ્રારંભ બપોરે ક. ૧૪–૦૬. અમૃતસિદ્ધિયોગ રાત્રે ક. ૨૦–૫૦થી સૂર્યાસ્ત.
- શુભાશુભ દિનશુદ્ધિઃ સામાન્ય દિવસ.
- મુહૂર્ત વિશેષઃ મહારાષ્ટ્ર, કર્ણાટક આદિ દક્ષિણના પ્રદેશોમાં રંગપંચમી ઉત્સવની ઉજવણી, ઈન્દ્રદેવતાનું પૂજન, બુધ–ગુરુ દેવતાનું પૂજન, નવાં વસ્રો, આભૂષણ, ધાન્ય ઘરે લાવવું, પશુ લે–વેંચ, શ્રી વિષ્ણુ–લક્ષ્મી પૂજા.
- આચમનઃ ચંદ્ર–શનિ ત્રિકોણ કરકસરિયા ચંદ્ર–હર્ષલ ચતુષ્કોણ સ્વતંત્ર પ્રકૃતિના, ચંદ્ર–રાહુ ત્રિકોણ કાળજીવાળા, ચંદ્ર–સૂર્ય ત્રિકોણ પ્રતિષ્ઠાવાન, ચંદ્ર–નેપ્ચૂન ત્રિકોણ સ્વપ્નદ્રષ્ટા, સૂર્ય–નેપ્ચૂન ત્રિકોણ કાલ્પનિક સૃષ્ટિમાં રહેનારા.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર–શનિ ત્રિકોણ, ચંદ્ર–હર્ષલ ચતુષ્કોણ, ચંદ્ર–રાહુ ત્રિકોણ, ચંદ્ર–સૂર્ય ત્રિકોણ (તા. ૨૦), ચંદ્ર–નેપ્ચૂન ત્રિકોણ (તા. ૨૦) સૂર્ય–નેપ્ચૂન ત્રિકોણ (તા. ૨૦) શુક્ર પશ્ચિમમાં અસ્ત થાય છે.
- ગ્રહગોચરઃ સૂર્ય–મીન, માર્ગી મંગળ–મિથુન, વક્રી બુધ–મીન, માર્ગી ગુરુ–વૃષભ, વક્રી શુક્ર–મીન, શનિ–કુંભ, રાહુ–મીન, કેતુ–કન્યા, માર્ગી હર્ષલ–વૃષભ, માર્ગી નેપ્ચૂન–મીન, માર્ગી પ્લુટો–મકર. ■

# સુપ્રીમ કોર્ટના આદેશને પગલે ઈલેક્શન કાર્ડ અને આધાર કાર્ડ લિન્ક કરાશે

નવી દિલ્હીઃ ચૂંટણી પંચે મંગળવારે કહ્યું હતું કે પ્રવર્તમાન કાયદા તેમ જ સુપ્રીમ કોર્ટના આદેશને અનુસરીને જ ઈલેક્શન કાર્ડને આધાર કાર્ડ સાથે લિન્ક કરવામાં આવશે.

ઈલેક્શન કમિશન (ઈસી) અને યુઆઈડીએઆઈ ઈલેક્શન કાર્ડ સાથે આધારને લિન્ક કરવા ટૅક્નીકલ બાબતો અંગે જલદી જ ચર્ચા વિચારણા શરૂ કરશે, એમ તેમણે કહ્યું હતું.

ઈલેક્શન કાર્ડ સાથે આધારને લિન્ક કરવાને મામલે ચર્ચા કરવા ચૂંટણી પંચે મંગળવારે કેન્દ્રના ગૃહ સચિવ, કાયદા ખાતાના સચિવ, ઈલેક્ટ્રોનિક્સ ઍન્ડ ટૅક્નોલૉજી ખાતાના સચિવ અને યુઆઈડીએઆઈના સીઈઓ સાથે બેઠક કરી હતી. ચૂંટણી પંચ દ્વારા બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું કે બંધારણની કલમ ૩૨૬ અંતર્ગત માત્ર ભારતના નાગરિકોને જ મતદાનનો અધિકાર આપી શકાય છે અને આધાર માત્ર વ્યક્તિની ઓળખ સ્થાપિત કરે છે. આ કારણે જ બંધારણની કલમ ૩૨૬ અને રિપ્રેઝન્ટેશન ઑફ ધ પીપલ ઍક્ટ ૧૯૫૦ની કલમ ૨૩ (૪), ૨૩(૫) અને ૨૩ (૬)ની જોગવાઈ તેમ જ વર્ષ ૨૦૨૩ના સુપ્રીમ કોર્ટના આદેશ મુજબ જ ઈલેક્શન કાર્ડને આધાર કાર્ડ સાથે લિન્ક કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

સરકારે લોકસભામાં જણાવ્યું હતું કે આ કાર્ય માટે કોઈ ચોક્કસ સમયમર્યાદા મુકરર કરવામાં નથી આવી કે નથી એ માટેનું કોઈ લક્ષ્ય નક્કી કરવામાં આવ્યું. સરકારે ભારપૂર્વક કહ્યું હતું કે જે લોકો ઈલેક્શન કાર્ડ સાથે આધાર કાર્ડ લિન્ક નહીં કરાવે તેમનું નામ મતદાર યાદીમાંથી કાઢી નાખવામાં નહીં આવે. (એજન્સી) ■

## મતદાનના આંકડાઓની યાદી વૅબસાઈટ પર મૂકવા અમે તૈયારઃ ચૂંટણી પંચ

નવી દિલ્હીઃ પ્રત્યેક મતદાન મથકમાં થયેલા મતદાનના આંકડાઓની યાદી વૅબસાઈટ પર મૂકવાની માગણીને મુદ્દે ચર્ચા કરવા અમે તૈયાર છીએ એ પ્રકારની ચૂંટણી પંચની રજૂઆતની સુપ્રીમ કોર્ટે મંગળવારે નોંધ લીધી હતી અને અરજકર્તાને આ મામલે ૧૦ દિવસની અંદર ચૂંટણી સમિતી સમક્ષ રજૂઆત કરવા જણાવ્યું હતું.

ટીએમસીના સાંસદ મહૂઆ મોઈત્રા ડેમોક્રેટિક રિફોર્મ્સના એનજીઓ એસોસિયેશન દ્વારા વર્ષ ૨૦૧૯માં દાખલ કરવામાં આવેલી જનહિતની બે અરજીની મુખ્ય ન્યાયાધીશ સંજીવ ખન્ના, ન્યાયાધીશ સંજયકુમાર અને કે.વી. વિશ્વનાથનની બનેલી ખંડપીઠ સુનાવણી કરી રહી હતી. જનહિતની અરજીમાં લોકસભા અને વિધાનસભાની ચૂંટણી માટેનું મતદાન પૂરું થયાંનાં ૪૯ કલાકની અંદર પ્રત્યેક મતદાન મથકમાં થયેલા મતદાનના આંકડાઓની યાદી વૅબસાઈટ પર મૂકવાની માગણી કરવામાં આવી હતી. (એજન્સી) ■

# મહાકુંભે દેશમાં એકતાની માનસિકતાને વધુ મજબૂત બનાવીઃ પીએમ

નવી દિલ્હીઃ મહાકુંભે દેશમાં એકતાની માનસિકતાને વધુ મજબૂત બનાવી હોવાનું વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે કહ્યું હતું.

મહાકુંભના સફળ આયોજને આયોજકોની ક્ષમતા સામે સવાલ ઉઠાવનારાંઓને જડબાતોડ જવાબ આપ્યો છે, એમ તેમણે કહ્યું હતું. લોકસભામાં નિવેદન કરતાં મોદીએ કહ્યું હતું કે સરકાર અને સમાજના અગણિત લોકોનું યોગદાન જ મહાકુંભના સફળ આયોજન પાછળનું મુખ્ય કારણ છે.

લગભગ દોઢ મહિના જેટલો સમય અમે લોકોમાં મહાકુંભ માટે ઉત્સાહ અને ઉત્તેજનાની લાગણી નિહાળી હતી. સગવડ–અગવડને ધ્યાન પર લીધા વિના જે ભક્તિભાવથી લોકો મહાકુંભ માટે ઊમટી પડ્યા હતા એ બાબત જ અમારી સૌથી મોટી તાકાત હતી, એમ મોદીએ કહ્યું હતું.

એકતાનો અર્ક જ મહાકુંભને આપવામાં આવેલી સૌથી પવિત્ર ભેટ હતી. મહાકુંભ એવો પ્રસંગ હતો જેમાં ભાગ લેવા વિવિધ જાતિ, ધર્મ અને કોમના લોકો દેશના ખૂણેખૂણેથી આવ્યા હતા. લોકો તેમનો અહંકાર બાજુએ મૂકીને 'હું' નહીં પરંતુ 'અમે'ના ભાવ સાથે પ્રયાગરાજમાં ભેગા થયા હતા અને એમ કરીને તેમણે એકતા દર્શાવી હતી જે મહાકુંભની સૌથી મોટી તાકાત હતી.

મહાકુંભ દરમિયાન એકતાની ભાવના એટલી મજબૂત હતી કે અન્ય કોઈ બાબત–પ્રયાસો તેને તોડી નહોતા શક્યા.

અમે હંમેશાંથી જ કહેતા આવ્યા છીએ કે વિવિધતામાં એકતા એ ભારતની ખાસિયત છે અને પ્રયાગરાજમાં અમે તેની અનભૂતિ કરી હતી એમ જણાવતાં મોદીએ કહ્યું હતું કે આ માનસિકતા જાળવી રાખવાની અને તેને વધુ મજબૂત કરવાની આપણી જવાબદારી છે.

જુદી જુદી ભાષા બોલતા લોકોએ સંગમના તટે એક સૂરમાં 'હર હર ગંગે'ના કરેલા સૂત્રોચ્ચારે 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'નું દર્શન કરાવ્યું હતું અને આ બાબતે લોકોની એકતાની ભાવનાને વધુ મજબૂત કરી હતી.

૧૮૫૭નો બળવો હોય, ભારતની સ્વતંત્રતાનો દિવસ હોય કે પછી મહાકુંભ હોય આ દરેક પ્રસંગે દેશ વધુ જાગૃત બન્યો હોવાની ઝાંખી કરાવી હતી, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી) ■

# રાબડી દેવી અને તેજપ્રતાપ યાદવ ઈડી સમક્ષ હાજર થયા

પટણા : બિહારનાં ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન રાબડી દેવી અને તેમના પુત્ર અને વિધાનસભ્ય તેજપ્રતાપ યાદવ મંગળવારે 'નોકરીના બદલામાં જમીન'ના મની લોન્ડરિંગ કેસમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટ સમક્ષ હાજર થયાં હતાં. બીજી બાજુ રાબડી દેવીના પતિ અને ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન લાલુ પ્રસાદ યાદવને બુધવારે હાજર રહેવાનું સમન્સ મોકલવામાં આવ્યું છે.

૬૬ વર્ષનાં રાબડી તેમની મોટી પુત્રી અને પાટલીપુત્રનાં સાંસદ મિસા ભારતી સાથે બૅન્ક રોડ પર આવેલી ઈડીની ઑફિસમાં પહોંચ્યાં હતાં. આરજેડીના સેંકડો કાર્યકર્તાઓ પણ ઈડીની ઑફિસની બહાર ભેગા થયા હતા અને તેમણે મા–બેટીની તરફેણમાં સૂત્રોચ્ચાર કર્યો હતો. ૩૬ વર્ષના તેજપ્રતાપ યાદવ પણ તપાસકારો સમક્ષ હાજર થયા હતા.

ઈડીએ અગાઉ આ કેસમાં લાલુ અને તેમના નાના પુત્ર તેજસ્વી યાદવની પૂછપરછ કરી હતી.

ગયા વર્ષે ઈડીએ દિલ્હી અદાલતમાં પ્રસાદના કુટુંબીજનો સામે તહોમતનામું નોંધાવ્યું હતું. આમાં રાબડી દેવી અને તેમની પુત્રીઓ મિસા ભારતી તથા હેમા યાદવને બીજાઓ સાથે આરોપી કહેવામાં આવ્યા છે. લાલુ યુપીએ–એક સરકારમાં રેલવેપ્રધાન હતા ત્યારે ૨૦૦૪–૨૦૦૯માં ભારતીય રેલવેના ગ્રુપ ડીના સબસ્ટિટ્યુટની નિમણૂકમાં કથિત ભ્રષ્ટાચાર કરાયો હતો એવા આક્ષેપની તપાસ થઈ રહી છે.

સેન્ટ્રલ બ્યુરો ઑફ ઈન્વેસ્ટિગેશન (સીબીઆઈ)એ નોંધાવેલા એફઆઈઆર પ્રમાણે ઉમેદવારોને રેલવેમાં નોકરીના બદલામાં લાંચ તરીકે જમીન ટ્રાન્સફર કરવાનું કહેવામાં આવ્યું હતું.

સીબીઆઈની ફરિયાદના આધારે મની લોન્ડરિંગ કેસ કરવામાં આવ્યો છે.

ઈડીના તહોમતનામાં પ્રમાણે જે આરોપી છે એ રાબડી દેવી, મિસા ભારતી અને હેમા યાદવને જે ઉમેદવારને પસંદ કરાયા છે તેમના કુટુંબોએ નજીવી રકમમાં લેન્ડ પાર્સલ અપાયા હતા. (એજન્સી) ■

# દેહુલી નરસંહારઃ ૨૪ દલિતની હત્યા કરનાર ત્રણને મૃત્યુદંડની સજા

મૈનપુરી (ઉત્તર પ્રદેશ) : ઉત્તર પ્રદેશના મૈનપુરી જિલ્લાની ખાસ અદાલતે ૧૯૮૧ના દેહુલી હત્યાકાંડમાં મંગળવારે ત્રણ ઈસમને દેહાંતદંડની સજા ફટકારી હતી. આ હત્યાકાંડમાં મહિલા અને બે બાળક સહિત ૨૪ દલિતની કત્લેઆમ કરાઈ હતી. ખાસ જજ ઈંદિરા સિંહે ૧૨ માર્ચે કપ્ટાન સિંહ (૬૦), રામપાલ (૬૦) અને રામ સેવક (૭૦)ની ત્રિપુટીને દોષી જાહેર કરી હતી. અદાલતે તેમને ફાંસીની સજા ઉપરાંત ૫૦,૦૦૦ રૂપિયાનો દંડ કર્યો હતો, એવી માહિતી સરકારી વકીલ રોહિત શુકલે આપી હતી.

૧૮ નવેમ્બર, ૧૯૮૧એ બપોરે સાંડાચાર વાગ્યે ૧૭ ડાકુઓ ખાખી ગણવેશ પહેરીને દેહુલી ધસી આવ્યા હતા. તેઓએ એક દલિત કુટુંબને લક્ષ્ય બનાવ્યું હતું. ડાકુઓએ છ મહિનાના અને બે વર્ષના બાળક સહિત ૨૪ જણને ઠાર માર્યા હતા. મૂળ એફઆઈઆરમાં ૩૦૨ કલમ (હત્યા), ૩૦૭ કલમ (હત્યાનો પ્રયાસ અને ૩૯૬ કલમ (હત્યા સાથે લૂંટ) તથા બીજી કલમો હેઠળ ૧૭ આરોપી સામે ગુના નોંધવામાં આવ્યા હતા. ૧૭માંથી ૧૪ આરોપી ખટલો ચાલુ થાય એ પહેલાં જ મરણ પામ્યા હતા. એક જણને ફરાર જાહેર કરવામાં આવ્યો હતો.

સ્થાનિક રહેવાસી લૈક સિંહે એફઆઈઆર નોંધાવ્યો હતો. તપાસ બાદ ટોળકીના નેતા સંતોષ અને રાધે સહિતના ડાકુઓ સામે તહોમતનામું નોંધાયું હતું. (એજન્સી) ■

# ઈડીના સોરોસની ફંડિંગ એજન્સી પર દરોડા

નવી દિલ્હી /બેંગલુરુ : એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટ (ઈડી)એ મંગળવારે અમેરિકાના અબજોપતિ જ્યોર્જ સોરોસે સ્થાપેલી 'પ્રાઈવેટ ફંડિંગ એજન્સી' ઓએસએફ અને એની ઈન્વેસ્ટમેન્ટની કંપની ઈડીએફના વિદેશી હૂંડિયામણના ભંગના કથિત કેસના ભાગરૂપે બેંગલુરુમાં દરોડા પાડ્યા હતા, એવી માહિતી ઈડીના સાધનોએ આપી હતી. સૂત્રોએ કહ્યું હતું કે ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ એક્ટ (ફેમા) હેઠળ ઓપન સોસાયટી ફાઉન્ડેશન્સ (ઓએસએફ) અને ઈકોનોમિક ડેવલપમેન્ટ ફંડ (ઈડીએફ)ના લાભાર્થી અને અસ્પદા ઈન્વેસ્ટમેન્ટને લિમિટેડના આઠ ઠેકાણા પર દરોડા પાડ્યા હતા. આમાં ઈન્ટરનેશનલ હ્યુમન રાઈટ્સની અમુક બોડીનો સમાવેશ થાય છે.

ઈડીના સૂત્રોએ અસ્પદા ઈન્વેસ્ટમેન્ટને સોરોસ ઈડીએફ (એસઈડીએફ)ની રોકાણની સલાહકાર કે ફંડ મેનેજર તથા મોરિશસની કંપનીની સંપૂર્ણ માલિકીની સબ્સિડિયરી ગણાવી હતી. ■

## પહેલા પાનાનું ચાલુ

### શુદ્ધ સોના અને ચાંદીમાં

વ્યાજ દરમાં વધુ ઘટાડો કરશે એવી અપેક્ષાઓ મજબૂત થતાં સોનાચાંદીના ભાવ રોજ નવી વિક્રમી સપાટી નોંધાવી રહ્યા હોવાનું બજારના સાધનો જણાવે છે. અમેરિકાએ યમનના હુથીઓ લાલ સમુદ્રના શિપિંગ પર હુમલા બંધ ન કરે ત્યાં સુધી તેમના પર હુમલા ચાલુ રાખવાની વાત કરી છે, તો આ તરફ ઇઝરાયલે હમાસ પર હુમલો કર્યો છે. આવા કારણોસર ભૂરાજકીય જોખમોએ સોનાના ભાવમાં વધારો કર્યો છે.

મુંબઇના ઝવેરી બજારમાં સત્રને અંતે શુદ્ધ સોનું રૂ. ૨૫૩ના વધારા સાથે રૂ. ૮૮,૩૫૪ની સપાટી પર સ્થિર થયું હતું, જ્યારે સ્ટાન્ડર્ડ સોનું દસ ગ્રામે રૂ. ૨૫૨ના વધારા સાથે રૂ. ૮૮,૦૦૦ની સપાટીએ પહોંચ્યું હતું. એ જ સાથે હાજર ચાંદી કિલોએ રૂ. ૬૩૩ના ઉછાળા સાથે રૂ. ૧,૦૦,૪૦૦ની સપાટીએ સ્થિર થઇ હતી. ■

### શસ્ત્રવિરામનો ભંગ

ભડકાવવાની ધમકી આપી હતી. શસ્ત્રવિરામના કરારમાં ફેરફાર કરવાની ઈઝરાયલની માગણી હમાસે નકાર્યા બાદ વડા પ્રધાન બૅન્જામિન નૅતન્યાહૂએ હવાઈહુમલાનો આદેશ આપ્યો હતો.

અધિકારીઓએ જણાવ્યું હતું કે ઈઝરાયલે કાર્યવાહી ફરી આરંભી છે અને એનો વ્યાપ વધે તેવી શક્યતા છે. અમેરિકાએ કહ્યું હતું કે હુમલા અગાઉ ઈઝરાયલે અમારી સાથે ચર્ચાવિચારણા કરી હતી અને તેને અમારું સમર્થન છે.

ઈઝરાયલની સેનાએ પૂર્વ ગાઝાના લોકોને એ વિસ્તાર ખાલી કરી દેવાનો આદેશ આપ્યો હતો જે બાબત ઈઝરાયલ નવેસરથી જમીની કાર્યવાહી શરૂ કરે તેવી શક્યતાના સંકેત આપે છે.

નૅતન્યાહૂના કાર્યાલય દ્વારા બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું કે ઈઝરાયલ હવે હમાસ પર વધુ લશ્કરી તાકાત સાથે હુમલા કરશે.

મુસ્લિમોના પવિત્ર મહિના રમઝાન દરમિયાન ઈઝરાયલ દ્વારા કરવામાં આવેલો આ હલાઈહુમલો યુદ્ધને ભડકાવશે.

અત્યાર સુધી આ યુદ્ધને કારણે હજારો પેલેસ્ટાઈનવાસીઓએ જીવ ગુમાવ્યા છે અને ગાઝા પટ્ટીમાં વ્યાપક વિનાશ વેરાયો છે. હમાસ દ્વારા બાનમાં રખાયેલા બે ડઝન કરતાં પણ વધુ ઈઝરાયલીઓ હજુ જીવતા હોવાનું માનવામાં આવે છે.

હમાસના વરિષ્ઠ અધિકારીએ કહ્યું હતું કે યુદ્ધ ફરી શરૂ કરવાનો નૅતન્યાહૂનો નિર્ણય બાનમાં રખાયેલા બાકીના લોકો માટે મૃત્યુદંડની સજા પુરવાર થઈ શકે છે.

ઈઝરાયલ દ્વારા મંગળવારે કરવામાં આવેલા હુમલામાં ઓછામાં ઓછા ચાર વરિષ્ઠ અધિકારીઓનાં મોત થયાં હોવાનું હમાસે કહ્યું હતું.

ઈઝરાયલના હુમલાનો હમાસે કોઈ વળતો જવાબ આપ્યો નથી એ બાબત હમાસ શસ્ત્રવિરામ જાળવી રાખવાની ઈચ્છા ધરાવતું હોવાના સંકેત આપે છે.

હમાસ દ્વારા બાનમાં રખાયેલા લોકોને પરત લાવવામાં મળેલી નિષ્ફળતા અને આંતરિક સુરક્ષા એજન્સીના વડાને હોદ્દા પરથી દૂર કરવાના નિર્ણયને મુદ્દે સ્થાનિક લોકોએ ઊભા કરેલા દબાણે નૅતન્યાહૂએ ગાઝા પર હવાઈહુમલો કરવાનો આદેશ કરવા પ્રેર્યા હતા.

બાનમાં રખાયેલા લોકોના પરિવારજનોએ આક્ષેપ કર્યો હતો કે સરકાર આ મુદ્દે પીછેહઠ કરવાનું પસંદ કર્યું છે. આ બાબત અમારા માટે આઘાતજનક, ડરાવનારી અને રોષ પ્રગટાવનારી છે. (એજન્સી) ■

### શેરબજારમાં

છે. મંગળવારે માર્કેટ કેપ રૂ. ૭.૦૫ લાખ કરોડ વધીને રૂ. ૩૯૯.૮૫ લાખ કરોડની સપાટીએ પહોંચ્યું હતું. બે દિવસમાં, બેન્ચમાર્ક ૧,૪૭૨.૩૫ પોઈન્ટ અથવા ૧.૯૯ ટકાના ઊછળ્યો છે અને રોકાણકારોની સંપત્તિમાં ૮.૬૭ લાખ કરોડ રૂપિયાનો ઉછાળો આવ્યો છે.

આ સત્રમાં મિડકેપ અને સ્મોલ કેપ શેરોમાં પણ ઘણાં વનખતે તેજીનો સળવળાટ જોવા મળ્યો હતો. મિડકેપ અને સ્મોલ કેપ ઇન્ડેક્સમાં બે ટકાથી મોટો ઉછાલો જોવા મળ્યો હતો અને ૨૯૦ શેરો કતેમની બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા.

અમેરિકાના અનુકૂળ ડેટાને જોતાં ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં ઘટાડો કરશે એવી વ્યાપક અપેક્ષાએ વિશ્વબજારના શેરબજારોમાં તેજીનો પવન ફૂંકાયો હતો અને એ સાથે સ્થાનિક બજારમાં પણ તેજીએ જોર પકડ્યું હતું.

રશિયા અને યુક્રેન વચ્ચે યુદ્ધવિરામ કરારની વધતી આશાઓ અને ચીનના ઉત્તેજના પગલાં પર વૈશ્વિક બજારોમાં બીજા દિવસે પણ વધારો જોવા મળતા સકારાત્મક વૈશ્વિક સંકેતોએ બજારોને ઝડપથી તેજીમાં મદદ કરી હતી.

બાર્ગેન હંટિંગ અને આરબીઆઇ વ્યાજદર ઘટાડશે એવી આશાએ પણ સેન્ટિમેન્ટમાં તેજીને ઇંધણ આપ્યું હતું. ઇઝરાયલે હમાસ પર સવારે હુમલો કર્યો હોવા છતાં તેની ચિંતા બજારે ફગાવી દીધી હતી. જોકે, નજીકના ભવિષ્યમાં ટ્રેડ વોર, રશિયા–યુક્રેન શાંતિ કરાર અને યુએસ ફેડરલ રેટ આઉટલુક જેવા વૈશ્વિક પરિબળો બજાર પર અસર કરશે. રોકાણકારો બુધવારના સત્રમાં આગામી ફેડરલ રિઝર્વ અને બેન્ક ઓફ જાપાન મીટિંગના પરિણામ પર નજીકથી નજર રાખશે. એશિયન બજારોમાં, સિઓલ, ટોક્યો, શાંઘાઈ અને હોંગકોંગ શેરબજારમં સુધારો જોવા મળ્યો હતો. યુરોપિયન ઇક્વિટી બજારો વધારા સાથે ટ્રેડ થઇ રહ્યા હતા. સોમવારે યુએસ બજારો ઊંચા સ્તરે બંધ થયા હતા. બીએસઇ સ્મોલકેપ ગેજ ૨.૭૩ ટકા વધ્યો અને મિડકેપ ઇન્ડેક્સ ૨.૧૦ ટકા વધ્યો.

તમામ ક્ષેત્રીય ઇન્ડેક્સ ઊંચા સ્તરે બંધ થયા હતા. બીએસઈ પર ૨,૮૧૫ જેટલા શેર વધ્યા જ્યારે ૧,૨૨૧ ઘટ્યા અને ૧૨૩ યથાવત રહ્યા હતા.

**આજે શું લાગે છે?**

દરમિયાન વોલસ્ટ્રીટમાં હાલ આવેલો ઘટાડો જોતા આજે બુધવારે માર્કેટમાં પ્રત્યાઘાતી ઘટાડાની શક્યતા જણાય છે.

ફેડરલ રિઝર્વના પોલિસી નિર્ણય અને આર્થિક અનુમાનોની જાહેરાત અગાઉની સાવચેતીના માણસ વચ્ચે રોકાણકારોએ વેચવાલી કરી હોવાથી વોલ સ્ટ્રીટમાં આ લખાઈ રહ્યું છે ત્યારે ફરી પીછેહઠ જોવા મળી છે.

બજારો અપેક્ષા રાખે છે કે વ્યાજ દરો યથાવત રહેશે, જોકે ચાલુ આર્થિક અનિશ્ચિતતા વચ્ચે ભવિષ્યના રેટ કટ માટેના ફેડરલના દૃષ્ટિકોણ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. આ ઉપરાંત અમેરિકાના અર્થતંત્ર અંગેની ટિપ્પણી મહત્વની બની રહેશે. ■

## ન્યૂ ઇન્ડિયા કો-ઓપ. બૅંક કેસ

# ૧૮ કરોડ લઈ જનાર ભાજપના નેતાના નાના ભાઇ જાવેદ આઝમની ધરપકડ



મુંબઈઃ ન્યૂ ઇન્ડિયા કો-ઓપરેટિવ બૅંકના ૧૨૨ કરોડ રૂપિયાની ઉચાપતના કેસની તપાસ કરનારી મુંબઈ પોલીસની આર્થિક ગુના શાખાએ સોમવારે ભાજપના નેતા હૈદર આઝમના નાના ભાઇ જાવેદ આઝમની ધરપકડ કરી હતી. આ કેસના આરોપી ઉન્નનાથન અરુણાચલમે જાવેદને વ્યવસાય માટે ૧૮ કરોડ રૂપિયા આપ્યા હતા, એવું તપાસમાં જણાયું હતું. કાંદિવલીના રહેવાસી અને ઇલેક્ટ્રિકલ ડીલર જાવેદ આઝમને મંગળવારે અદાલતમાં હાજર કરવામાં આવ્યો હતો, જ્યાં તેને ૨૪ માર્ચ સુધીની પોલીસ કસ્ટડી ફટકારાઇ હતી. જાવેદની ધરપકડ સાથે હવે આ કેસમાં પકડાયેલા આરોપીઓની સંખ્યા સાત પર પહોંચી છે. આ કેસમાં મહિનાથી ફરાર અરુણાચલમ રવિવારે આર્થિક ગુના શાખાને શરણે થયો હતો અને તેની બાદમાં ધરપકડ કરાઇ હતી.

ઉન્નનાથનની પૂછપરછમાં જાવેદ આઝમનું નામ સામે આવ્યું હતું, જે તેના સંપર્કમાં હતો.

તપાસમાં જણાયું હતું કે ઉન્નનાથન અને તેના પુત્ર મનોહર બૅન્કના ૩૩ કરોડ રૂપિયાની ઉચાપત કરી હતી. દરમિયાન આ કેસના મુખ્ય આરોપી હિતેશ મહેતા પર ૧૧ માર્ચના રોજ પોલીગ્રાફ ટેસ્ટ કરવામાં આવી હતી, જેનો રિપોર્ટ પોલીસને મળ્યો હતો. હિતેશ મહેતા પૂછપરછ દરમિયાન પૈસાના વ્યવહારો અંગે પોતાનાં નિવેદનો બદલતો રહ્યો હતો અને તે તપાસમાં સહકાર પણ આપતો નહોતો. આથી ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીના નિષ્ણાતો દ્વારા મહેતા પર આ ટેસ્ટ કરાવાઇ હતી અને મહેતા ખોટું બોલ્યો હોવાની આ ટેસ્ટ પરથી પુષ્ટિ થઇ હતી. પોલીસ સૂત્રોએ કહ્યું હતું કે મહેતા પર પોલીગ્રાફ ટેસ્ટથી એવી કોઇ માહિતી મળી નથી જે તપાસને નવી દિશા આપે. ■

## અમારી વ્યથા આરબીઆઇ સમજે...

### બૅંકના ડિપોઝિટરોએ કરી અરજીઃ બૅંકને ફરી ધમધમતી કરવાની અરજ

થાણેઃ ન્યૂ ઇન્ડિયા કો-ઓપરેટિવ બૅંકના ૧૨૨ કરોડ રૂપિયાની ઉચાપત સામે આવ્યા બાદ તેના ડિપોઝિટર્સનું પ્રતિનિધિત્વ કરતી એક સંસ્થાએ રિઝર્વ બૅન્ક ઓફ ઇન્ડિયાને અરજી કરી છે, જેમાં તેમની નાણાકીય મુશ્કેલીઓને અંત લાવવા માટે બૅંકને ફરી ધમધમતી કરવા માટે ત્વરિત પગલાં લેવાની માગણી કરવામાં આવી છે. એ અરજીમાં સંસ્થાએ જણાવ્યું છે કે તેમને શંકા છે કે જાહેર ન કરાયેલ નોન-પર્ફોર્મિંગ અસેટ્સ (એનપીએ) અથવા વધારાની છેતરપિંડી જેવી નાણાકીય ગેરરીતિ કટોકટીમાં વધારો કરી શકે છે. અત્રે ઉલ્લેખનીય છે કે ન્યૂ ઇન્ડિયા કો-ઓપ. બૅંકની પ્રભાદેવી અને ગોરેગામ બ્રાન્ચમાંથી ૧૨૨ કરોડ રૂપિયાની ઉચાપત કરવામાં આવી હતી. આ કેસમાં આર્થિક ગુના શાખાએ બૅંકના ભૂતપૂર્વ જનરલ મેનેજર હિતેશ મહેતાની ૧૫ ફેબ્રુઆરીએ ધરપકડ કરી હતી.

બૅંકની પ્રભાદેવી અને ગોરેગામ બ્રાન્ચની સેફમાં રોકડ નોંધપાત્ર રીતે ઓછી થઇ હોવાનું આંતરિક ઓડિટમાં બહાર આવ્યા બાદ તપાસ શરૂ કરાઇ હતી. અસરગ્રસ્ત નાગરિકો અને કો-ઓપરેટિવ સોસાયટીઓનો સમાવેશ ધરાવતા ન્યૂ ઇન્ડિયા કો-ઓપરેટિવ બૅંક ડિપોઝિટર્સ ફાઉન્ડેશન દ્વારા આરબીઆઇના ગર્વનર સંજય મલ્હોત્રાને વિધિસર રીતે વિવિધ માગણીઓ સાથેનું આવેદનપત્ર સુપરત કર્યું છે, જેમાં તેમની નાણાકીય મુશ્કેલીઓ દૂર કરવા અને બૅંકને ફરી ધમધમતી કરવા માટે તાત્કાલિક સુધારણા પગલાં લેવાની વિનંતી કરવામાં આવી છે. (પીટીઆઇ) ■

# કાલબાદેવીમાં ગે સંબંધ બાંધતી વખતે પ્રૌઢ બેભાન, પછી થયું મોત

## પાર્ટનરને હૉસ્પિટલ લઈ જવાને બદલે પલાયન થયેલો યુવક પકડાયો

મુંબઈઃ દક્ષિણ મુંબઈના કાલબાદેવી વિસ્તારમાં સમલૈંગિક સંબંધ બાંધતી વખતે બેભાન થઇ ગયેલા પંચાવન વર્ષના પ્રૌઢનું મૃત્યુ થયું હતું. બેભાન પાર્ટનરને સારવારાર્થે હોસ્પિટલમાં લઇ જવાને બદલે તેને મરવાની હાલતમાં છોડી તેનો મોબાઇલ લઇ પલાયન થયેલા ૩૪ વર્ષના યુવક વિરુદ્ધ એલ.ટી. માર્ગ પોલીસે ગુનો દાખલ કરીને તેની ધરપકડ કરી હતી. એલ.ટી. માર્ગ પોલીસ સ્ટેશનના સિનિયર ઇન્સ્પેક્ટર નીતિન તડાખેએ જણાવ્યું હતું કે આ કેસમાં અમિત દિવેકરની ધરપકડ કરવામાં આવી હતી. દિવેકરને કોર્ટમાં હાજર કરવામાં આવતાં તેને ૨૧ માર્ચ સુધીની પોલીસ કસ્ટડી ફટકારાઇ હતી. કાલબાદેવી વિસ્તારમાં રહેનારા પ્રૌઢનો મૃતદેહ ૧૬ ફેબ્રુઆરીએ ઘરમાંથી મળ્યો હતો. ઘરમાંથી તીવ્ર દુર્ગંધ આવી રહી હોવાની જાણ પ્રૌઢના પિતરાઇએ પોલીસને કરી હતી. મૃતદેહને જી. ટી. હોસ્પિટલમાં મોકલ્યા બાદ પોલીસે આ પ્રકરણે એડીઆર દાખલ કર્યો હતો. તપાસમાં જાણવા મળ્યું હતું કે પ્રૌઢ અને આરોપી વચ્ચે ઘણાં વર્ષોથી સમલૈંગિક સંબંધ હતા. ૧૪ ફેબ્રુઆરીએ પણ બંને વચ્ચે સંબંધ બંધાયા હતા. એ સમયે પ્રૌઢ બેભાન થઇ ગયો હતો. આરોપી ત્યારે ડરી ગયો હતો અને પ્રૌઢને બેભાન હાલતમાં છોડી તેનો મોબાઇલ લઇ પલાયન થઇ ગયો હતો. પોલીસનું કહેવું છે કે જો પ્રૌઢને સમયસર તબીબી મદદ મળી હોત તો તેનો જીવ બચી ગયો હોત. આ બેદરકારી બદલ આરોપી વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. આરોપી અગાઉ કાલબાદેવીમાં રહેતો હતો, પણ હાલ બોરીવલીમાં રહે છે. ■

# ડૉગી પરથી થયેલો વિવાદ હિંસામાં ફેરવાયોઃ પડોશી ગંભીર જખમી

થાણેઃ ડૉગીના કરડવાથી થયેલી ઉગ્ર બોલાચાલી હિંસક હુમલામાં પરિણમી હોવાની ઘટના થાણેના કાપૂરબાવડી વિસ્તારમાં બની હતી. ગુસ્સામાં શ્વાનના માલિકે પડોશીને ક્રિકેટ બૅટથી ફટકારતાં તે ગંભીર રીતે ઘવાયો હતો.

કાપૂરબાવડી પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે ૧૪ માર્ચે પાળેલો શ્વાન પડોશના ૪૫ વર્ષના ફરિયાદીને કરડ્યો હતો. આ બાબતે ફરિયાદીએ શ્વાનના માલિકને ચેતવણી આપી હતી. ડૉગીને કન્ટ્રોલમાં રાખવાનું તેણે કહેતાં શ્વાનનો માલિક વીફર્યો હતો.

ફરિયાદી અને શ્વાનના માલિક વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. રોષમાં આવી આરોપીએ બૅટથી ફરિયાદી પર હુમલો કર્યો હતો. ગંભીર રીતે ઘવાયેલા ફરિયાદીને સારવાર માટે હૉસ્પિટલમાં દાખલ કરાયો હતો.

ફરિયાદીએ આ પ્રકરણે પોલીસનો સંપર્ક સાધતાં ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૧૮(૧) હેઠળ એફઆઈઆર નોંધવામાં આવ્યો હતો. આ પ્રકરણે વધુ તપાસ ચાલી રહી છે, એમ અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઈ) ■

# અનધિકૃત મસ્જિદ તોડવામાં નિષ્ફળ થાણે પાલિકાને હાઇ કોર્ટે બરાબર ફટકારી

મુંબઈઃ કાયદાનું ઉલ્લંઘન કોઈ કાળે ચલાવી નહીં લેવાય એ વાત કાયદાનો અમલ કરનારાઓએ નાગરિકોના મનમાં ઠસાવી દેવી જરૂરી છે કે એમ બોમ્બે હાઇકોર્ટે અનધિકૃત મસ્જિદ તોડી પાડવામાં નિષ્ફળ જવા બદલ થાણે મહાનગરપાલિકાની ઝાટકણી કાઢી જણાવ્યું છે.

ન્યાયમૂર્તિ એ. એસ. ગડકરી અને ન્યાયમૂર્તિ કમલ ખટાની ખંડપીઠે ૧૦ માર્ચે થાણા મહાનગરપાલિકાને રમઝાનનો પવિત્ર મહિનો પૂરો થયા પછી બે અઠવાડિયાની અંદર ગેરકાયદે માળખાને તોડી પાડવા અને ૧૪ એપ્રિલ સુધીમાં પ્રક્રિયા પૂર્ણ કરવા નિર્દેશ આપ્યો હતો. ટોળાંના ઉગ્ર વિરોધને કારણે તોડકામની કામગીરી પૂર્ણ થઈ શકી ન હોવાની મહાનગરપાલિકાની દલીલ સ્વીકારવાનો અદાલતે ઇનકાર કર્યો હતો.

હાઇ કોર્ટે જણાવ્યું હતું કે લોકશાહી શાસનમાં કોઈ વ્યક્તિ / વ્યક્તિના જૂથ અથવા સંગઠનને તે દેશના કાયદાનું પાલન કરશે નહીં અને કોઈ પણ આધાર પર તેનો વિરોધ કરશે એમ કહેવાની મંજૂરી પણ નથી આપી શકાતી. જનતા દેશના કાયદાનું પાલન કરે એ કાયદાનો અમલ કરાવનારાઓની ફરજ છે.

ખંડપીઠે ઉમેર્યું હતું કે કાયદાનું ઉલ્લંઘન અને/અથવા રાજ્ય દ્વારા કાયદાનો અમલ કરવા સામેનો વિરોધ કોઈ કાળે ચલાવી લેવામાં નહીં આવે એ બાબત કાયદાનો અમલ કરનારાઓએ નાગરિકોના મનમાં ઠસાવી દેવી જરૂરી છે.

હાઇ કોર્ટે આ આદેશ એક પ્રાઈવેટ હાઉસિંગ કંપની ન્યૂ શ્રી સ્વામી સમર્થ બોરિવડે દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર આપ્યો હતો. અરજીમાં દાવો કરવામાં આવ્યો હતો કે થાણે જિલ્લામાં તેની માલિકીની જમીન પર ગેરકાયદે અને અનધિકૃત રીતે એક મસ્જિદ અને પ્રાર્થના હોલ બનાવવામાં આવ્યા હતા. (પીટીઆઈ) ■

## જમશેદી નવરોઝે "મારી પછી કોણ" નાટકની વિશેષ પ્રસ્તુતિ



જમશેદી નવરોઝના પુનિત, પાવન, પવિત્ર પર્વ નિમિત્તે શુક્રવાર, ૨૧મી માર્ચે ગોવાલિયા ટેન્કના તેજપાલ ઑડિટોરિયમમાં સાંજે ૭.૩૦ વાગ્યે યુનિવર્સલ થિયેટર્સ અને ફ્રોહર ફાઉન્ડેશનની પ્રસ્તુતિમાં સુપરહિટ પારસી/ગુજરાતી કોમેડી નાટક "મારી પછી કોણ" ભજવાશે. અદી મર્ઝબાન લિખિત અને નાટ્યકર્મી સાયરસ દસ્તૂર દિગ્દર્શિત આ નાટક છે. ■

# કોકાટેની સજા પર સ્ટેના આદેશ પર દખલની હાઇ કોર્ટની ના

મુંબઈઃ મહારાષ્ટ્રના કૃષિ પ્રધાન માણિકરાવ કોકાટેને ૧૯૯૫ના છેતરપિંડી અને બનાવટી દસ્તાવેજ બનાવવાના કેસમાં દોષી ઠરાવવા પર સ્ટે મૂકવાના નાશિક સેશન્સ કોર્ટના નિર્ણયમાં દખલ કરવાનો બોમ્બે હાઇ કોર્ટે મંગળવારે ઇનકાર કર્યો હતો.

માણિકરાવ અને તેમના ભાઇ સુનીલ કોકાટે સામે ભૂતપૂર્વ પ્રધાન સ્વ. તુકારામ દિઘોલેએ ફરિયાદ નોંધાવી હતી. દિઘોલેનાં પુત્રી અંજલી રાઠોડે નાશિક સેશન્સ કોર્ટના કોકાટે બંધુઓને દોષી ઠરાવવા સામે મૂકેલા સ્ટે સામે હાઇ કોર્ટમાં ધા નાખી હતી. આ કેસની સુનાવણી હાઇ કોર્ટની સિંગલ બેન્ચ સમક્ષ આવી હતી ત્યારે કોર્ટે તેમાં દખલગીરી કરવાનો ઇનકાર કર્યો હતો. કોકાટેના વકીલે દલીલ કરી હતી કે આ અરજી સ્વીકાર્ય નથી, કારણ કે અંજલી રાઠોડ મૂળ ફરિયાદી નથી. તેથી તેમને કોઇ અધિકાર રહેતો નથી.

તેમ છતાં હાઇ કોર્ટે કોકાટે બંધુઓને આ અરજી પર જવાબ આપવા નોટિસ ફટકારીને સુનાવણી ૨૧મી એપ્રિલ સુધી મુલતવી રાખી હતી અને કહ્યું હતું કે આ તબક્કે સેશન્સ કોર્ટના આદેશમાં કોર્ટ દ્વારા દખલગીરી નહીં કરવામાં આવે. ■

# માથેરાનમાં જડબેસલાક બંધ

અલીબાગઃ માથેરાનની મુલાકાતે આવતા પ્રવાસીઓ સાથે વધતી જતી છેતરપિંડીનો અંત લાવવાની માંગણી સાથે ગઇ કાલથી માથેરાનમાં અનિશ્ચિતકાળ માટે બંધનું એલાન આપવામાં આવ્યું હતું. માથેરાન પ્રવાસન બચાવ સંઘર્ષ સમિતિ દ્વારા કરવામાં આવેલી આ અપીલનો માથેરાનના લોકોએ ઉત્સાહપૂર્વક પ્રતિસાદ આપ્યો.

માથેરાન આવતા પ્રવાસીઓને ઘોડેસવારો, કુલીઓ અને દસ્તૂરી નાકા પર ભીડમાં ઉભા રહેલા એજન્ટો દ્વારા ગેરમાર્ગે દોરવામાં આવે છે. તેમ જ તેમને ખોટી માહિતી આપીને છેતરવામાં આવી રહ્યા હોવાનું બહાર આવ્યું. આથી માથેરાન પ્રવાસન બચાવ સંઘર્ષ સમિતિએ પ્રવાસીઓ સામે થતી છેતરપિંડી અટકાવવા માથેરાનના વહીવટકર્તાઓને લેખિત નિવેદન સુપરત કરીને માંગ કરી હતી.

જોકે, વહીવટીતંત્રે આ માગણીઓ પર ધ્યાન આપ્યું ન હતું. તેથી, માથેરાન પ્રવાસન બચાવ સંઘર્ષ સમિતિએ મંગળવારથી માથેરાનમાં અનિશ્ચિત સમય માટે બંધનું એલાન કર્યુ હતું.

માથેરાન બિઝનેસ એસોસિએશન, હોટેલ એસોસિએશન, રાજકીય પક્ષો, ઇ-રિક્ષા એસોસિએશન અને વિવિધ સામાજિક સંગઠનોએ બંધને ટેકો આપી માર્કેટ, હોટલો, હાથ રિક્ષાઓ અને ઇ-રિક્ષાઓ બંધ રાખી હતી.

બંધને પગલે માથેરાનમાં પોલીસ બંદોબસ્ત વધારવામાં આવ્યો હતો. ભૂતપૂર્વ મેયર અજય સાવંતે જણાવ્યું કે "માથેરાન એક વિખ્યાત પર્યટન સ્થળ બની ગયું છે. આવી છેતરપિંડીભરી પ્રથાઓને કારણે માથેરાન બદનામ થઈ રહ્યું છે. ભવિષ્યમાં માથેરાનને આના દૂરગામી પરિણામો ભોગવવા પડી શકે છે. તેથી, આ પ્રકારની વસ્તુ બંધ કરવી જરૂરી છે." ■

# મુંબઈમાં અનધિકૃત બાંધકામોની તપાસ નિવૃત્ત ન્યાયાધીશ કરશેઃ ઉદ્યોગ પ્રધાન ઉદય સામંત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (બીએમસી)ના વિસ્તારમાં અનધિકૃત બાંધકામોની તપાસ માટે ભૂતપૂર્વ ન્યાયાધીશના નેતૃત્વમાં એક સમિતિની રચના કરવામાં આવશે. 'આ સમિતિના અહેવાલને આધારે, દોષી સરકારી અધિકારીઓ સામે તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવશે,' એમ ઉદ્યોગ પ્રધાન ઉદય સામંતે મંગળવારે વિધાન પરિષદમાં જણાવ્યું હતું. મુંબઈમાં અનધિકૃત બાંધકામ અંગે વિધાન પરિષદના સભ્યો સચિન આહિર, એડવોકેટ અનિલ પરબ, ભાઈ જગતાપ, પ્રવીણ દરેકર, સુનિલ શિંદેએ ધ્યાનાકર્ષક ઠરાવ માંડ્યો હતો.

સામંતે જણાવ્યું હતું કે, હાલમાં આઠ વોર્ડમાં ૭,૯૫૧ અનધિકૃત બાંધકામો છે, જેમાંથી ૧,૨૧૧ બાંધકામો હટાવી દેવામાં આવ્યા છે. આ ઉપરાંત ૨,૦૧૫ બાંધકામ પ્રોજેક્ટ્સ સંબંધિત કેસ અદાલતોમાં ચાલી રહ્યા છે. તેમણે એમ પણ કહ્યું કે સરકાર અનધિકૃત બાંધકામોના મુદ્દા પર ગંભીરતાથી વિચાર કરી રહી છે.

# પુણે રેપ કેસના આરોપીના વકીલનું અપહરણ કરાયું

પુણેઃ પુણેના સ્વારગેટ સ્ટેશન પર શિવશાહી બસમાં એક યુવતી પર થયેલા બળાત્કાર કેસમાં આરોપીના વકીલનું અપહરણ કરવામાં આવ્યું છે. દિવે ઘાટ પર તેમનું અપહરણ કરીને નિર્દયતાથી માર મારવામાં આવ્યો હોવાની માહિતી પણ સામે આવી છે. માર માર્યા બાદ આરોપી ભાગી ગયો હતો. પોલીસ આરોપીઓની શોધ કરી રહી છે. ૨૬ ફેબ્રુઆરીના રોજ પુણેના સ્વારગેટ બસ ડેપોમાં શિવશાહી બસમાં એક યુવતી પર બળાત્કાર થયો હતો. યુવતી પુણેના સ્વારગેટથી ફલટણ જઈ રહી હતી. યુવતીને એકલી બેઠેલી જોઈને, આરોપીએ તેની સાથે વાતચીત કરી, તેને શિવશાહી બસમાં લઈ ગયો અને તેના પર બળાત્કાર ગુજાર્યો. બળાત્કાર બાદ, આરોપી દત્તા ગાડે ફરાર થઈ ગયો હતો. પુણે પોલીસે ૭૫ કલાક પછી ગુનાટ ગામમાંથી આરોપી દત્તા ગાડેની ધરપકડ કરી હતી. ૧૭ માર્ચે આરોપીના વકીલ સાહિલ ડોંગરેનું હડપસરથી અપહરણ કરી દિવે ઘાટ લઈ જવામાં આવ્યો હતો, જ્યાં તેને નિર્દયતાથી માર મારી છોડી દેવામાં આવ્યો હતો. ડોંગરેએ ઘાયલ અવસ્થામાં હડપસર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ■

# છ વર્ષની બાળકીની જાતીય સતામણી કરનારા નરાધમને વીસ વર્ષની કેદ

થાણેઃ થાણે જિલ્લાની વિશેષ અદાલતે છ વર્ષની બાળકીની જાતીય સતામણી કરવા માટે આરોપીને વીસ વર્ષની ગંભીર જેલની સજા ફટકારી હતી.

પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સીસ (પોક્સો) એક્ટ સહિત વિવિધ કાયદાની જોગવાઇઓ હેઠળ કોર્ટ દ્વારા ભાયંદરમાં રહેતા ૩૮ વર્ષીય આરોપીને સજા ફટકારવામાં આવી હતી. આ ચુકાદો કોર્ટ દ્વારા ગયા અઠવાડિયે આપવામાં આવ્યો હતો જેની નકલ મંગળવારે ઉપલબ્ધ થઇ હતી.

સરકારી વકીલ રેખા હીવરાલેએ જણાવ્યું હતું કે આ ઘટના ભાયંદરમાં ૧૧મી ફેબ્રુઆરી, ૨૦૨૧ના બની હતી. બાળકીની માતા કામેથી ઘરે આવ્યા બાદ તેને બાળકી ન મળતા પાડોશીઓને પૂછ્યું હતું.

બાળકી આરોપી સાથે ગઇ હોવાનું જાણ થતા તેની માતા આરોપીના ઘરે ગઇ હતી. તેના ઘરે બાળકીના હાથમાં ૧૦-૧૦ રૂપિયાની બે નોટ હતી. ત્યાર બાદ બાળકીએ તેની માતાને બધી વાત કહી કે આરોપીએ તેના વસ્ત્રો કાઢીને અયોગ્ય રીતે સ્પર્શ કર્યો હતો.

પીડિતાની માતાએ પોલીસ ફરિયાદ નોંધાવતા બીજા દિવસે આરોપીની ધરપકડ કરાઇ હતી.

કોર્ટે તેના આદેશમાં કહ્યું હતું કે બાળકની જાતીય સતામણી એ ગંભીર બાબત છે અને તેની સામે કડક કાર્યવાહી જ થવી જોઇએ. કોર્ટે આરોપીની રાહતની અરજી પણ સ્વીકારી હતી જેમાં તેને કહ્યું હતું કે તે ૨૦૨૧થી જેલમાં છે અને તેનો પરિવાર તેના પર નિર્ભર છે.

આરોપીનું કહેવું છે કે તે ૩૮ વર્ષનો છે અને છેલ્લા ચાર વર્ષથી જેલમાં છે. તેનો પરિવાર તેના પર જ નિર્ભર છે. તેના ઘરે વૃદ્ધ માતાપિતા, પત્ની અને બાળકો છે. આ બધી બાબતોને ધ્યાનમાં રાખીને સજા સંભળાવવામાં આવે છે, એમ કોર્ટે કહ્યું હતું. ■

# ભાભીની હત્યા કરી ભત્રીજાનું અપહરણ કરવાના કેસમાં આરોપી ૨૩ વર્ષે પકડાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વિરારમાં ગળું ચીરીને ભાભીની હત્યા કર્યા બાદ ભત્રીજાનું કથિત અપહરણ કરવાના કેસમાં ૨૩ વર્ષથી ફરાર આરોપી આખરે ડોમ્બિવલીમાં પકડાયો હતો. મીરા-ભાયંદર વસઈ-વિરાર પોલીસની ક્રાઈમ બ્રાન્ચ યુનિટ-૩ના ઇન્ચાર્જ અવિરાજ કુરાડેની ટીમે પકડી પાડેલા આરોપીની ઓળખ મોહમ્મદ તબરેઝ મોહમ્મદ ઈદ્રિસ અન્સારી (૫૨) તરીકે થઈ હતી. ખોટી ઓળખ ઊભી કરીને અન્સારી બે દાયકાથી ડોમ્બિવલીમાં રહેતો હતો. પોલીસના જણાવ્યા મુજબ ઘટના છઠ્ઠી જૂન, ૨૦૦૨ના રોજ વિરારમાં બની હતી. અન્સારીના ભાઈની પહેલી પત્ની શબાના પરવીન (૩૦)ની તીક્ષ્ણ હથિયારથી ગળું ચીરી કરપીણ હત્યા કરવામાં આવી હતી. હત્યા બાદ શબાનાના પાંચ મહિનાના દીકરાનું અપહણ પણ કરવામાં આવ્યું હતું. ■

# રોડ ટનલ પ્રોજેક્ટના કૉન્ટ્રેક્ટ સામેની જાહેર હિતની અરજી કોર્ટે ફગાવી

મુંબઈઃ બોમ્બે હાઈ કોર્ટે મંગળવારે મુંબઈ અને થાણા વચ્ચેના રોડ ટનલ પ્રોજેક્ટ માટે આપવામાં આવેલા કરાર વિરુદ્ધ એક પત્રકાર દ્વારા દાખલ કરવામાં આવેલી પીઆઈએલ (જાહેર હિતની અરજી)ને ફગાવી દઈ નોંધ્યું હતું કે અરજદારની ઈમેજ સ્વચ્છ નહોતી અને તેણે અદાલત વિરુદ્ધ 'નિંદાકારક' ટિપ્પણી કરી હતી. પત્રકાર વી. રવિ પ્રકાશ દ્વારા દાખલ કરવામાં આવેલી જાહેર હિતની અરજી (પીઆઈએલ)માં મેઘા એન્જિનિયરિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ (એમઈઆઈએલ) દ્વારા રજૂ કરવામાં આવેલી બેંક ગેરંટીમાં છેતરપિંડીનો આરોપ મૂકવામાં આવ્યો હતો. મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી (એમએમઆરડીએ) દ્વારા આ આરોપ સ્વીકારવામાં આવ્યો હતો. ■

# થાણે શહેરમાં દસ દિવસથી કચરો ઉપાડવાનું સાવ બંધ

થાણેઃ થાણે શહેરમાં મહાનગરપાલિકાએ ડમ્પિંગ સાઇટ્સ (કચરો ઠાલવવાની જગ્યા) પર તાજેતરમાં લાગેલી આગને કારણે કચરો ઠાલવવાની કામગીરી અટકાવી દીધી હોવાની જાણકારી અધિકારીએ મંગળવારે આપી હતી. કચરાથી લદાયેલી ટ્રકો અટવાયેલી હોવાથી કચરો નથી ઉપાડાયો. કોંગ્રેસે મંગળવારે શહેરમાં વેસ્ટ મેનેજમેન્ટ સંકટ માટે સત્તાધારી શિવસેના-ભાજપ પ્રશાસનને જવાબદાર ઠેરવ્યું હતું. કોંગ્રેસના પ્રમુખ વિક્રાંત ચવ્હાણે દાવો કર્યો હતો કે રાજકીય ઇચ્છાશક્તિનો અભાવ, નાણાકીય ગેરરીતિ અને નબળા આયોજનને કારણે સીપી તળાવ ટ્રાન્સફર યાર્ડમાં કચરાના નિકાલની કામગીરી અટકી પડી છે. ■























**શ્રી નાનબાઈ સતીમા મિત્ર મંડળ ટ્રસ્ટ - બારા**

**જનરલ મિટીંગ**

આપણા મંડળની જનરલ મિટીંગ રવિવાર, તા. ૩૦.૦૩.૨૦૨૫ના બપોરે ૩.૦૦ કલાકે ગોપુરમ એ.સી. હોલ, પુરસોત્તમ ખેરાજ એસ્ટેટ, ડૉ. આર.પી. રોડ, જ્ઞાન સરિતા સ્કુલની બાજુમાં, મુલુંડ (વે.), મુંબઈ મધ્યે રાખવામાં આવેલ છે. જેમાં મુંબઈ-જામનગર-વાપી-વલસાડ તથા કચ્છના સર્વે ભાઈઓને હાજરી આપવા વિનંતી. મિટીંગની કાર્યવાહી સમયસર શરૂ થશે.

**એજેન્ડા :** ❑ ગત મિનિટ્સનું વાંચન ❑ હિસાબ કિતાબ ❑ શ્રી નાનબાઈ સતીમા મંદિર પરિસરમાં જગતજનની મા આશાપુરા મંદિરનું નવનિર્માણ તેમજ ગુરૂ શ્રી ઓધવરામ - શ્રી વાલરામના મંદિર બાબતે, શ્રી નાનબાઈ સતીમા મંદિર નવનિર્માણના બારા ગામના દાતાશ્રીઓ તેમજ ગામના દરેક પરિવારને મોમેન્ટોનું વિતરણ ❑ અન્ય રજુઆત પ્રમુખશ્રી દ્વારા

**(વિચારું સૌ સાથે કરીશું)** લી. મંત્રીઓ

Parth Media

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# સંસ્થા સમાચાર

## પ.પૂ. મુનિરાજ શ્રી વિશ્વાનંદવિજયજી મ.સા.ની આદિ થાણા-ની શ્રીકલ્યાણકારી રાજસ્થાન જૈન સંઘ આરાધના ભવનમાં સ્થિરતા

શ્રી પ્રેમ-ભુવન-જયઘોષ સમુદાયના પ.પૂ. ગચ્છાધિપતિ આચાર્ય ભગવંત શ્રી રાજેન્દ્રસૂરીશ્વરજી મહારાજા સાહેબની આજ્ઞામાં જિનશાસનમાં અનેક ધાર્મિક કાર્યોના પ્રેરક-માર્ગદર્શક, પચાસ ચાતુર્માસની સફળ યાત્રા કરનારા પ.પૂ. વડીલ મુનિરાજ શ્રી વિશ્વાનંદવિજયજી મ.સા. અને પૂ. મુનિરાજજી શ્રી હેમકીર્તિ વિજયજી મ.સા. અને પ.પૂ. મુનિરાજજી પ્રિતયશવિજયજી મ.સા. આદિ થાણા-થાણા (પ.) શ્રી મુનિસુવ્રતસ્વામી નવપદ જિનાલયથી વિહાર કરતા કલ્યાણ (પ.)માં શ્રી પદ્માવતી જૈન સોસાયટીમાં પ.પૂ.આ. દેવ શ્રી જિનેન્દ્રવિજયજી આદિ થાણાની નિશ્રામાં પાંચ દિવસનો મહોત્સવ-સ્વદ્રવ્યથી નિર્માણ કરનારા શ્રી હીરાચંદજી ભગવાનજી ફોલ્લામુથા (આહોરવાળા)એ શ્રી કલ્યાણકારી રાજસ્થાન જૈન સંઘને સુપરત કરી, જેની પચીસમી વર્ષગાંઠ ઉજવવામાં આવી. સંઘના આરાધના ભવનમાં મુનિરાજ શ્રી વિશ્વાનંદવિજયજી મ.સા. પચાસ વર્ષની ચાતુર્માસ દરમ્યાન અનુભવોની ગાથા વ્યાખ્યાનમાં આપે છે.

# મુંબઈમાં હિટવેવની ચેતવણી

મુંબઈ: છેલ્લા થોડા દિવસથી મુંબઈ અને પુણેમાં તાપમાનમાં સતત વધારો થઈ રહ્યો છે. આગામી દિવસોમાં તાપમાન ઊંચું રહેવાની ધારણા છે. આગાહી મુજબ, હવામાનની પેટર્ન સ્થિર રહેશે, અને અઠવાડિયા દરમિયાન ગરમીમાં વધારો થશે. ૧૯ માર્ચે મુંબઈમાં તાપમાન ૨૨થી ૩૪ ડિગ્રી સેલ્સિયસની વચ્ચે રહેશે. સાંજના સમયે પણ હવામાન ગરમ રહેશે. બીજા દિવસે એટલે કે ૨૦ માર્ચે પણ તાપમાન ૨૩ થી ૩૪ ડિગ્રી સેલ્સિયસની વચ્ચે રહેશે. ૨૧ માર્ચે પણ તાપમાન ૨૨થી ૩૩ ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહેવાની ધારણા છે, જે બીજો ગરમ દિવસ હશે. ૨૨ અને ૨૩ માર્ચે પણ તાપમાન ૨૩થી ૩૩ ડિગ્રી સેલ્સિયસની વચ્ચે રહેશે.

# રાજ્ય સરકાર પેરોલ પર છૂટેલા વિદેશી ડ્રગ પેડલરનું ઈલેક્ટ્રોનિક ટ્રેકિંગ કરશે: ફડણવીસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે મંગળવારે રાજ્ય વિધાનસભામાં એવી માહિતી આપી હતી કે રાજ્ય સરકાર નાર્કોટિક્સના કેસમાં પેરોલ પર બહાર આવેલા વિદેશી નાગરિકોનું ઈલેક્ટ્રોનિક ગેજેટના માધ્યમથી ટ્રેકિંગ કરવાની વિચારણા કરી રહી છે.

રાજ્યમાં ડ્રગ્સનું દૂષણ વધી રહ્યું હોવાની કબૂલાત કરતાં મુખ્ય પ્રધાને કહ્યું હતું કે નાઈજિરિયન નાગરિકો પહેલાં ડ્રગ્સ વેચાણ કરતા હતા, પરંતુ હવે ડાર્કનેટ અને ઈન્સ્ટાગ્રામનો ઉપયોગ મેસેજના માધ્યમથી ડ્રગ્સના ઓર્ડર આપવા માટે કરવામાં આવી રહ્યો છે અને કુરિયરના માધ્યમથી ડિલિવરી કરવામાં આવી રહી છે.

તેમણે કહ્યું હતું કે કુરિયર કંપનીઓની કચેરીમાં તપાસ કરવામાં આવી છે અને તેમને ચેતવણી આપવામાં આવી છે કે જો તેમના માધ્યમથી ડ્રગ્સની હેરાફેરી થઈ હોવાનું જણાશે તો તેમને જવાબદાર ઠેરવવામાં આવશે. ફડણવીસે કહ્યું હતું કે સરકાર નાઈજિરિયનો અને અન્ય દેશનું નાગરિકત્વ ધરાવતા લોકોનું સરકાર ટ્રેકિંગ કરી રહી છે. જોકે, જ્યાં સુધી તેમની સામેના કેસનું નિરાકરણ ન થાય ત્યાં સુધી તેમનું પ્રત્યાર્પણ કરી શકાતું નથી. પુણેમાં સાત પોલીસ કર્મચારીને સસ્પેન્ડ કરવામાં આવ્યા હોવાની માહિતી તેમણે ગૃહને આપી હતી અને ડ્રગ્સના મામલે રાજ્ય સરકારની નીતિ ઝીરો ટોલરન્સની હોવાનો પુનરોચ્ચાર કર્યો હતો.

# ઔરંગઝેબની કબર તોડનારને ઈનામ આપીશું: શિવસેના

મુંબઈ: શિવસેનાના કાર્યકરોએ મંગળવારે ઉત્તર પ્રદેશના મુઝફ્ફરનગરમાં એક પ્રદર્શન કર્યું હતું. પ્રદર્શનમાં મોગલ સમ્રાટ ઔરંગઝેબની કબર તોડનાર કોઇ પણ વ્યક્તિને પાંચ વિઘા ખેતીની જમીનનું ઈનામ આપવાની જાહેરાત કરવામાં આવી હતી, એવી માહિતી જિલ્લાપ્રમુખ બિટ્ટુ શીખેડાએ જણાવ્યું હતું. ઔરંગઝેબ સાથે સંકળાયેલાં ઐતિહાસિક સ્થળોને દેશમાંથી દૂર કરવા જોઇએ અને એવો આરોપ પણ લગાવ્યો હતો કે મોગલ શાસકે હિન્દુઓ પર ત્રાસ ગુજાર્યો હતો. ઔરંગઝેબના નામ પર રાખવામાં આવેલા તમામ સ્થળોને દૂર કરતું એક મેમોરેન્ડમ પણ વડા પ્રધાનને મોકલવામાં આવ્યું હતું.

ઔરંગઝેબ મામલે નાગપુરમાં સોમવારે રાતે જ હિંસા થઈ હતી એમાં આ ઇનામની જાહેરાતથી તાણ વધશે.

# સક્ષમ અને દિવ્યાંગ એમ બેઉ રીતે પૂજા ખેડકર પરીક્ષા ન આપી શકે: સુપ્રીમ કોર્ટ

મુંબઈ: સુપ્રીમ કોર્ટે ગઇ કાલે ભૂતપૂર્વ આઇએએસ પ્રોબેશનર પૂજા ખેડકરને જણાવ્યું હતું કે તે પરીક્ષા પાસ કરવા માટે સક્ષમ ઉમેદવાર અને દિવ્યાંગ ઉમેદવાર તરીકે અલગ-અલગ પ્રયાસોનો લાભ લઈ શકે નહીં. પૂજા ખેડકર પર સિવિલ સર્વિસીસ પરીક્ષામાં છેતરપિંડી અને ખોટી રીતે ઓબીસી અને અપંગતા ક્વોટાના લાભો મેળવવાનો આરોપ છે. ખેડકરના વકીલે દિલ્હી સરકારના સોગંદનામાનો જવાબ દાખલ કરવા માટે સમય માંગ્યા બાદ ન્યાયાધીશ બી.વી. નાગરત્ના અને સતીશ ચંદ્ર શર્માની બેન્ચે તેમની અરજી પર વધુ સુનાવણી ૧૫ એપ્રિલના રોજ મુલતવી રાખી હતી. સુપ્રીમ કોર્ટે ૧૫ જાન્યુઆરીએ ખેડકરને ધરપકડથી મળેલી સુરક્ષાને ૧૫ એપ્રિલ સુધી લંબાવી દીધી હતી. દિલ્હી સરકાર તરફથી હાજર રહેલા એડિશનલ સોલિસિટર જનરલ એસ.વી. રાજુએ જણાવ્યું હતું કે યુપીએસસી ઉમેદવારો માટે નકલી ડિસએબિલિટી સર્ટિફિકેટ તૈયાર કરવાના કથિત કૌભાંડમાં સંડોવાયેલા વચેટિયાઓની ઓળખ મેળવવા માટે ખેડકરની કસ્ટડીમાં પૂછપરછ કરવાની જરૂર છે.એડિશનલ સોલિસિટર જનરલે વધુમાં જણાવ્યું હતું કે ખેડકરને નિયમિત અભ્યાસક્રમમાં યુપીએસસી પરીક્ષા પાસ કરવા માટે નવ પ્રયાસોની મંજૂરી આપવામાં આવી હતી, પરંતુ નકલી દિવ્યાંગ પ્રમાણપત્ર તૈયાર કરીને, તેણે પરીક્ષા માટે વધારાના પ્રયાસો કર્યા.

છેલ્લા પાનાનું ચાલુ

## પોલીસ પર હુમલો

અને આઝાદ મેદાનમાં પણ આ પ્રકારના વિરોધ પ્રદર્શનો યોજાયા ત્યારે પોલીસ કર્મચારીઓ પર હુમલો કરવામાં આવ્યો હતો. આ વખતે અમારો 'દેવા ભાઉ' એવી કાર્યવાહી કરશે કે આ લોકોને પાકિસ્તાનમાં તેમના 'અબ્બા' યાદ આવશે.'

શિવસેના (યુબીટી)ના વિધાનસભ્ય આદિત્ય ઠાકરેની ટિપ્પણીનો જવાબ આપતા નીતેશ રાણેએ કહ્યું હતું કે 'આદિત્ય ઠાકરેને આક્ષેપો કરવાનો કોઈ અધિકાર નથી કારણ કે ઉદ્ધવ ઠાકરેના કાર્યકાળ દરમિયાન પાકિસ્તાનની તરફેણમાં સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા.' આદિત્ય ઠાકરેએ અગાઉ આરોપ કર્યો હતો કે ભાજપ મહારાષ્ટ્રને મણિપુરમાં ફેરવવાનો પ્રયાસ કરી રહ્યો છે. રાણેએ નાગપુરમાં થયેલી હિંસા માટે સમાજવાદી પક્ષના વિધાનસભ્ય અબુ આઝમીને જવાબદાર ગણાવ્યા હતા અને કહ્યું હતું કે આ પૂર્વઆયોજિત હિંસા છે. મુંબઈમાં મીડિયા સાથે વાત કરતા તેમણે કહ્યું કે 'આના માટે અબુ આઝમી જવાબદાર છે. તેમણે આ મુદ્દાની શરૂઆત કરી હતી. સરકારને બદનામ કરવા માટે આ એક પૂર્વઆયોજિત હિંસા હતી. જેમણે અમારા પોલીસ કર્મચારીઓ પર હાથ ઉપાડ્યો છે તેમને અમે છોડીશું નહીં. આ મામલે કડક કાર્યવાહી કરવામાં આવશે.' સમાજવાદી પક્ષના વિધાન સભ્યએ અહેવાલ આપ્યો હતો કે મોગલ જુલમી ઔરંગઝેબ 'ક્રૂર વહીવટકર્તા' ન હતો અને તેણે ''ઘણાં મંદિરો બનાવ્યાં હતાં.''

## ડોમેસ્ટિક પ્રવાસ

ડોમેસ્ટિક પ્રવાસીઓ પાસેથી ૩૨૫ રૂપિયા યુડીએફ ફી વસૂલવાનો પ્રસ્તાવ મૂક્યો છે. એનો અર્થ એવો થયો કે મુંબઈથી ઉપડનારી દરેક એરલાઇન્સે એરપોર્ટને ૩૨૫ યુડીએફ ફી ચૂકવવી પડશે. આંતરરાષ્ટ્રીય વિમાન પ્રવાસીઓની યુડીએફ ફી પણ ૧૮૭ રૂપિયાથી વધારીને ૬૫૦ રૂપિયા કરવામાં આવી છે. આ ચાર્જીસ પહેલી જૂનથી વસૂલવાનું શરૂ થશે. બે વર્ષથી ઓછી ઉંમરના બાળકોના, તેમજ ફરજ પરના રાજદ્વારીઓ, એરલાઇન્સ ક્રૂ, સંરક્ષણ કર્મચારી અને સંયુક્ત રાષ્ટ્રસંઘના અધિકારીઓને આ ફીમાંથી મુક્તિ આપવામાં આવી છે. કંપનીનું કહેવું છે કે આ ટેરિફમાં કરાયેલા સુધારાને કારણે મુંબઈ એરપોર્ટ પર ઇન્ફાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ અને ટેક્નોલોજી એન્હાન્સમેન્ટ પ્રોજેક્ટ હાથ ધરવામાં મદદ મળશે.

## પાંચ એફઆઈઆર

સિંગલે મંગળવારે જણાવ્યું હતું. આ હિંસામાં ઓછામાં ઓછા ૩૪ પોલીસ જખમી થયા હતા. હાલમાં પરિસ્થિતિ કાબૂમાં છે. પૂરતો પોલીસ ફોર્સ તહેનાત કરવામાં આવ્યો હોવાનું નાગપુરના પાલક પ્રધાન ચંદ્રશેખર બાવનકુળેએ જણાવ્યું હતું.

## ઑક્ટોબર પછી જ

યોજાશે, તેની ચર્ચાએ જોર પકડ્યું છે. પાલિકાની ચૂંટણીની આ પૃષ્ઠભૂમિ સામે, બધા પક્ષોએ પણ સઘન તૈયારીઓ શરૂ કરી દીધી છે. મહાયુતિના નેતાઓ આ વખતે મુંબઈ મહાનગરપાલિકા પર સત્તા મેળવવા માટે મક્કમ છે. શિવસેના ઠાકરે જૂથે પણ દાવો કર્યો છે કે તે ફરીથી સત્તામાં આવશે.

## ખરેખર શું બન્યું હતું?

સાંજે ૭:૩૦ વાગ્યે બની હતી. ત્યાં ૮૦થી ૧૦૦ લોકોની ભીડ હતી. તેઓએ ત્યાં પોલીસ પર હુમલો કર્યો. તેથી પોલીસે ટીયર ગેસ અને હળવો બળપ્રયોગ કર્યો હતો. આ ઘટનામાં એક ક્રેન, બે જેસીબી અને કેટલાક વાહનો બળી ગયાં હતાં. આ સમગ્ર ઘટનામાં ૩૩ પોલીસ અધિકારીઓ સંડોવાયેલા છે. આમાં ડેપ્યુટી કમિશનર રેન્કના ત્રણ પોલીસ અધિકારીઓનો સમાવેશ થાય છે. આમાંથી એક અધિકારી પર કુહાડીથી હુમલો કરવામાં આવ્યો હતો.

## નાગપુર હિંસા

કાર્યવાહી કરવામાં આવશે, અને જેણે પણ પોલીસ કર્મચારીઓ પર હુમલો કર્યો છે તેને બક્ષવામાં આવશે નહીં. સામાન્યતા પુનઃસ્થાપિત કરવામાં આવી રહી છે,' એમ ફડણવીસે કહ્યું હતું. આવી જ લાગણીઓ વ્યક્ત કરતા, નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદેએ વિધાન પરિષદમાં કહ્યું હતું કે, ચોક્કસ સમુદાયને નિશાન બનાવવાનું કાવતરું ઘડવામાં આવ્યું હતું. ઘટનાઓનો ક્રમ આપતા, ફડણવીસે કહ્યું કે સોમવારે સવારે ૧૧.૩૦ વાગ્યે, વિશ્વ હિન્દુ પરિષદ (વીએચપી) અને બજરંગ દળના કાર્યકરોએ નાગપુરના મહેલ વિસ્તારમાં વિરોધ પ્રદર્શન કર્યું, જેમાં ઔરંગઝેબની કબર દૂર કરવાની માગણી કરવામાં આવી હતી.

તેમણે ઘાસની એક પ્રતીકાત્મક કબર પણ બનાવી અને તેને આગ લગાવી દીધી, એવી માહિતી તેમણે આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, બપોરે ગણેશ પેઠ પોલીસ સ્ટેશનમાં કાર્યકર્તાઓ વિરુદ્ધ કેસ નોંધવામાં આવ્યો હતો અને ધાર્મિક લાગણીઓ દુભાવવાના હેતુથી ઇરાદાપૂર્વક અને દુર્ભાવનાપૂર્ણ કૃત્યો સંબંધિત કલમ તેમના વિરુદ્ધ લાગુ કરવામાં આવી હતી.

સાંજ સુધીમાં, એક એવી અફવા ફેલાઈ ગઈ હતી કે આગ લગાડવામાં આવેલી પ્રતીકાત્મક કબર પર કેટલીક ધાર્મિક સામગ્રી મૂકવામાં આવી હતી.

આ પછી, ૨૦૦-૩૦૦ લોકોએ સૂત્રોચ્ચાર કરવાનું શરૂ કર્યું અને હિંસા કરવાની ધમકી આપી, જેના પગલે પોલીસે હળવો બળપ્રયોગ કર્યો, એમ તેમણે જણાવ્યું હતું. ફડણવીસે જણાવ્યું હતું કે, વિરોધીઓને ગણેશ પેઠ પોલીસ સ્ટેશનમાં આવવાનું પણ કહેવામાં આવ્યું હતું કારણ કે તેઓ વીએચપી અને બજરંગ દળના કાર્યકરો વિરુદ્ધ ફરિયાદ નોંધાવવા માગતા હતા.

'જ્યારે પોલીસ કાર્યવાહી ચાલી રહી હતી, ત્યારે હંસાપુરીમાં ૨૦૦-૩૦૦ લોકોએ પથ્થરમારો કર્યો. તેમના ચહેરા ઢાંકેલા હતા. કેટલાક લોકો પર તીક્ષ્ણ હથિયારોથી હુમલો કરવામાં આવ્યો હતો,' એમ તેમણે કહ્યું હતું.

તેમણે આપેલી માહિતી મુજબ, ત્રીજી ઘટના સાંજે ૭.૩૦ વાગ્યે ભલદારપુરામાં બની હતી, જ્યાં ૮૦ થી ૧૦૦ લોકોના ટોળાએ પોલીસ પર હુમલો કર્યો હતો. તેથી, તેમને નિયંત્રણમાં રાખવા માટે ટીયર ગેસ અને હળવો બળપ્રયોગ કરવામાં આવ્યો હતો.

### છત્રપતિ શિવાજી અને છત્રપતિ સંભાજી મહારાજનું અપમાન સહન નહીં કરાય: એકનાથ શિંદે

નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ વિધાનપરિષદમાં જણાવ્યું હતું કે, વિરોધ પ્રદર્શન પછી, પોલીસે બે સમુદાયો વચ્ચે મધ્યસ્થી તરીકે ભૂમિકા ભજવી હતી.

'રાત્રે ૮ વાગ્યે ૨,૦૦૦ થી ૫,૦૦૦ લોકોનું ટોળું કેવી રીતે એકઠું થાય છે? લોકોના ઘરોમાં મોટા પથ્થરમારો કરવામાં આવ્યો. એક હોસ્પિટલની તોડફોડ કરવામાં આવી. હોસ્પિટલમાં દેવી-દેવતાઓના ફોટા સળગાવવામાં આવ્યા. પેટ્રોલ બોમ્બ ક્યાંથી આવ્યા? પેટ્રોલ બોમ્બ ફેંકવામાં આવ્યા, કાર, મોટરબાઈક સળગાવવામાં આવ્યા. ૧૦૦-૧૫૦ બાઇક ચોક્કસ વિસ્તારમાં નિયમિત પાર્ક કરવામાં આવતી હતી અને ગઈકાલે કોઈ બાઇક પાર્ક કરવામાં આવી નહોતી. આનો અર્થ એ છે કે, આ ચોક્કસ સમુદાયને નિશાન બનાવવાનું પૂર્વઆયોજિત કાવતરું હતું, એમ શિંદેએ કહ્યું હતું.

છત્રપતિ શિવાજી અને છત્રપતિ સંભાજીનું અપમાન રાજ્ય સહન કરશે નહીં, એવા શબ્દોમાં તેમણે વિધાનપરિષદમાં તોફાની તત્ત્વોને ચેતવણી આપી હતી. તેમણે કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ હર્ષવર્ધન સપકાળને મુખ્ય પ્રધાન ફડણવીસની સરખામણી ઔરંગઝેબ સાથે કરવા બદલ માફી માગવાની પણ માગણી કરી હતી.

### હિંદુઓને નિશાન બનાવવામાં આવ્યા હતા: સ્થાનિક વિધાનસભ્ય

આ દરમિયાન હિંસાગ્રસ્ત નાગપુર સેન્ટ્રલ મતવિસ્તારનું પ્રતિનિધિત્વ કરતા ભાજપના વિધાનસભ્ય પ્રવીણ દટકેએ કહ્યું હતું કે ચિટનીસ પાર્ક વિસ્તારમાં હિન્દુઓ અને મુસ્લિમો ઘણા દાયકાઓથી શાંતિથી રહી રહ્યા છે.

ચિટનીસ પાર્ક ખાતે પત્રકારો સાથે વાત કરતા તેમણે કહ્યું કે હિંસા પૂર્વ-આયોજિત હતી અને હિન્દુઓને નિશાન બનાવવામાં આવ્યા હતા.

'આ એક સુનિયોજિત કૃત્ય હતું, જેમાં મુસ્લિમોના ઘરો અને દુકાનોને નહીં પણ ચોક્કસ સમુદાય (હિન્દુ)ના ઘરો અને દુકાનોને નિશાન બનાવવામાં આવ્યા હતા,' એવો આરોપ તેમણે લગાવ્યો હતો. દટકેએ કહ્યું કે હિંસા અચાનક નહોતી ફાટી નીકળી કારણ કે એવું હોત તો પછી બંને સમુદાયોને નિશાન બનાવવામાં આવ્યા હોત.

મુખ્ય પ્રધાન પર વિશ્વાસ વ્યક્ત કરતાં તેમણે કહ્યું હતું કે સરકાર ગુનેગારોને ઓળખવા માટે ડીવીઆર અને સીસીટીવી ફૂટેજ સ્કેન કરશે અને તેમની સામે કાર્યવાહી કરવામાં આવશે.

### 'શું ગૃહ વિભાગ સૂઈ રહ્યો હતો?' ફડણવીસ ફરી એકવાર ઉદ્ધવ ઠાકરેના નિશાના પર

મુંબઈ: મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે નાગપુરમાં થયેલી હિંસા પુર્વનિયોજિત હતી એવું નિવેદન કર્યા બાદ શિવસેના (યુબીટી)ના નેતા અને ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરેએ ફડણવીસની અત્યંત આકરા શબ્દોમાં ઝાટકણી કાઢતાં એવા સવાલ કર્યા હતા કે 'શું નાગપુરમાં હિંસા થઈ રહી હતી ત્યારે ગૃહ વિભાગ સૂઈ રહ્યું હતું?',

'મુખ્ય પ્રધાન નાગપુરના છે. શું તેમને આ વિશે કંઈ ખબર નહોતી?' નાગપુરમાં બનેલી ઘટના માટે રાજ્ય સરકાર જવાબદાર છે. રાજ્ય સરકાર પોતાની નિષ્ફળતા છુપાવવાનો પ્રયાસ કરી રહી છે. શું નાગપુરમાં હિંસા થઈ રહી હતી ત્યારે ગૃહ વિભાગ સૂતો હતો?

મુખ્ય પ્રધાન પોતે નાગપુરના છે. શું તેમને આ વિશે કંઈ ખબર નહોતી? એમ ઉદ્ધવ ઠાકરેએ રાજ્ય સરકારને આડેહાથ લેતાં પુછ્યું હતું.

ઔરંગઝેબની કબર હટાવો, તમને કોણે રોક્યા છો? જો તમે આવા પ્રશ્નો પૂછો છો અને છત્રપતિ શિવાજીનું અપમાન આટલું ગંભીરતાથી લો છો, તો કોરાટકર અને સોલાપુરકર હજુ પણ આઝાદ કેમ છે? એવા સવાલ ઉદ્ધવ ઠાકરેએ કર્યા હતા.

### 'ચંદ્રાબાબુ અને નીતિશ કુમારને મુખ્ય મહેમાન તરીકે આમંત્રિત કરો'

ઔરંગઝેબ અને અફઝલ ખાન છત્રપતિ શિવાજી મહારાજના પરાક્રમના પુરાવા છે. જો તમારે તેમનો નાશ કરવો હોય, તો સરકાર પાસે જાઓ, મોદી પાસે જાઓ અને મોદીને કહો કે ઔરંગઝેબની કબરનો નાશ કરે, જેને જીવતો દફનાવવામાં આવ્યો હતો. ઉદ્ધવ ઠાકરેએ એમ પણ કહ્યું કે જ્યારે તમે આનો સમારોહ યોજો, ત્યારે ચંદ્રાબાબુ અને નીતીશ કુમારને મુખ્ય અતિથિ તરીકે આમંત્રિત કરવાનું ભૂલતા નહીં.

# હિન્દુ મરણ

સ્વ. મંજુલાબેન જેઠવા (ઉ. વ. ૬૭) મુંબઇ નિવાસી હાલ વાલકેશ્વર સ્વ. કાંતિભાઇના પત્ની. નીલમ, ભાવિનના માતા. સ્વ. અનિલભાઇ ગોહિલ તથા જાનકીના સાસુ. અંશ, તનિષાના દાદી. યોગી, યશના નાની તા. ૯-૩-૨૫ના રવિવારે શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૨૦-૩-૨૫ના ગુરુવારે, ૧૨થી ૧. ઠે. ભારતીય વિદ્યાભવન, ચોપાટીમાં રાખેલ છે.

**સૌરાષ્ટ્ર ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ**

સ્વ. વાસુદેવ કાનજીભાઈ દેસાઈ અને ગં. સ્વ. નીલાબેન વાસુદેવ દેસાઈના પુત્ર મેહુલભાઈ દેસાઈ (ઉં. વ. ૫૨), રવિવાર, ૧૬-૩-૨૫ના રોજ દેવલોક પામ્યા છે. તે કોષાના પતિ. સ્તુતિના પિતા. અલ્પા તુષાર પાઠક, મિલન, જગદીશ અને પંકજના ભાઈ. અનુપમાના જેઠ. પૂર્વી, ગીતાના દિયર. ગં. સ્વ. મીનાબેન કૌશિકભાઈ પટેલના જમાઈ. પ્રાર્થનાસભા તા. ૨૦-૩-૨૫, ગુરુવાર, સાંજે ૫ થી ૭. ઠેકાણું: રીવાલી પાર્ક વ્હાઈટ સ્પ્રિંગ, 'એ' વિંગ, કોમ્યુનિટી હોલ બિલ્ડિંગના ૧લા માળે, માગાથાણે મેટ્રો સ્ટેશનની પાસે, બોરીવલી (પૂર્વ).

**ઘોઘારી મોઢ વણિક**

મોરબી નિવાસી હાલ બોરીવલી, સ્વ.જયંતીલાલ મગનલાલ ગાંધીના ધર્મપત્ની પદમાબેન (ઉં. વ. ૭૯) ૧૭/૩/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ.રતિલાલ પારેખના દીકરી. જીતેન્દ્ર, દીપ્તિ, ચેતના અશ્વિન દેઢિયા, સ્વ.રેખા જીતેન્દ્ર ગાંધી તથા સંગીતા તુષાર નોતરીયાના માતુશ્રી. રાની જીતેન્દ્ર ગાંધીના સાસુ. દેવાંશના દાદી. મિહિર, દર્શન, પાર્થના નાની. સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા સોરઠિયા વણિક**

પોરબંદર નિવાસી હાલ ગોરેગાંવ, અ. સૌ. અરુણાબેન વિરેન્દ્રભાઈ ધ્રુવ તા.૧૭-૩-૨૫ના શ્રીજીશરણ પામ્યા છે. તે રાધિકા, નિકિતા અને હિમાંશુના માતોશ્રી. ગોપાલ ઝવેરી, ભાવિક સંઘવી, રિયા હિમાંશુ ધ્રુવના સાસુ. સ્વ.વિલાસભાઈ, સ્વ.રજનીકાંતભાઇ, ચેતનાબેન, અરુણાબેન, પ્રતિભાબેન, રંજનબેન જયંતિભાઇ શાહના ભાભી. પીયરપક્ષે સ્વ.દ્વારકાદાસ મોતીચંદ સાંગાણીના દીકરી. સ્વ.જયંતિભાઇ, સ્વ.અરવિંદભાઈ, સ્વ.હસમુખભાઈ, લલિતભાઈ, સ્વ.પુષ્પાબેન ચીમનલાલ ધાબળીયા, સુસ્માબેન વસંતભાઈ દોશીના બહેન. પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**હાલાઇ લોહાણા**

જોડિયાવાળા હાલ બદલાપુર સ્વ. વિરમતીબેન ચુનીલાલ રાયમગીયાના પુત્ર અજયભાઇ રાયમગીયા (ઉં. વ. ૫૭) ૧૫/૩/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ.પરેશભાઈ તથા ધીરેનભાઈના ભાઈ. કાશ્મીરાના પતિ. લક્ષ્મીબેન ગોવિંદદાસ શેઠ્ઠાના જમાઈ. રિદ્ધિના પિતા. દેવ, દીપ તથા મેહુલના કાકા. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**લુહાર સુથાર**

ગામ તાજપરવાળા હાલ મલાડ, શૈલેષભાઈ હરસોરાના ધર્મપત્ની. અ.સૌ. શ્વેતા હરસોરા (ઉં. વ. ૩૮) તા. ૧૭/૦૩/૨૫ના શ્રીજીચરણ પામ્યા છે, તે સ્વ. છગનભાઇ માવજીભાઈ હરસોરા, ગં.સ્વ. હંસાબેન હરસોરાના પુત્રવધૂ. શ્લોક અને મંત્રના માતુશ્રી, અ.સૌ પ્રિયંવદા દિનેશભાઈ પોંદાની સુપુત્રી. અરૂણભાઈ, છગનભાઇ, આરતી કિરીટભાઈ કારેલીયા, કવિતા મુકેશભાઈ કવાના ભાઈના પત્ની. નયનાબેનના દેરાણી. બેસણું ગુરુવાર તા.૨૦/૦૩/૨૫ને ૫ થી ૭. શ્રી લુહાર વેલ્ફેર સેન્ટર, કાર્ટર રોડ નં ૩, અંબાજીમંદિર પાસે, બોરીવલી પૂર્વ.

**વિસલનગરા નાગર**

બાલવા ઉનાવા નિવાસી હાલ અમદાવાદ, સ્વ. રમાબેન નરેન્દ્રભાઈ લાલશંકર મહેતાના સુપુત્ર. દર્શનાબેનના પતિ. સ્વ. જાનવિકા મિલનકુમાર દફતરી, મુંજાલ મહેતાના મોટાભાઈ. ધર્મેશ અને ક્ષિતિજાના પિતા. દેવાંગ દિનેશકુમાર ઉપાધ્યાયના સસરા. મંજુલાબેન ચંદુલાલ ભાવસારના જમાઈ આદેશ મહેતા (ઉં. વ. ૬૯) તા. ૧૬-૩-૨૫ના હાટકેશ શરણ પામેલ છે. પ્રાર્થનાસભા અને લૌકિક ક્રિયા બંધ રાખેલ છે.

**વૈષ્ણવ**

લતા મહેતા (ઉં. વ. ૮૫) તા. ૧૬-૩-૨૫ના રવિવારના શ્રીચરણ પામેલ છે. સ્વ. રોહિત ડી. મહેતાના પત્ની. મોનિષા અને રાકેશ પરીખ, આનંદ મહેતા અને મેરી કુશિંગના માતા-સાસુ. અલીશા પરીખ અને અભિષેક પરિદાના દાદી. અશોક અને મીના શ્રોફ, વર્ષા મહેતાના બેન-નણંદ. પ્રાર્થનાસભા રાખેલ નથી.

**કચ્છી લોહાણા**

ગામ ઢોરી હાલ મુલુંડ તે સ્વ. ગંગારામ નરસિંહ પલણના પુત્ર. સ્વ. રાજેન્દ્રના ધર્મપત્ની ગં. સ્વ. લીલાવતી (ઉં. વ. ૬૦) તે ઘનશ્યામ, ફાલ્ગુની કશ્ય, કિરણ ભીંડેના માતુશ્રી. તે સોનલના સાસુમાં. તે સ્વ. રાધાબેન ખીમજી તન્ના, મૂળ બેલાના હાલે આદિપુરના પુત્રી. લક્ષ્મીબેન અમૃતલાલ, ગં.સ્વ. મંગલાબેન વાલજી, લતાબેન નવીન, મધુબેન પ્રતાપ, ગ. સ્વ. હિનાબેન પ્રવીણના દેરાણી-જેઠાણી. તે સ્વ. સરસ્વતીબેન લાલજી ગણાત્રા અને સ્વ. નર્મદાબેન જેઠાલાલ અનમના ભાભી. તા. ૧૭-૩-૨૫ સોમવારના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૧૯-૩-૨૫ના ૫થી ૭, ગોપુરમ હોલ, જ્ઞાનસરિતા શાળાની બાજુ, મુલુંડ, લૌકિક વ્યવહાર બંધ છે.

**વૈષ્ણવ**

ગામ ખામધોળ (જૂનાગઢ) નિવાસી હાલ ઘાટકોપર તે સ્વ. હરીશભાઇ નાથાલાલ બગથલિયાના સુપુત્ર ધર્મેશભાઇ (ઉં. વ. ૪૯) તા. ૧૬-૩-૨૫ના રવિવારના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૨૦-૩-૨૫ના ગુરુવારે ૪.૩૦થી ૬. ઠે. બાલ્કનજી બારી, રાજાવાડી ગાર્ડન પાસે, ઘાટકોપર (ઇસ્ટ), લૌકિક વ્યવહાર બંધ છે.

**નવગામ ભાટીયા**

ધ્રોલ નિવાસી હાલ મુંબઇ કુ. શોભના (ઉં. વ.૭૯) તે સ્વ. ઝવેરબેન નરભેરામ વેદના સુપુત્રી. ભાનુબેન તથા સ્વ. ચંપાબેન ધીરજલાલના બેન. સ્વ. ગોવિંદજી ગોકળદાસ વેદના પૌત્રી. તે સ્વ. ગોકળદાસ નારાયણજી સંપટના દોહિત્રી. તા. ૧૭-૩-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ગોભવા મોઢ વણિક**

ગં. સ્વ. મંજુલાબેન પ્રતાપરાય પરીખ (ઉં. વ. ૯૪) તે સ્વ. પ્રતાપરાય માધવજી પરીખના ધર્મપત્ની. તે યોગેશ, સંજીવ, સંધ્યા અને કલ્પનાના માતુશ્રી. તે નિશાબેન, ઉમાબેન, સુધીરભાઇ અને સ્વ. રાજેશભાઇના સાસુ. તે પથીક-કૃતિ, ઉમંગ-માનસી અને પૂજા-હર્ષિતના દાદી. ચિંતન, ઋષી, સ્નેહા, આલોકના નાની તા. ૧૮-૩-૨૫ના મંગળવારના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દમણિયા દરજી**

ગં. સ્વ. લતાબેન (ઉં. વ.૭૦) તે સ્વ. નવીનચંદ્ર વલ્લભદાસ દમણિયાના ધર્મપત્ની. તે સ્વ. તરવેણીબેન વલ્લભદાસ દમણિયાના પુત્રવધૂ. સ્વ. લલિતાબેન ઇશ્વરલાલ ટેલરના પુત્રી. ભાવેશ અને બિનાના માતુશ્રી. ભાવિકા અને શૈલેષકુમારના સાસુ. સ્વ. જવાહરભાઇ, દિલીપભાઇ, નરેન્દ્રભાઇના ભાભી તા. ૯-૩-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા શુક્રવાર તા. ૨૧-૩-૨૫ના લુહાર સુતાર જ્ઞાતિ હિતેચ્છક મંડળ, ૧લે માળે, કાર્ટર રોડ, નંબર-૩, દત્તપાડા મેઇન રોડ, અંબાજી મંદિર પાસે, બોરીવલી (પૂર્વ), સમય સાંજે ૫થી ૭.

**હાલાઇ ભાટિયા**

અ. સૌ. પારુલ કપિલ ઉદેશી (ઉં. વ. ૫૭) તે સ્વ. જયવંતી જયસિંહ ઉદેશીના પુત્રવધૂ. આદિત્યના માતુશ્રી. અ. સૌ. અનેરીના સાસુ. સ્વ. નલિની જયસિંહ પોરેચાના પુત્રી. યજ્ઞેશના બેન. અ સૌ. મીતા સુનિલ, ગં. સ્વ.પૂજા ભરત, અ. સૌ. નીના મુકેશ, અ. સૌ. ભાવના હિતેશના ભાભી તા. ૧૫-૩-૨૫ના શનિવારના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૨૦-૩-૨૫ના ૫થી ૬.૩૦, ઠે. સંન્યાસ આશ્રમ, બજાજ ક્રોસ રોડ, વિલેપાર્લે (પશ્ચિમ), લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા ખડાયતા વણિક**

સ્વ. તારાબેન માણેકલાલ ચોકસીના પુત્ર ભરત (ઉં. વ. ૮૧) તા. ૧૬-૩-૨૫ના રવિવારે શ્રીજીચરણ પામ્યા છે. તે નયનાબેનના પતિ. વિશાલ હિમલના પિતાશ્રી. સેજલ ગૌરવના સસરા. પાર્થ-રુદ્રના દાદા. સ્વ. નવીનચંદ્ર દેસાઇના જમાઇ. નલીનભાઇ, સ્વ. અજીતભાઇ, સ્વ. મહેન્દ્રભાઇ, સ્વ. રણજીતભાઇ, સ્વ. શશીકાંતભાઇ, સ્વ. ઇન્દિરાબેન, સ્વ. માલતીબેનના ભાઇ. લૌકિક વ્યવહાર બંધ છે. પ્રાર્થનાસભા તા. ૨૦-૩-૨૫ના ગુરુવારે ૫થી ૭. ઠે. લક્ષ્મીનગર સોસાયટી હોલ, ૧૦મો રોડ, ખાર (વેસ્ટ).

# પારસી મરણ

ડોલી કેકી કામા તે મરહુમ કેકીના ધણિયાની. તે મરહુમો ખોરશેદ સોરાબ અમરોલીવાલાના દીકરી. તે માહાતાબ, હોરમઝ ને મરહુમ ફરઝાનાના માતાજી. તે મરહુમ શેહરુના બહેન. તે યોહાન ને શાહવીરના બપઇ. તે રયાન ને સહયાનના મમઇજી. (ઉં. વ. ૮૦) રે. ઠે. ઇ-૧૨, જરબાગ ભોંયતળિયે, ડો.આંબેડકર રોડ. ગલોરીયા ચર્ચ આગળ, ભાઇખલા, મુંબઇ-૪૦૦૦૨૭. ઉઠમણાંની ક્રિયા: તા. ૧૯-૩-૨૫ને દીને બપોરે ૩.૪૫ વાગે મઝગાંવ પટેલ અગિયારીમાં.

# જૈન મરણ

**દેરાવાસી જૈન**

રાધનપુરી નિવાસી હાલ કાંદિવલી સુશીલાબેન રસિકલાલ દોશીના સુપુત્ર કિરીટભાઇ દોશી (ઉં. વ. ૭૫) તે બીનાબેનના પતિ. રીન્કુ કેતન મહેતા અને કેતન બીનીતાના પિતાશ્રી. માનવ-દક્ષના-ક્રિયા-અક્ષતના દાદા. જ્યોત્સના રમેશચંદ્ર અને વર્ષા રાજેશકુમારના ભાઇ. તારાબેન રસિકલાલ ઝવેરીના જમાઇ તા. ૧૮-૩-૨૫ના મંગળવારના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઝાલાવાડી દિગંબર જૈન**

બોટાદ હાલ ઘાટકોપર ચંદનબેન ઉમેદચંદ લાલચંદ ગાંધીના સુપુત્ર મયંકભાઇ ઉમેદચંદ ગાંધી (ઉ.વ. ૬૭) તા. ૧૬-૩-૨૫ના દેહપરિવર્તન કરેલ છે. તે રાજુલબેન (રંજનબેન)ના પતિ. ખ્યાતિ નિશિત કુમાર બારભાયા, પ્રતીકના પિતાશ્રી. કરિશ્માના સસરા. દિયાનના નાનાજી. તે જીતુભાઇ, અમિતભાઇ, ઇન્દિરાબેન નવીનચંદ શાહ, રક્ષાબેન ચંદ્રકાન્ત તુરખિયાના ભાઇ. નવીનચંદ ગીરધરલાલ શેઠ, સાવરકુંડલાના જમાઇ. ઠે. ૩૦૧, અરવિંદ બિલ્ડિંગ, વલ્લભબાગ ક્રોસ લેન, તિલક રોડ, ઘાટકોપર (ઇસ્ટ). સર્વે લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

દાઠા નિવાસી (સાવરકુંડલા) હાલ દહીંસર સ્વ. સૌભાગ્યચંદ મોહનલાલ દોશીના ધર્મપત્ની ચંદ્રાબેન (ઉં. વ. ૮૮) તા. ૧૭-૩-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે પ્રફુલભાઇ, હિતેશભાઇ, વર્ષાબેન, ચેતનાબેન, હર્ષાબેન, નીપાબેનના માતુશ્રી. તથા સદગુણાબેન, રેશ્માબેન, પ્રકાશકુમાર, ભરતકુમાર, હરેશકુમાર અને રાકેશકુમારના સાસુ. તન્વી, રિદ્ધિ, રુષભ, જૈનમ, રુચીના દાદી. પિયરપક્ષે ભુરાલાલ માણેકચંદ દોશી (મહુવાવાળા)ની દીકરી. સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ છે. ઠે. ૧૦૩, સુંદરબાગ, માનવ કલ્યાણની સામે, એસ.વી. રોડ, દહીંસર (ઇસ્ટ).

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

ચલાળા નિવાસી હાલ ઘાટકોપર મધુકાંત માણેકચંદ લાખાણી (ઉં. વ. ૮૮) સોમવાર, તા. ૧૭-૩-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે પુષ્પાબેનના પતિ. સમીર, કાનન તથા નેહાના પિતાશ્રી. દિપ્તી સમીર, કેતન શાહ, હિમાંશુ શાહના શ્વસુર. જબલપુરવાસી સ્વ. મણીલાલ ગંગારામ મહેતાના જમાઇ. હર્ષદભાઇ, સ્વ. ગુણવંતભાઇ, ડો. રજનીભાઇ, સ્વ. તારાબેન બદાણી, હંસાબેન હરીશભાઇ મહેતાના ભાઇ. વેદાંત, યશ, જહાન્વી, ક્રિશાના દાદા. પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૨૦-૩-૨૫ના સાંજે ૫થી ૭. ઠે. લાયન્સ કોમ્યુનિટી હોલ, ગારોડિયા નગર, ઘાટકોપર (ઇસ્ટ).

**પોરબંદર દશા શ્રીમાળી જૈન**

હાલ બોરીવલી પરેશભાઇ (ઉં. વ. ૭૩) તે સ્વ. લીલમબેન તથા સ્વ.પ્રવીણચંદ્ર ઝવેરચંદ ભણસાલીના સુપુત્ર. તે ચંદ્રિકાબેનના પતિ. કરણ, ફોરમનાં પિતાશ્રી. તે ઝંખના, અમિત, કિશોરભાઇ શાહનાં સસરા. રાજુલબેન મૌલિકભાઇ કોટક, આશિતભાઇના મોટાભાઇ. તે સ્વ. લલીતાબેન તથા સ્વ. ચંદ્રકાન્તભાઇ લીલાધર શેઠ (લાતુર)ના જમાઇ. તા. ૧૭-૩-૨૫ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા શુક્રવાર, તા. ૨૧-૩-૨૫ના ૪થી ૬. ઠે. વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ, એલ.ટી. રોડ ડાયમંડ ટોકીઝની સામે, બોરીવલી (વેસ્ટ). લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા શ્રીમાળી દેરાવાસી જૈન**

મોરબી નિવાસી હાલ સીકંદરાબાદ હર્ષદભાઇ શાહ (ઉં. વ.૮૩) તા. ૧૨-૩-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. નેણશીભાઇ ભાઇચંદ શાહ અને દયાબેનના સુપુત્ર. સ્નેહલતાના પતિ. ફાલ્ગુની, પ્રણવના પિતા. સમીરભાઇ, હેતલના સસરા. સ્વ. ધીરજલાલ, પ્રદીપભાઇ, સ્વ. પ્રમોદ (પપુભાઇ) અને સુધાબેન ભરતભાઇ બાટવીયાના ભાઇ. અંજલી હાર્દિક શેઠ, રિતિકા, પ્રથમ અને જીતના દાદા. લૌકિક વ્યવહાર બંધ છે. ઠે. ૨૪/૩૨, ૪૦૬ તેલંગ રોડ, મણી ભુવન, માટુંગા, મુંબઇ.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

કાંડાગરાના દેવચંદ ગોપુ છેડા (ઉં. વ. ૮૦) તા. ૧૭-૩-૨૫ના અવસાન પામેલ છે. સુંદરબેન ગોપુ સોજુના પુત્ર. મધુરીબેનના પતિ. દક્ષા, ભાવનાના પિતા. ખીમજી, શીવજી, ભાણજીના ભાઇ. કાંડાગરાના મહાભાઇ મેઘજી દના ગાલાના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. એડ્રેસ : દેવચંદ ગોપુ છેડા, ૪૦૨, જી. કે. નગર નં.૧, વાસુપૂજ્ય દેરાસરની સામે, શંકરલેન, કાંદિવલી વેસ્ટ.

કોડાયના સૂર્યકાંત હીરજી શાહ (ગડા) (ઉં. વ. ૮૨) તા. ૧૩-૩-૨૫ના ભુજ મધ્યે અવસાન પામેલ છે. મમીભાઇ હીરજી રણશીના પુત્ર. સ્વ. જયાબેનના પતિ. ચેતના, કોમલ, દીપેશના પિતા. નાની ખાખરના ભાણબાઇ કેશવજી દેવરાજ વીરાના જમાઇ. પ્રેમજી, લખમીભાઇ ઠાકરશી, પાનબાઇ વિજપાર, ચંચળબાઇ ખીમજી, બિદડાના મણીબાઇ ખીમજી, મોંઘીબાઇ પ્રાગજીના ભાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. અલ્કેશ શાહ, એ-૪૦૧, કેવલ ટાવર, બી.જે. પટેલ રોડ, વોડાફોન ગેલેરીની સામે, મલાડ (વેસ્ટ).

**કચ્છી ગુર્જર જૈન**

ગામ કચ્છ બિદડાના હાલ મલાડ, કલાવતી મહેતા (ઉં. વ. ૭૩) રવિવાર ૧૬-૩-૨૫ના અરિહંતશરણ પામેલ છે. સ્વ. જવેરબેન કરમચંદ મહેતાના પુત્રવધૂ. મહેન્દ્રભાઇ મહેતાના ધર્મપત્ની. દિવ્યેશ અને પૂર્વી (મીનુ)ના માતુશ્રી. ભાવિન મહેતા, અપેક્ષા મહેતાના સાસુજી. આયુષીના દાદીજી. માંડવીના સ્વ. કંચનબેન અમૃતલાલ શાહના સુપુત્રી, પ્રાર્થનાસભા બુધવાર તા.૧૯-૩-૨૫ના ૪.૦૦ થી ૫.૩૦. કરસન લધુ નિસર હોલ, જ્ઞાનમંદિર રોડ, દાદર વેસ્ટ.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

દેરડી કુંભાજી નિવાસી હાલ મુંબઇ સ્વ. મુક્તાલક્ષ્મી હિંમતલાલ મુળજીભાઇ ઝાટકીયાના સુપુત્ર ભરત (ઉં. વ. ૬૦) તા. ૧૭-૩-૨૫ સોમવારના અરિહંતશરણ પામેલ છે. તે અ. સૌ. કામીની (મીના)ના પતિ. રાજેશભાઇ, દિપકભાઇ, રાકેશ શાંતિલાલ, સંજય શાંતિલાલ, અ. સૌ. ભારતીબેન પ્રફુલભાઇ ભરવાડા, રેખાબેન અશ્વીનભાઇ ચેલાણી તથા મીનાબેનના ભાઇ. તે ગં. સ્વ. રસીલાબેન હરકિસનભાઇ યુનીલાલ મહેતાના જમાઇ. હિતેશ, પરેશના બનેવી. વિરાજ, તૃપ્તીના મામા. સ્વ.દલીચંદ ભગવાનજી પંચમીયાના ભાણેજ. લૌકિક વ્યવહાર બંધ છે.


**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

કામરોળ નિવાસી હાલ મુલુંડ સ્વ. દલીચંદ હીરાચંદ શાહના સુપુત્ર વિનોદરાય શાહના ધર્મપત્ની મંજુલાબેન (ઉં. વ. ૭૪), તે મનહરભાઇ, અરવિંદભાઇ, રજનીભાઇ, વિરુભાઇ, સ્વ. દક્ષાબેન જીતેન્દ્રકુમાર દોશી (દેપલાવાળા)ના ભાભી. તે કેવલ, વૈશાલીબેન વિપુલકુમાર શાહ (દિહોરવાળા) તથા હેમાલીબેન દર્શનકુમાર મહેતા (કળીયાવાળા)ના માતુશ્રી. મેઘાના સાસુ. વશીલ અને સિદ્ધના નાની. પિયર પક્ષે સ્વ. પાનાચંદ કરસનદાસ દોશી (વાલરવાળા)ની દીકરી. સોમવાર, તા. ૧૭-૩-૨૫ના અરિહંતશરણ પામેલ છે. રવિવાર, તા. ૨૩-૩-૨૫ના સવારના ૧૦થી ૧૨. ઠે. જીવરાજ ભાણજી હોલ, અશોક નગર, મેહુલ ટોકીઝની પાસે, મુલુંડ (વેસ્ટ), સાદડી, લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# અમેરિકાની મંદીનો ભરડો ભારતીય બજારને ભીંસમાં લેશે?

કવર સ્ટોરી_
નિલેશ વાઘેલા
feedback@bombaysamachar.com



શેરબજારે હજુ કાલે જ હજાર પોઇન્ટથી ઊંચી છલાંગ લગાવી છે અને વિશ્વભરના બજારોમાં તેજીનો માહોલ જામ્યો છે ત્યારે આ લેખનું શીર્ષક અપ્રસ્તુત જણાશે, પરંતુ મને લાગે છે કે, હજુ સુધી 'હેપ્પી ડેઝ આર હીઅર અગેઇન' ગાવાનો સમય આવ્યો હોય એવું ખાતરીપૂર્વક કહી શકાય એમ નથી. હાલ તો ટ્રમ્પની રમતમાં ખુદ અમેરિકા જ ભેરવાઇ ગયું હોય એવો તાલ સર્જાયો છે. અત્યાર સુધી નાણાકીય બજારોમાં જે કડાકાની વણઝાર આવી તેની પાછળ એક મુખ્ય કારણ અમેરિકાની સંભવિત મંદીના મૂળમાં હતું.

ઇક્વિટી બજારો અને બુલિયન માર્કેટમાં આવેલી તેજી પાછળ વિભિન્ન કારણો છે, પરંતુ આપણે શું એવું ધારી શકીએ કે અમેરિકા પરથી મંદીનાં વાદળો હટી ગયા છે? ટ્રમ્પે ટેરિફ સંદર્ભે જાહેર કરેલાં પગલાંથી અમેરિકામાં ફુગાવો વકરવાની ભીતિ તો હજુ તોળાયેલી જ છે અને આ લેખ પ્રકાશિત થશે ત્યારે ફેડરલ રિઝર્વે તેનો વ્યાજદરનો નિર્ણય ભલે જાહેર કરી દીધો હશે, પરંતુ એ હકીકતમાં સહેજે ફરક પડ્યો નથી કે અમેરિકાનું અર્થતંત્ર મુશ્કેલીમાં છે અને આગળ જતાં જો તેના પ્રેસિડન્ટે જાહેર કરેલા રેસિપ્રોક્લ ટેરિફ જેવાં પગલાં અમલમાં મુકાશે તો અમેરિકાએ તેના માઠાં પરિણામ બોગવવા પડશે.

આપણે ફેડરલની એફઓએમસીના નિર્ણય સુધીની હકીકતોને આધારે જોઇએ તો ડોનલ્ડ ટ્રમ્પની આક્રમક વેપાર નીતિઓના કારણે અમેરિકામાં ભારે ઊથલપાથલ મચી ગઇ હતી. અમેરિકન શેર બજારમાં ભારે કડાકાનો માહોલ જોવા મળ્યો હતો અને એસએન્ડપી ૫૦૦ પોતાના ઉચ્ચ સ્તરેથી ૧૦ ટકાથી વધુ નીચી સપાટીએ ગગડી ગયો હતો.

ચીન અને યુરોપના દેશો નમતુ જોખવા માટે તૈયાર નથી અને ચોક્કસ સામો પ્રહાર કરશે. ચીન આપણો શત્રુ દેશ હોવા છતાં તેણે અમેરિકાને જે સ્પષ્ટ ચેતવણી આપી છે, તેને માટે તેને દાદ આપવી જ ઘટે! ચીને કહ્યું છે કે અમેરિકાને જો યુદ્ધ જોઇતું જ હોય તો તેને માટે પોતે તૈયાર છે, પછી તે ટેરિફ વોર હોય કે કોઇપણ પ્રકારનું યુદ્ધ! સરવાળે એપ્રિલ મહિનાથી ટેરિફ વોર વકરશે અને તેના વરવા આર્થિક પરિણામ અમેરિકાએ પણ ભોગવવા પડશે. અમેરિકામાં આર્થિક મંદીની આશંકા પ્રબળ બની રહી છે. અમેરિકી અર્થવ્યવસ્થામાં સુસ્તીના સંકેત મળી રહ્યા છે.

ટ્રેડ વોર અને ઊંચી ટેરિફનાં નકારાત્મક પરિણામોથી આશંકિત થયેલી અમેરિકન કંપનીઓ મૂડીરોકાણ અને રોજગાર સર્જનની યોજનાઓ પડતી મૂકવા માંડી છે. કેપીએમજીના પ્રમુખ અર્થશાસ્ત્રી ડાયને સ્વોન્કનું કહેવું છે કે અમેરિકા આગામી વર્ષની શરૂઆતમાં મંદીના ઝપાટામાં આવી શકે છે.

આ પરિસ્થિતિમાં આપણે સ્વાભાવિક સવાલ એ થાય કે અમેરિકાની આર્થિક મંદી અને ઊંચા ટેરિફને કારણે સર્જાયેલા માહોલની ભારત પર શું અસર પડશે? આ સંદર્ભે નિષ્ણાતોનું કહેવું છે કે અમેરિકા જો મંદીના વાવાઝોડામાં સપડાઇ જાય તો તેની આડઅસરથી ભારત પણ બાકાત નહીં રહેશે.

જો કે અમુક નિષ્ણાતોનું માનવું છે કે અમેરિકામાં મંદીથી ભારતીય અર્થવ્યવસ્થા વધુ પ્રભાવિત નહીં થશે. ભારત સરકારની નીતિઓ અને રિઝર્વ બેન્કની મોનેટરી પોલિસી આ પ્રભાવને સંતુલિત કરવા માટે સક્ષમ છે. અલબત્ત વર્તમાન પરિસ્થિતિમાં ભારતે સતર્ક રહેવાની જરૂર અવશ્ય છે, પરંતુ ગભરાવાની જરૂર નથી.

મોર્ગન સ્ટેનલીના રિપોર્ટ મુજબ ભારતીય શેર બજાર લાંબા સમયગાળા માટે મજબૂત બની રહેશે અને ૨૦૨૫ના અંત સુધીમાં સેન્સેક્સ ૧,૦૫,૦૦૦ના સ્તરે પહોંચી શકે છે. ટેરિફ વોરને કારણે જોકે ભારતની નિકાસને પણ ઝટકો લાગી શકે છે.

અમેરિકા ભારત માટે મુખ્ય નિકાસ બજારોમાંથી એક છે. જો અમેરિકા પોતાના ટેરિફ વધારે તો ભારતીય પ્રોડક્ટ્સની માગ પ્રભાવિત થઈ શકે છે. અમેરિકામાં આર્થિક સુસ્તીથી ભારતમાં ડોલર આધારિત રોકાણ અને વિદેશી મૂડી પ્રવાહ પ્રભાવિત થઈ શકે છે.

મંદીની અસર કેટલી લાંબી રહેશે એ અંગે જો કે હાલ તુરત કશું કહેવું યોગ્ય નથી, કારણ કે પરિસ્થિતિ ઘણી પ્રવાહી છે. અમેરિકામાં સરકારી ખર્ચાઓમાં કાપ અને કર્મચારીઓના પગારમાં કાપથી માગણી પર અસર પડી શકે છે. જોકે મોટાભાગના નિષ્ણાતો માને છે કે આ મંદી લાંબા સમય સુધી રહેશે નહીં અને ઇંધણ કિંમતોમાં ઘટાડાથી અમેરિકી અર્થવ્યવસ્થાને રાહત મળી શકે છે.

ઇક્વિટી બજારમાંથી વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)ની વેચવાલીનું દબાણ ધીમે ધીમે ઓછું થઇ રહ્યું છે, પરંતુ પ્રત્યક્ષ વિદેશી રોકાણ (એફડીઆઇ) પર અસર કેવી રહેશે એ જોઇએ. ડોલર જો મજબૂત થશે તો એનાથી ભારતીય રૂપિયો નબળો થશે. તેનાથી વિદેશી રોકાણ (એફડીઆઇ) અને પોર્ટફોલિયો પ્રભાવિત થઈ શકે છે. વિશ્લેષકોનું માનવું છે કે ભારત હજુ પણ દુનિયાની સૌથી ઝડપથી આગળ વધતી અર્થવ્યવસ્થાઓમાં સામેલ રહેશે. આઈએમએફના જણાવ્યાં મુજબ ભારતની અર્થવ્યવસ્થા છથી ૬.૫૦ ટકાના દરથી વિકાસ સાધવામાં સફળ રહે એવી શક્યતા છે.

જોકે, અમેરિકામાં મંદી ફેલાશે એવી આશંકાઓ વધી રહી છે ત્યારે યુએસમાં મંદીનું જોખમ વધીને ૪૦ ટકા થયું હોવાની જેપી મોર્ગને ચેતવણી આપી છે. વર્ષ ૨૦૦૮ મંદીથી ભારત એકંદરે સુરક્ષિત રહ્યું હતું જો કે આ વખતે ભારતને પણ ગંભીર અસર થવાનું જોખમ છે.

રોઇટર્સના એક રિપોર્ટમાં જેપી મોર્ગનના ચીફ ઇકોનોમિસ્ટ બ્રૂસ કેસમેને આગાહી કરી છે કે, અમેરિકામાં મંદીની સંભાવના ૪૦ ટકા થઇ ગઇ છે. બ્રૂસે વર્ષની શરૂઆતમાં યુએસ ઇકોનોમીમાં મંદીની સંભાવના ૩૦ ટકા વ્યક્ત કરી હતી. આ સાથે જ તેમણે ચેતવણી આપી છે કે પરિસ્થિતિ નહીં સુધરે તો એસેટ્સ રોકાણકારોમાં અમેરિકા આકર્ષણ ગુમાવી શકે છે. આવી સ્થિતિમાં અમેરિકા પ્રત્યે રોકાણકારોમાં વિશ્વાસ ઘટતા યુએસ ઇકોનોમીની મુશ્કેલી વધી શકે છે.

અમેરિકન ઇન્વેસ્ટમેન્ટ બેંકના ચીફ ગ્લોબલ ઇકોનોમિસ્ટે કહ્યું કે, આપણે હાલ જે સ્થિતિમાં છીએ ત્યાં અમેરિકાના અર્થતંત્ર વિશે ચિંતાઓ ઘણી વધી ગઇ છે. તેમણે ઉમેર્યું કે, અમેરિકાના ઇકોનોમિક ગ્રોથના અનુમાનમાં કોઇ ફેરફાર કરાયો નથી, પરંતુ હાલ ૪૦ ટકા સંભાવના છે કે અમેરિકાની અર્થવ્યવસ્થા મંદી તરફ ધકેલાઇ રહી છે. જેપી મોર્ગને અમેરિકાની અર્થવ્યવસ્થા ચાલુ વર્ષે બે ટકાના દરે વૃદ્ધિ પામશે તેવી આગાહી કરી છે.

નોંધવું રહ્યું કે, ૨૦૦૮ની અમેરિકાની મંદીથી સમગ્ર દુનિયાનું અર્થતંત્ર હચમચી ગયું હતું, જો કે ભારત પર તે સમયે વધારે અસર થઇ નહોતી. જો કે હાલની અમેરિકાની મંદીની સૌથી વધુ અસર ભારતની આયાત નિકાસ પર પડી શકે છે. સાથે જ ભારત અને અમેરિકામાં જ્યાં ભારતીયો નોકરી કરે છે, તેમણે છટણીનો સામનો કરવો પડી શકે છે. ભારતીય રોકાણકારોને આ વખતે મોટી અસર થઇ શકે છે, કારણ કે ભારતમાં પણ મોટી સંખ્યામાં લોકો શેરબજારમાં રોકાણ કરી રહ્યા છે. ઉપરાંત નિકાસ પર નિર્ભર ભારતના આઈટી અને ફાર્મા જેવા ઉદ્યોગોએ મોટું નુકસાન સહન કરવું પડી શકે છે.


બીજી બાજુ મીડિયા રિપોર્ટ મુજબ ભારતીય જાહેર ક્ષેત્રની બેન્કના મુખ્ય અર્થશાસ્ત્રીનું કહેવું છે કે ટ્રમ્પની ટેરિફ નીતિની અસર અસ્થાયી હોઈ શકે છે. જો અન્ય દેશ પોતાના ટેરિફ ઘટાડે તો અમેરિકન નિકાસને પણ પ્રોત્સાહન મળશે, જેનાથી મંદીની આશંકા ઘટી શકે છે.

નિષ્ણાતો માને છે કે, ભારતીય સરકારે સ્થાનિક માગને વધારવા પર ધ્યાન આપવું જોઈએ. સરકારી ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ પર ખર્ચ વધવાથી ભારતીય અર્થવ્યવસ્થાને મજબૂતી મળશે અને વૈશ્વિક મંદીની અસર ઘટશે. ■

પ્રાસંગિક__અમૂલ દવે
feedback@bombaysamachar.com

# કેનેડાના નવા વડા પ્રધાન આપશે ટ્રમ્પને ટક્કર...

## ...ને ભારત સાથે સુધારશે સંબંધ!




દેશના વડા બનવું એ કાંટાળો તાજ પહેરવા જેવું છે. અનેક વાર તો એવું થાય છે કે નેતા સત્તાસુખ મેળવે એ પહેલાં એમને માટે પેન્ડોરા બોક્સ (વીંછીનો દાબલો) ખુલી ગયો હોય છે અને અનેક આફત સામે જ ખડી હોય છે.

કેનેડાના નવા વડા પ્રધાન પદે આવનારા માર્ક કાર્નીનું પણ એવું જ છે. એક બાજુ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે પાડોશી દેશ અને વિશ્વાસુ વેપાર ભાગીદાર પર ટેરિફ લાદીને કેનેડા માટે મુસ્કેલીનો પહાડ ઊભો કરી દીધો છે. આટલું જ નહીં, કેનેડાના સાર્વભૌમત્વની દરકાર લીધા વિના ટ્રમ્પ ખુલ્લેઆમ ધમકી આપે છે કે 'હું કેનેડાને અમેરિકાનું ૫૧મું રાજ્ય બનાવી દઈશ'. આ ઉપરાંત, કાર્નીએ એમના પુરોગામી ટ્રુડોના ખરાબ શાસક તરીકેનું લાંછન પણ દૂર કરવાનું છે.

ટ્રુડોએ આ વર્ષે જાન્યુઆરીમાં ઘણા સહયોગીઓનાં રાજીનામાંની સાથે સરકાર પર વધી રહેલા દબાણને લીધે ખુદ પોતાનું રાજીનામું આપવાની જાહેરાત કરી હતી..

### દુશ્મન ટ્રુડોનું પતન

કાર્ની ભારત - કેનેડા વચ્ચેના સંબંધોમાં રહેલી ખટાશનો અંત લાવશે. એ ભારત સાથે સારા સંબંધોના હિમાયતી રહ્યા છે. એમણે નાણાકીય નિષ્ણાત રૂપે ભારતમાં મૂડીરોકાણ કરવાની ઈન્વેસ્ટરોને સલાહ આપી હતી એ કહે છે કે હું ભારત સાથે વેપાર સંબંધો ફરીથી સ્થાપિત કરીશ.

પૂર્વ વડા પ્રધાન ટ્રુડોની નીતિને કારણે તાજેતરનાં વર્ષોમાં ભારત અને કેનેડા વચ્ચેના સંબંધોમાં જે ઓટ જોવા મળી છે એને સુધારવા કાર્નીએ વિશેષ પ્રયાસ કરવા પડશે. કેનેડામાં ભારતીય મૂળના વસાહતીની મોટી સંખ્યા પણ દ્વિપક્ષીય સંબંધને સુધારવા માટે કામમાં આવશે. કેનેડા સમાન વિચારધારા ધરાવતા ભારત સહિત અન્ય દેશો સાથે વેપારી સંબંધોને વધુ દૃઢ બાનાવવા ઈચ્છે છે... બે દેશ વચ્ચે વિવાદના મૂળ કેનેડામાં પેંધી ગયેલા શીખ ઉદ્દામવાદી તત્ત્વો છે. એ સમસ્યા પણ ઉકેલવી પડશે.

ટ્રુડોના શાસન દરમિયાન મોંઘવારી વધી ગઈ છે. લિબરલ પાર્ટીનું રેટિંગ વિરોધી પક્ષ રૂઢિચુસ્ત કરતાં પણ નીચે ગયું છે. ટ્રમ્પે આપેલા આંચકાઓમાંથી કેનેડાના અર્થતંત્રને બહાર કાઢવાનું છે. જોકે ૫૯ વર્ષના કાર્ની એક અર્થશાસ્ત્રી અને બેન્કર છે અને એમણે ટ્રમ્પ સાથે પણ જી-સેવનની સમિટમાં કામ કરેલું છે. એ ટ્રમ્પને બરાબર આર્થિક જવાબ આપી શકે એટલા તૈયાર પણ છે... અગાઉ 'બેંક ઓફ કેનેડા' અને 'બેંક ઓફ ઈંગ્લેન્ડ'ના વડા તરીકે સફળતાપૂર્વક કાર્ય કરી ચૂકેલા માર્ક કાર્ની હવે અમેરિકા અને ભારત સાથેના સંબંધોને સુધારવાની સાથે કેનેડાની આર્થિક સ્થિરતાને સુનિશ્ચિત કરવા જેવા મોટા પડકારોનો સામનો પણ કરશે.

કેનેડાને અત્યાર સુધી કોઈ બાહ્ય આક્રમણનો ડર નહોતો, પરંતુ હવે ટ્રમ્પની આડોડાઈ ભરેલી ધમકીને લીધે સંરક્ષણ પણ મજબૂત બનાવવું પડશે. હવે કેનેડા અને પોલેન્ડ જેવા દેશોને અણુ સત્તા બનવાના અભરખા જાગ્યા છે. કેનેડા જી-સેવન અને નેટોનું પણ સભ્ય છે.

કાર્નીએ મોટી બહુમતી સાથે લિબરલ પાર્ટીના નેતાપદ માટેની ચૂંટણી જીતી હતી. કાર્નીને ૮૫.૯ ટકા હાંસલ કર્યા હતા. એમણે ભૂતપૂર્વ કેબિનેટ પ્રધાન કરીના ગોલ્ડ, અને ભૂતપૂર્વ નાણાપ્રધાન અને નાયબ વડા પ્રધાન ક્રિસ્ટિયા ફ્રીલેન્ડ અને ઉદ્યોગપતિ અને ભૂતપૂર્વ લિબરલ સાંસદ ફ્રેન્ક બેલિસને હરાવ્યા હતા. કેનેડામાં વડા પ્રધાન કોણ બનશે એ વિજયી પક્ષના કાર્યકર્તાઓ નક્કી કરે છે. પાર્ટીના ૧,૫૧,૮૯૯ કાર્યકરોએ વડા પ્રધાનની રેસમાં મતદાન કર્યું હતું.

### કોણ છે આ માર્ક કાર્ની..

૧૬ માર્ચ, ૧૯૬૫માં જન્મેલા માર્ક કાર્ની ૨૦૦૮ થી ૨૦૧૩ સુધી બેંક ઓફ કેનેડા અને ૨૦૧૩થી ૨૦૨૦ સુધી 'બેંક ઓફ ઈંગ્લેન્ડ' ના વડા હતા. કેનેડાની ૨૦૦૮ની સૌથી ખરાબ નાણાકીય કટોકટીમાંથી એમણે દેશને બહાર કાઢ્યો હતો. એમણે ૨૦૨૦ માં સંયુક્ત રાષ્ટ્રના વિશેષ દૂત તરીકે ક્લાયમેટ એક્શન અને ફાઇનાન્સમાં સેવા આપી હતી. કાર્નીએ 'ગોલ્ડમેન સાક્સ' ના એક્ઝિક્યુટિવ તરીકે પણ કામ કર્યું છે. ૨૦૦૩માં 'બેંક ઓફ કેનેડા'ના ડેપ્યુટી ગવર્નર તરીકે નિયુક્ત થયા પહેલાં એમણે લંડન, ટોકિયો, ન્યૂયોર્ક અને ટોરોન્ટોમાં ૧૩ વર્ષ કામ કર્યું હતું.

માર્ક કાર્નીએ ૧૯૮૮માં હાર્વર્ડ યુનિવર્સિટીમાંથી અર્થશાસ્ત્રમાં ગ્રેજ્યુએટની ડિગ્રી અને ઓક્સફોર્ડ યુનિવર્સિટીમાંથી માસ્ટર અને પીએચડીની ડિગ્રી મેળવી છે. ઘણા કેનેડિયનની જેમ એ હાર્વર્ડ માટે બેકઅપ ગોલટેન્ડર તરીકે સેવા આપતી વખતે આઈસ હોકી રમ્યા હતા. એ કેનેડિયન, યુકે અને આઇરિશ નાગરિકતા ધરાવે છે, પણ હવે એ બંને નાગરિકતા છોડીને માત્ર કેનેડિયન નાગરિકતા મેળવવાનું નક્કી કર્યું,પત્ની ડાયના ઈંગ્લેન્ડના મૂળની છે અને એમને ચાર દીકરી છે.

સત્તા સંભાળતાની સાથે કાર્ની માટે સૌથી મોટો પડકાર યુએસ-કેનેડા વચ્ચેનો વેપાર વિવાદ છે. ડોનલ્ડ ટ્રમ્પે કેનેડિયન સ્ટીલ અને એલ્યુમિનિયમ પર ૨૫% ટેરિફ લાદ્યા છે આને લીધે બંને દેશોના વેપાર સંબંધોમાં તણાવ ઊભો થયો છે. એટલું જ નહીં, ટ્રમ્પે બીજી એપ્રિલથી તમામ કેનેડિયન ઉત્પાદનો પર વધુ ટેરિફ લાદવાની ચીમકી પણ આપી છે. ટ્રમ્પ તો કહે છે કે કેનેડા અને અમેરિકા વચ્ચેની સરહદ માત્ર એક કાલ્પનિક રેખા છે અને કેનેડાને ૫૧મું યુએસ રાજ્ય બનાવવાનું સૂચન પણ કર્યું હતું,

ટ્રમ્પની આવી ઊંધી ચત્તી નીતિ રીતિને લઈને કેનેડાના લોકોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે. એ લોકો અમેરિકન ઉત્પાદનો ખરીદવાનું ટાળી રહ્યા છે સ્થાનિક વેપારીઓ પણ અમેરિકન ઉત્પાદનનો બહિષ્કાર કરી રહ્યા છે.

કાર્ની અંગત રીતે ટ્રમ્પના વિરોધી છે, પરંતુ નિવેદન આપવાનું ટાળે છે. કેનેડા હવે એફ-૩૫ ફાઈટર પ્લેન ખરીદવાનો અબજો ડૉલરનો સોદો રદ કરવાનું વિચારી રહ્યું છે.

કાર્નીની આર્થિક ક્ષમતાઓ અને એમનો સંતુલિત સ્વભાવ ટ્રમ્પને સાધવામાં મદદ કરશે. કાર્નીની લિબરલ પાર્ટીમાં ટ્રમ્પના વિરોધી છે. એ કહે છે કે ટ્રમ્પની ધમકીઓને કારણે દેશ પહેલેથી જ ખરાબ સ્થિતિમાં છે. ટ્રમ્પના નિવેદન અંગે નવા પીએમએ કહ્યું છે કે કેનેડા ક્યારેય પણ કોઈ પણ સ્વરૂપમાં અમેરિકાનું રાજ્ય નહીં બને.

બીજી તરફ, કાર્ની કેટલા સમય સુધી વડા પ્રધાન રહેશે તે કહી શકાય નહીં. લિબરલ પાર્ટી પાસે સંસદમાં બહુમતી નથી. વડા પ્રધાન બન્યા પછી કાર્નીએ ઓક્ટોબર પહેલા દેશમાં ચૂંટણી યોજવી પડશે. અને ત્યારે એમની મોટી અગ્નિપરીક્ષા થશે. એ પોતે સંસદના સભ્ય પણ ન હોવાથી કદાચ વહેલી ચૂંટણી કરાવી શકે. ■

# આ તો સ્કેમ છે... સ્કેમ છે..!



પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

## નિક્સનની સત્તાલાલસા છવાઈ ગઈ કાયદા-નૈતિકતા પર



વૉટરગેટ હોટલ

પોતાના ખોટા, અનુચિત, અનૈતિક, ગેરકાનૂની અને બંધારણ વિરોધી કૃત્યો અખબારોની હેડલાઈન બનવાથી ઘાંઘા થયેલા પ્રેસિડન્ટ રિચાર્ડ નિક્સને પોતાની કાર્યપદ્ધતિને સુધારવા કે બદલવાને બદલે સાવ અવળો માર્ગ અપનાવ્યો. બે વફાદાર જૉન એહરલિકમાન અને એજિલ ક્રોગ સાથે મળીને એક પ્લાન વિચાર્યો.

હકીકતમાં તો રાષ્ટ્રીય સલામતીનાં કારણોસર દેશના ગુપ્ત દસ્તાવેજો પ્રગટ થતા રોકવા એ કાનૂની-બંધારણીય જ ગણાય, પરંતુ હવે નિક્સને પોતાના રાજકીય સ્વાર્થ ખાતર એ શસ્ત્રનો દુરુપયોગ કરવાનું વિચાર્યું. આ ખોટું, સદંતર ખોટું હતું.

આ માણસના વ્યક્તિત્વ અને માનસિકતાના અભ્યાસમાંથી નિષ્કર્ષ નીકળે કે એ બહુ દંભી હતા. ઝડપથી કોઈ સામે ખુલતા નહોતા. અંદરોઅંદર એકલા હતા, સાવ એકલા. એમને ડાબે-જમણે ને ઉગમણે-આથમણે એમ ચારેય બાજુ દુશ્મન જ દેખાતા હતા. નિક્સનને પોતાના કર્મચારીઓને વારંવાર કહેતા ટાંકવામાં આવ્યા છે, 'યાદ રહે, આપણા કોઈ દોસ્ત નથી, કોઈ જ નહીં.'

હકીકતમાં તો ૧૯૭૧ના અંતમાં ફરી રાષ્ટ્રપતિ બનવા માટે રિપબ્લિકન પાર્ટીની ટિકિટ નિર્ધાર કરી ચુકેલા નિક્સને પ્રેસિડન્ટ રિ-ઈલેક્શન કમિટીની રચના કરી હતી. એનું અધ્યક્ષપદ ભૂતપૂર્વ એટર્ની જનરલ જૉન ન્યુટન મિચેલને બનાવ્યા હતા. આ મિચેલ મહાકાય ભૂતકાળમાં નિક્સનના સાથી-વકીલ રહી ચુક્યા હતા અને ૧૯૬૮માં રાષ્ટ્રપતિપદની ચૂંટણીમાં નિક્સનની ઝુંબેશના મુખ્ય વ્યવસ્થાપક પણ. ટૂંકમાં એ ખાસ અને ૧૦૧ ટકા વિશ્વાસુ.

૧૯૭૧માં વ્હાઈટ હાઉસમાં રાજકીય જાસૂસી માટે એક ગુપ્ત, બિનસત્તાવાર ટીમ બનાવાઈ એનું કોડ નેમ રખાયું 'પ્લમ્બર.' આમાં પ્લમ્બર્સ એટલે કે સભ્ય તરીકે સામેલ કરાયા નિક્સનના ભૂતપૂર્વ સલાહકાર અને સલામતી નિષ્ણાત ઈ. હાવર્ડ હન્ટ, ૧૯ વર્ષ સુધી કેન્દ્રીય ગુપ્તચર સંસ્થા સી.આઈ.એ.ના કાર્યલયમાંથી શત્રુઓનાં જાસૂસી ઉપકરણો શોધવા-હટાવવાના ૫૩ વર્ષના અનુભવી જેમ્સ ડબલ્યુ. જોક્કાર્ડ અને સ્પેશ્યલ ઈન્વેસ્ટિગેશન ગ્રુપના જી. ગોર્ડન લિટ્ટીને સામેલ કરાયા હતા. હવે સમયની નજાકતને સમજીને 'પ્લમ્બર'ને ફરી સજીવન કરીને નવું, છદ્મ નામ અપાયુંઃ પ્રેસિડન્ટ રિ-ઇલેક્શન કમિટી. નામ નવું પણ કામ જૂનું. આ સત્તાવાર જૂથની બિનસત્તાવાર કામગીરી માટે ભંડોળની વ્યવસ્થા કરવાની જવાબદારી જેબ મેગુડર કમિટી ટુ રિ-ઇલેક્ટ પ્રેસિડન્ટના નાયબ નિયામક જેબ સ્ટુઅર્ટ મેગુરડરને સોંપાઈ હતી.

બીજી તરફ લીટ્ટીએ દસ લાખ ડૉલરના ખર્ચ વાળો પ્રોજેક્ટ બનાવ્યો. આમાં છિનાઝટપટીવાળી ગેંગ, વિરોધીઓને ફૂંકી મારનારી ગેંગ, રૂપજીવિનીઓ તથા ઇલેક્ટ્રોનિક જાસૂસી ઉપકરણોની વ્યવસ્થા કરાઈ હતી.

વધુ આઘાતજનક બાબત એ બની હતી કે પ્રમુખના યુદ્ધ-ભંડોળમાંથી સાડા ત્રણ લાખ ડૉલર રોકડા કઢાવીને રાજકીય જાસૂસીની શરૂઆત કરાવવા માટે એહરલિકમાનને અપાયા હતા.. યાદ રહે જે દેશના નાગરિકોની કમાણી પર વસૂલ કરાયેલા કરવેરાનો રાષ્ટ્રના હિત, કલ્યાણ, વિકાસ અને સલામતી માટે જ ઉપયોગ કરવાનો હોય પણ અહીં અંગત હિત અને રાજકીય સ્વાર્થ ખાતર દુરુપયોગ થઈ રહ્યો હતો. આ ભંડોળ પર પૂરેપૂરો અંકુશ એહરલિકમાનનો જ. આમેય આવા કામમાં ક્યારેય હિસાબ થોડો રખાય કે અપાય?

૧૯૭૨ના આરંભે અનૈતિક કામગીરી શરૂ થઈ ગઈ. અને ખુદ પ્રમુખની કચેરીના નિરીક્ષણ હેઠળ વિરોધ પક્ષ ડેમોક્રેટિક પાર્ટીના પ્રમુખ લોરેન્સ ઓ' બ્રાયન પર નજર રખાતી હતી. આમાંય લિટ્ટી જે મુખ્ય સ્થળોની જાસૂસ કરાવવાનો આગ્રહી હતો. એમાં ઓ'બ્રાયનની વૉટરગેટ હોટલ સ્થિત ઑફિસ ખાસ હતી. આ કામ ચણામમરા ફાંકવા જેટલું સરળ નહોતું.

આ હકીકતને સ્વીકારીને જાસૂસી ટીમમાં ક્યુબામાં જન્મેલા ૫૩ વર્ષીય બર્નાર્ડ બાર્કર, તાળા તોડવાના અનુભવી એવા ૪૫ વર્ષના વર્જીલિઓ ગોન્ઝાલવિસ અને ફ્રેન્ક સ્ટર્જિલને સામેલ કરાયા હતા. આ બધા જાસૂસી, ઘૂસપેઠની દુનિયાના નામચીન માણસો હતા જેમનો ભૂતકાળમાં સી.આઈ.એ. દ્વારા ઉપયોગ થયો હતો.

સૌની નજર વૉટરગેટ હોટલ પર હતી. આમાં ડેમોક્રેટિક પાર્ટીની હેડ-ઑફિસ ઉપરાંત એના પ્રમુખ લોરેન્સ ઓ'બ્રાયનનો ખાસ રૂમ હતો. આ સિવાય ડેમોક્રેટિક પાર્ટીના ઉપ-પ્રમુખપદ માટે સંભવિત ઉમેદવાર આર. સાર્જન્ટ શ્રાઇબર અને તેમની અન્ય મહત્ત્વપૂર્ણ સમિતિઓના પ્રમુખ પેટ્રીસિયા હેરિસની ઓફિસને પણ નિશાન બનાવાઈ હતી.


આ ગંદા કામને આગળ વધારવા માટે પસંદ કરાયો ૧૯૭૨ની ૧૬મેનો દિવસ. પ્લમ્બર ગેમના પાંચ સભ્યો એ દિવસે વૉટરગેટ હોટલ પહોંચ્યા અને પોતાનાં સાચાં નામ-ઓળખ સાથે રૂમ બુક કરાવ્યા. આને સ્માર્ટનેસ કેવી રીતે કહી શકાય? ૧૭મીએ રજા હતી એટલે બધા ત્યાં જ રહ્યા. આ સમયમાં તેઓ કાળું કામ કરવાના હતા. એક પછી એક કરવાના કામની યાદી તૈયાર હતી. પૂરેપૂરી સામગ્રી સાથે લાવ્યા હતા.

૨૭મી મેએ ટીમના અમુક સભ્યો ડેમોક્રેટિક પાર્ટીના પ્રમુખપદ માટે ભાવિ ઉમેદવાર અને સેનેટર જ્યોર્જ મેકગવર્નના મુખ્યાલયમાં ઘૂસવાની ચેષ્ટાં કરી પણ સફળતા ન મળી. હવે આગળ શું કરવું? હજી તો ઘણાં કામ નિપટાવવાના બાકી હતા. બધા ઉચ્ચ સરકારી અમલદાર હતા. કાયદા-નિયમો પૂરેપૂરા જાણતા હતા ને સમજતા ય હતા છતાં આવા અનુચિત કામ કરવામાં જરાય શરમ અનુભવતા નહોતા. તેમણે આગળ શું કર્યું એમાં ડોકિયું આવતા અઠવાડિયે. ■

### મુખવટાની પાછળ

*જ્યાં સત્તા, લાલચ અને પૈસા હોય, ત્યાં ભ્રષ્ટાચાર હશે.*

*- કેન પોઈરો (અમેરિકન લેખક, વિજ્ઞાની, નાણાકીય વ્યાવસાયિક અને જાહેર વક્તા)*




## મૃતાત્માને બોલાવવાના પ્રયોગો તો તમે જરૂર જોયા જ હશે, પણ અમારા આ બાબા અલખઆનંદ જે પ્રયોગ કરે છે તેવો પ્રયોગ તમે તમારી જિંદગીમાં જોયો નહીં હોય..!

જગજિતના ક-મોતની કથા સાંભળ્યા પછી ઠરી ગયેલા તાપણાને સંકોરતા નિકુંભઆનંદે મને પૂછ્યું:

'અઘોરીઓનો આવો ભયાનક અનુભવ હોવા છતાં તમે અહીં આ અઘોરીઓ વચ્ચે આવવાની હિંમત કેમ કરી?'

મેં ઠંડા અને સ્વસ્થ અવાજે કહ્યું:

'જગજિતના મોતનો બદલો લેવા હું અહીં આવ્યો છું !'

કોઈ પાગલને જોઈ રહ્યો હોય એમ નિકુંભઆનંદ મને તાકી રહ્યો.

'કોઈ પાગલ જ આવી હિંમત કરી શકે. તમે અઘોરીઓની શક્તિઓનો ખૂબ ઓછો અંદાજ આંક્યો લાગે છે. મહાશય, ગઈ કાલે તમારો હાથ ચોંટાડી દેનાર નિર્મળઆનંદ તો અમારો એક સાવ નવો અને સામાન્ય અઘોરી છે એ ન ભૂલશો.' નિકુંભના શબ્દોમાં ચેતવણી સાથે થોડો ઉપહાસ પણ સ્પષ્ટ વર્તાતો હતો.

પરોઢની ગુલાબી ઠંડી વાતાવરણના કારણે જરા કઠોર લાગવા લાગી હતી. ઠંડી ઉડાડવા કે પછી જગજિતની યાદના અંતે થયેલા ક્ષોભને ખંખેરવા મેં મારા હાથ ઠરી રહેલા તાપણા પર ફેલાવી શેકવા માંડ્યા.

'નિકુંભઆનંદ!' હું હસવાનો પ્રયત્ન કરતાં બોલ્યો:

'હું અહીં તમારા અઘોરીઓ સાથે કુસ્તી કરવાનો નથી, નથી એમને અખાડામાં ઊતરવાનું આહ્વાન કરવાનો. બદલો લેવાની મારી રીત મારી છે. સમય આવે તમને એ સમજાશે. અત્યારે તો ફક્ત હું તમને મારી તૈયારીઓ વિશે જ કંઈક કહેવા ઈચ્છું છું.'

'એ પહેલાં હું તમને ચેતવવા ઈચ્છું છું કે હું પણ એક અઘોરી છું એ ન ભૂલશો.' નિકુંભઆનંદ કંઈક આવેશમાં આવી બોલ્યો.

'મને ખબર છે ને યાદ પણ છે એટલે જ તમને હું આ કહેવા ઈચ્છું છું.'

'કહો.' એના અવાજમાં નરી શુષ્કતા હતી.

'જગજિતનો કાંડ બન્યો એ પહેલાં હું મારી જાતને 'રેશનલ'-બુદ્ધિવાદી' માનતો હતો. ચૈતન્યાનંદના સહવાસ પછી મને એમની કૃપાથી કેટલીક શક્તિઓ પ્રાપ્ત થઈ હતી. એમની આજ્ઞા અનુસાર એ શક્તિઓનો મેં વધુ અભ્યાસ-ઊંડાણપૂર્વકના અભ્યાસ અર્થે જ ઉપયોગ કર્યો હતો. કર્ણપિશાચીની-અન્યના મનની વાત જાણવા કરતાં મને કલ્પનાયોગ-પોતાના મનની વાત અને શક્તિ જાણવામાં વધુ સાર્થકતા લાગી. વાંચવું-વિચારવું-ચર્ચવું-આચરવું વગેરે અનેક પ્રકારે સંસારમાં જીવતાં હું પરમ ચેતનાની શક્તિઓ અનુભવવા લાગ્યો. બૌદ્ધિકતા પર વધુ અવલંબનના કારણે દરેક ક્રિયાને હું બુદ્ધિના ત્રાજવા પર મૂલવતો બૌદ્ધિકોની જેમ હું પણ ચમત્કારો શક્ય નથી એમ માનતો હતો, પણ એ મારું અજ્ઞાન હતું એ મને જગજિતની ઘટના પછી સમજાયું. આ ઘટના મેં જેને પણ કહી છે એ મારા પર હસ્યા છે. આજે પણ એ પ્રસંગની સત્યતા પર હસનારા અનેક છે. મને એનો ક્ષોભ નથી, કારણ કે હું જાણું છું જગજિતની ઘટના નહોતી બની ત્યારે હું પણ એમનામાંનો જ એક હતો. અહીં ગઈ કાલે મેં જોયેલા અનેક પ્રસંગોને પણ ન માનનારા મને મળશે,

કારણ કે એમને મનની પ્રચંડ શક્તિ વિશે ખબર નથી.

મને પણ નહોતી. કર્ણપિશાચીની-કલ્પનાયોગના કારણે હું એમ માનવા લાગ્યો હતો કે હું મન વિશે સંપૂર્ણ જાણું છું, પણ એ પછી મને સમજાયું કે હું જેને ઓળખતો હતો એ તો મનની પ્રચંડ શક્તિનો એકમાત્ર અંશ-હજારમો કે લાખમો અંશ જ હશે.

'જગજિતના પ્રસંગને હું મારા જીવનનો શાપ સમજવા લાગ્યો હતો. પાછળથી મને સમજાયું કે એ ભીષણ-દર્દનાક ઘટના એ મારી દ્રષ્ટિ બદલવામાં એક મોટો ભાગ ભજવ્યો છે... દેખીતી રીતે હું ખૂબ જ વિચલિત બન્યો હતો, કારણ જાણ્યે- અજાણ્યે મારું અભિમાન ઘવાયું હતું. આ ઘટના મારા જીવનમાં અને મારા જ મિત્ર સાથે શા માટે બની એ ત્યારે મને સમજાયું નહોતું'

વાત કરતાં કરતાં હું સહેજ થોભ્યો. ઊંડો શ્વાસ લઈ મારી વાત આગળ વધારી :

'ચિંતન અને મનની ગેહરી સૃષ્ટિમાં ખૂબ મથ્યા પછી મને અહંમ અને અકસ્માત નામના પ્રકૃતિના બે ગુણનો પરિચય થયો. મૈસૂરના પેલા વૃદ્ધ પંડિતે મને અહમ વિશે થોડો પરિચિત તો કર્યો જ હતો. વધુ ચિંતન પછી આ અહમના વિસ્મયજનક ચમત્કારો, ભ્રમણા ઉપજાવવાની એની ગજબનાક શક્તિનો મને અનુભવ થયો.

'મનુષ્ય વિચારે છે, કલ્પનાના ઘોડા દોડાવે છે, આત્મા કે પરમાત્માની વાત કરે છે, અરે, જ્યારે 'હું'ને ભુલાવવાની વાત કરે છે ત્યારે પણ કેન્દ્રમાં એનો અહમ હોય છે. અહમથી છૂટકારો પામવો અતિ મુશ્કેલ છે. ચેતના શરીરથી મુક્ત થઈ શકે છે, પણ મનુષ્ય અહમ મુક્ત થઈ શક્તો નથી. અહમથી છૂટકારો અશક્ય નહીં તો અતિ મુશ્કેલ છે.

ભારતીય તત્ત્વજ્ઞાનનો ઈતિહાસ તપાસીએ તો શ્રુતર્ષિ ઐતરેય, ઋગ્વેદના ઐતરેય આરણ્યમાં કહે છે 'પ્રજ્ઞાનં બ્રહ્મ' અર્થાત જ્ઞાનતત્ત્વ એ જ બ્રહ્મ છે. બ્રહ્મને ઓળખવા માટે ઉપયોગમાં આવતી બુદ્ધિને જ એમણે બ્રહ્મ માની. એ પછી શ્રુતર્ષિ ઉદાલક આરુણિએ સામવેદના છાંદોગ્ય ઉપનિષદમાં 'તત્ત્વમસિ' તું જ બ્રહ્મ છે એમ કહ્યું. આ વધુ સરળ અને સચોટ તત્ત્વજ્ઞાન હતું, કારણ કે બ્રહ્મને જ બ્રહ્મ કહેવું એનાથી બીજી વાત કઈ હોઈ શકે? એ પછી દેવર્ષિ વરુણે આનંદને બ્રહ્મ કહ્યો, કારણ કે આનંદની ભાવના જ મનુષ્યજીવનમાં શ્રેષ્ઠ છે અને બ્રહ્મ આનંદ ન હોય તો અન્ય શું થઈ શકે? હવે પછી આવ્યા યાજ્ઞવલ્ક્ય યોગેશ્વર, જેમણે કહ્યું 'અહં બ્રહ્માસ્મિ' આ આખરી અને અંતિમ ફેંસલો હતો. બધા જ પ્રશ્નોનો એક માત્ર ઉત્તર બુદ્ધિ કોણ છે? કોની છે? તું શાના આધારે છો? આનંદ કોના માટે છે? બધું જ મારા માટે તો પછી મારા સિવાય અન્ય બ્રહ્મ કેવી રીતે હોઈ શકે? 'અહં બ્રહ્માસ્મિ' બ્રહ્માંડના કેન્દ્ર સુધી પહોંચાડીને માનવીનો અહમ્ એને ફરી પાછો પોતા પાસે લાવ્યો. એક મહાન શોધની એને ભ્રમણા થઈ આવી. બધું જ જ્ઞાન અટકી ગયું, અને અંત આવી ગયો.

આ છે અહમની શક્તિ ભ્રમણા...!

'માનવી બુદ્ધિનો ઉપયોગ કરી વિચારે છે ત્યારે એ પોતાથી આગળ વધી શક્તો નથી. એ પોતાને જ કેન્દ્ર માને છે. એ પોતાની સામે એક ઈશ્વરને-પરમેશ્વરને ઊભો કરી દે છે- પોતાની સેવા કરવા માટે, જન્મ આપવા માટે, પોષણ કરવા માટે અને સંહાર કરવા માટે પણ એ પરમેશ્વરને- એક વ્યક્તિ પોતાની જ પ્રતિકૃતિ ગણે છે. મનુષ્ય શરીર અને બુદ્ધિથી જ્યારે સાધના કરે છે ત્યારે આ જ પરિણામ આવે છે.

હકીકતમાં આપણે શક્તિને શોધવાની જરૂર છે. ચેતનાનું મૂળ શોધવાની જરૂર છે. અંધકાર સામે પ્રકાશને મૂકીને આપણે પ્રકાશને વખાણીએ છીએ. આ ભૂલ છે. સાધના પ્રકાશ પાછળની શક્તિની હોવી જોઈએ. ઝળાહળાં થતાં વીજળીના ગોળામાં કશી જ શક્તિ નથી, શક્તિ છે વીજળીમાં, ઈશ્વર એ પણ ચેતના છે, શક્તિ છે. એ શક્તિ પણ પ્રચંડ છે. એના કરોડમાંના પણ કરોડમાં ભાગના અંશની શક્તિનો પણ આપણને પરિચય નથી.

આપણું મન એ શક્તિનો અંશ છે અને એ અંશના પણ કરોડમાં ભાગને આપણે ઓળખતા નથી.

એ પ્રચંડ શક્તિને જે ઓળખતા નથી એ ચમત્કારમાં શંકા ઉઠાવે છે.

'હું પણ એમ જ કરતો હતો. જેવી એ મહાશક્તિની એક ઝલક પામ્યો કે મારો ગર્વ ઓગળવા લાગ્યો અને સ્વાભિમાન જાગૃત થયું.

બૌદ્ધિકો ફક્ત બુદ્ધિની શક્તિને ઓળખે છે. વિજ્ઞાન અને વિજ્ઞાનીઓ એની સીમા છે. મનોવિજ્ઞાનીઓ મનની ફક્ત થોડી, બહુ જ થોડી સીમિતશક્તિને ઓળખે છે. ફક્ત યોગીઓ જ એ અગાધ શક્તિનો પરિચય પામે છે, નથી સમજતા એ ઉપહાસ કરે છે.'

હું ફરી અહીં અટક્યો...થોડીક ક્ષણો બાદ વાતનો દૌર ફરી સાધી લીધો :

'અહીં એક અજબ કિસ્સો તમને કહેવા ઈચ્છું છું. અવારનવાર તમે ક્યાંક પથ્થર પડવાના, ભૂતના વળગાડના કિસ્સા સાંભળ્યા હશે. પુનર્જન્મની સ્મૃતિના પણ અનેક કિસ્સાઓ સાંભળવા અને જોવા મળશે. આવા અનેક કિસ્સામાં મેં જાતતપાસ કરી હતી. સંતોષ થાય એવું પરિણામ, એવું કારણ ક્યાંયથી જાણવા મળ્યું નહીં. આ દરમિયાન.,

કુંભ મેળામાં એક યોગીનો પરિચય થયો. મનની અગાધ શક્તિનો એમને પરિચય હતો. સાધના પણ પુષ્કળ કરી હતી. મેં એમને મારી આશંકાઓ જણાવી. કશો જ જવાબ ન આપતાં એ યોગમુદ્રામાં સ્થિર થયા. અમારા બન્નેથી થોડે દૂર એક મોટો પથ્થર પડ્યો હતો. વીસેક કિલો વજન હશે. મને એમણે ત્યાં જોવા કહ્યું. પાંચેક મિનિટ પછી મારા આશ્ચર્ય વચ્ચે એ પથ્થર જમીનથી અધ્ધર ઊંચકાયો. હવામાં થોડી વાર સ્થિર રહ્યો. આ દરમિયાન કેટલાય નાના નાના પથ્થરો અમારી આસપાસ પડવા લાગ્યા હતા ! દસેક મિનિટ પછી બધું જ શાંત થઈ ગયું.

'આ મનની શક્તિ છે.' એમણે કહ્યું: 'અનેક લોકો શંકા કરે છે ત્યારે અમે આને દૈવીશક્તિ કહીએ છીએ. અલબત્ત, એ દૈવી જ છે. તેં તારી નજરે આ જોયું છે. મનની શક્તિનો આ અજબ ચમત્કાર ન માનનારને એક સવાલ પૂછી જોજે- આ પૃથ્વીનો ગોળો, આ પ્રચંડ સૂર્ય, અનેક ગ્રહો અને ઉપગ્રહો નિહારિકાઓ અને વિશ્વો અને બ્રહ્માંડો અવકાશમાં અધ્ધર ઝૂમી રહ્યા છે. પ્રચંડ વેગથી ઘૂમી રહ્યા છે અને કોઈ અગોચર સ્થળે ધસમસી રહ્યા છે એમ તમે માનો છો ખરા? કઈ પ્રચંડશક્તિના કારણે એ શક્ય બન્યું છે? એ શક્તિની તમે કલ્પના કરી શકતા હો, એમાં તમે વિશ્વાસ મૂકી શકતા હો તો આ નાનકડા મને કરેલા નાનકડા ચમત્કારમાં અવિશ્વાસ મૂકવાની જરાય જરૂર નથી. મનની આ અજબ શક્તિ અને અહમ જ્યારે ટકરાય છે ત્યારે ભૂતપ્રેત જન્મે છે અને મનની શક્તિ અને અહમ જ્યારે હાથ મિલાવે છે ત્યારે ભગવાન પેદા થાય છે.!

'પુનર્જન્મ, ભૂતપ્રેતના વળગાડના અનેક કિસ્સાઓની પાછળ ઘવાયેલો અહમ પડ્યો હોય છે. મન સર્વ વ્યક્તિને છે અને એક સરખું જ શક્તિશાળી છે. સંસ્કારો અને અજ્ઞાન જ્યારે આ મનની શક્તિઓને દબાવે છે અને એ દબાવ અસહ્ય બને છે, ત્યારે એવી વ્યક્તિનું મન બળવો કરે છે. ક્યારેક ઢોંગ હોય છે પણ મહદ્ અંશે તો માનસિક ભ્રમણા હોય છે. આવી વ્યક્તિઓ સાંભળેલી વાતોના આધારે અવનવી વાતો ઊપજાવી કાઢે છે. અજાણપણે એમનું કલ્પનાશીલ પણ અનિયંત્રિત મન જ એમને આમ કરવા પ્રેરે છે.

'એક ભૂતના વળગાડના કિસ્સામાં બ્રાહ્મણનો યુવાન છોકરો કડકડાટ ઉર્દૂ બોલવા લાગતો. એક મુસલમાન મૌલવીને બોલાવીને એ શું બોલે છે તે ચકાસવામાં આવ્યું ત્યારે ખબર પડી કે વર્ષો પહેલાં રેડિયો પર સાંભળેલું ઉર્દૂમાં રજૂ થયેલું ભાષણ જ એ બોલતો હતો. એ ભાષણ સિવાય એને ઉર્દૂ આવડતું નહોતું. એના અજ્ઞાત શક્તિશાળી મને સ્પષ્ટ અને સાચા ઉચ્ચારો સાથે એ ભાષણ યાદ કરી લીધેલું. જાગૃત અવસ્થામાં એ યુવાનની સ્મરણશક્તિ સામાન્ય હતી. પુનર્જન્મની યાદના અનેક કિસ્સાઓમાં ભૂતકાળમાં અજ્ઞાત મને નોંધેલા અને યાદ રાખેલા કિસ્સાઓ એવી અજબ રીતે કલ્પનાશીલ મન સાંકળી લે છે કે એ વ્યક્તિ ભ્રમણાને સત્ય માનવા લાગે છે. બાહ્ય રીતે નબળા મનની લાગતી આવી વ્યક્તિઓનું શક્તિશાળી, અનિયંત્રિત મન પોતાની પ્રચંડ શક્તિથી અનેક તોફાનો કરે છે. મનની શક્તિઓ આવા બનાવોમાં ઝંઝાવાતી વંટોળની જેમ કેન્દ્રિત થાય છે અને એવા ચમત્કારો કરે છે કે જોનાર એને ભૂતપ્રેતનો ઉપદ્રવ જ સમજી બેસે છે..

'અમારા જગજિતના કિસ્સામાં એના મને જ ભ્રમણાઓ ઉત્પન્ન કરી પોતાના મનમાં કોતરાઈ ગયેલી અઘોરીની છબીને ફિલ્મની પટી પર ઉપસાવી હતી. એ જ તોફાની મને કલ્પનામાં અઘોરીનું સર્જન કરી એને ઘાયલ કર્યો અને બારીમાંથી કૂદકો મારવા પ્રેર્યો હતો. ભય અને ડરના કારણે એના મનની બધી જ શક્તિ અઘોરી અને મૂઠની ભ્રમણા પર કેન્દ્રિત થઈ હતી. આવું તોફાની બનેલું મન સ્ટેથોસ્કોપ અને થર્મોમીટરના કાર્યમાં અવરોધ પેદા કરી શકે છે એ વિશે જેને શંકા હોય તેણે આ વિશ્વમાં રહેલી ધ્વંશાત્મક સંહારક શક્તિનો વિચાર કરી લેવો જોઈએ.

પ્રકૃતિનો અકસ્માત કરવાનો ગુણ જાણી લેવાથી આ વધુ સ્પષ્ટ થશે, પણ અકસ્માતના ગુણ વિશે વાત કરીએ તે પહેલાં અહમ અને મનની શક્તિ હાથ મેળવી કેવી રીતે ઈશ્વરનું સર્જન કરે છે તે પણ સમજી લઈએ.

'ઈશ્વર નામની વ્યક્તિ અને આત્મા નામનો પદાર્થ મનુષ્યની કલ્પનાની પેદાશ છે. એમાં જેને શંકા હોય એણે મનને અને એની શક્તિને ઓળખી નથી. ઈશ્વર અને આત્મા બંને અહમના પોષક છે. અહીં ચાર હાથવાળા અને ધર્મના ઉદ્ધાર અર્થે વારંવાર જન્મ લેવાની ઈચ્છા ધરાવનારા ઈશ્વર વ્યક્તિ વિશેષની વાત કરું છું... એમની ઈશ્વરની કલ્પના એમના અહમને પોષે છે. એ એમના પાપ માફ કરે છે. એ દયાળુ છે. એ જ એમને ભૂલો કરાવે છે. એને એમની જરૂર છે એટલે એમને એ જન્મ આપે છે અને મૃત્યુ આપી એમને એ પાછા બોલાવે છે. ઈશ્વરને ખુશ કરવા એ પુણ્યો કરે છે. ઈશ્વર નારાજ થશે એ ડરે એ પાપ નથી કરતા. આમ પોતાના અહમને પોષવા ધર્માચરણનું આશ્વાસન એમણે મેળવ્યું છે. મૃત્યુ પછી પણ અમર, અવિનાશી રહેવાના અહમને પોષવા એમણે આત્મા શોધ્યો છે. કલ્પનાશીલ પણ ભ્રમણા ઉત્પન્ન કરનારા મને એમને અહીં સાથ આપ્યો છે. ભ્રમણાનું સ્વર્ગ ભ્રમણાની જમીન પર ભ્રમણાનાં વૃક્ષ અને ભ્રમણાના ફળ!

ખૂબ જ નિયમબદ્ધ અને શિસ્તમાં રાચતી પ્રકૃતિનો એક ગુણ અકસ્માત છે. કદાચ એ એનો મૂળભૂત ગુણ પણ હોઈ શકે. રોજ સૂર્ય નક્કી કરેલા સમયે ઊગે છે અને આથમે છે. એ ખૂબ જ નિયમિત હોય એમ આપણને લાગે છે. હકીકતમાં આપણે કાળનો જે ટુકડો માપી રહ્યા છીએ તે આપણને કદાચ ખૂબ મોટો લાગતો હશે, પણ અનંતકાળની ગણનામાં એ તો માત્ર એક બિંદુ જ છે, ક્ષણ છે. સૂર્ય અબજો વર્ષ પહેલાં આજના સમયે ઊગતો નહીં હોય અને એકાદ કરોડ કે અબજ વર્ષ પછી ભવિષ્યમાં, આમાં ફેરફાર થવાની શક્યતા નકારી શકાય એમ નથી. અબજો વર્ષના સંદર્ભમાં જોવામાં આવે તો સૂર્યને ખૂબ જ અનિયમિત અને બેકાબૂ રીતે વર્તનાર પદાર્થ તરીકે માનવો પડે. પૃથ્વીની ગતિને પણ આજ લાંછન લાગુ પાડી શકાય... પૃથ્વી અને સૂર્યનું અંતર એક અકસ્માત છે. આ અકસ્માતના કારણે જ જીવસૃષ્ટિ આ જગત પર શક્ય બની છે. વ્યક્તિનો જન્મ પણ અકસ્માત છે, મૃત્યુ પણ અકસ્માત છે. પુરુષના કરોડો શુક્રાણુઓમાંથી એકાદ અકસ્માત સ્ત્રીનો અંડને ફલિત કરે છે અને વ્યક્તિનો જન્મ થાય છે. આ અકસ્માત છે અને અકસ્માત હંમેશાં ચમત્કાર હોય છે. અકસ્માત - અનિયમિતતાના એકાદ અંશને તમે વૈજ્ઞાનિક કસોટીએ ચડાવી કોઈ નિયમ નક્કી કરી શકો ખરા, પણ અકસ્માત હંમેશાં અકસ્માત રહેતો હોય છે. આ અકસ્માત - આકસ્મિકતા અનિયમિતતા અનિવાર્ય અને આવશ્યક છે. એ જ માનવીને અહમના પાશમાંથી છોડાવી ઈશ્વરને વ્યક્તિના બદલે શક્તિ તરીકે ભાવના તરીકે ઓળખાવવામાં સમર્થ છે. નિયમનાં બધાં જ બંધનોમાંથી મુક્ત શક્તિનો પરિચય આ અકસ્માત જ કરાવી શકે છે.

બૌદ્ધિકો, મનોવિજ્ઞાનીઓ જ્યારે તાગ લેવા બેસે છે, ત્યારે આ અકસ્માતના, ચમત્કારના પ્રકૃતિના ગુણને અવગણે છે. સ્કાઈઝોફ્રેનિયા, સ્પ્લીટપર્સનાલિટી સુધી પહોંચેલું મનોવિજ્ઞાન કે અન્ય ભૌતિક શારીરિક વિજ્ઞાન જ્યાં સુધી આ અકસ્માતના ગુણને સ્વીકારશે નહીં, ત્યાં સુધી એ અધૂરું જ રહેવાનું.'

ઊંડો શ્વાસ લઈને મેં મારી વાત પૂરી કરી.

'પણ અકસ્માતના ગુણને સ્વીકારવાથી ક્યો ફરક પડે છે?'

અત્યાર સુધી શાંત બેસી મારી લાંબી વાત સાંભળી રહેલા નિકુંભઆનંદે આ પ્રશ્ન પૂછ્યો ત્યારે મને આનંદ થયો. એ મારી વાતમાં રસ લેવા લાગ્યો હતો એ જોઈ મેં ઉત્સાહથી કહ્યું :

'અકસ્માત, આકસ્મિકતા, અનિયમિતતાને સ્વીકારી લેવાથી જ જડતામાંથી, ક્રમિકતામાંથી અને નિયમિતતામાંથી મુક્તિ મળે છે. બૌદ્ધિક બંધનોનો અંત આવે છે અને ભાવનાત્મક વિશાળતાની - મુક્તિની શરૂઆત થાય છે. ધર્મ નિયમ છે, પુનર્જન્મ અથવા આત્મ ક્રમિકતા છે અને શરીર જડતા છે. અકસ્માતના ગુણને સમજવા માટે કાળના અબજો વર્ષના ટુકડાને સમજવો પડે છે. એ સમજાય કે તરત જ અહમ બદલવા લાગે છે. પરમ ચેતનાના પ્રથમ સંકલ્પના કારણે પ્રચંડ વિસ્ફોટ થયો ત્યારથી એ વિસ્ફોટના કારણે નિર્માયેલું આ બ્રહ્માંડ પ્રેમની ભાવનામાં સંપૂર્ણ રીતે પરિવર્તન પામે એ કાળને સમજી શકે એ મનુષ્ય પૃથ્વીના, સૂર્યના અબજો વર્ષના ઈતિહાસની ક્ષુલ્લકતા આપોઆપ સમજી જાય છે. બુદ્ધિથી નહીં મનથી સમજવાનું - અનુભવવાનું. આ જ્ઞાન જ બધા અહમને ઓગાળી નાખે છે ત્યારે કોઈ પ્રશ્ન રહેતો નથી. કોઈ શંકા રહેતી નથી. આ મહાન કાળને ધારણ કરનાર, સંકલ્પથી વિસ્ફોટ કરનાર મહાન શક્તિના આ ચમત્કારોનો અનુભવ થયા પછી એને કશે ચમત્કાર દેખાતો નથી. અકસ્માત એના માટે સ્વાભાવિક બને છે. અનિયમિતતા જ એનો નિયમ બને છે...અહમ નાશ થતાં જ મનુષ્ય ધર્મ, ઈશ્વર અને આત્માથી ભ્રમણામાંથી મુક્તિ મેળવે છે...આ અનુભવ, ફક્ત કલ્પનાયોગથી જ શક્ય બને છે અને કલ્પનયોગ જ મારી શક્તિ છે.'

'આમ છતાં તમે જગજિતના મૃત્યુનો બદલો આનાથી કેવી રીતે લઈ શકશો તે મને સમજાતું નથી.' નિકુંભઆનંદ બોલ્યો.

'તમને તમારા આ ચમત્કારોની, શક્તિની, બલિદાનની વ્યર્થતા સમજાશે કે તરત જ મને જગજિતના મૃત્યુનો બદલો મળી જશે.'

આ સાંભળીને નિકુંભઆનંદ ખડખડાટ હસી પડ્યો:

'મહાશય, અમારા આ અઘોરીઓનો અહમ તમે સમજો છો એટલો નરમ નથી.'

'જાણું છું. વિકટતા ન સમજું એટલો નાદાન તો નથી જ, છતાં પ્રયત્ન કરવા ઈચ્છું છું.'

'આજે દેવી સમક્ષ તમારા પ્રાણની રક્ષા માટે હું પ્રાર્થના કરીશ.' નિકુંભઆનંદ ફરીને ઉપહાસ કરતો હસ્યો.

થોડા સમયની ખામોશી પછી મેં આકાશ તરફ જોયું ત્યારે અઘોરીઓ સાથેના બીજા દિવસની શરૂઆતની છડી પોકારતી ઉષાની લાલી પૂર્વ બાજુના પહાડ પાછળ ડોકાઈ રહી હતી.

શહેરમાં જે સંકોચ આપણને વળગેલો રહે છે તે આવા જંગલમાં આપોઆપ સરી પડે છે. મુંબઈ જેવા શહેરમાં રેલવે લાઈનની આસપાસ વહેલી સવારે કે મોડી સાંજે શૌચ કરવા બેઠેલાં સ્ત્રી-પુરુષોને જોઈએ છીએ ત્યારે જુગુપ્સા જાગે છે, પણ જંગલમાં એ જ ક્રિયા સાવ સ્વાભાવિક બની જાય છે. નાનાં બાળકોની જેમ સાવ સહજ રીતે શૌચ કરતા અઘોરીઓ અને સ્ત્રીઓને વાતો કરતાં જોઈ મને કશું જ અજુગતું લાગતું નથી. દિવસ અને રાત દરમિયાન એમની અઘોર સાધનામાં વ્યસ્ત આ અઘોરીઓ ખૂબ ભયાનક લાગતા હતા, પણ તે સમયે સાવ નિર્દોષ દેખાતા હતા.

હું અને નિકુંભ પાછા ફરી રહ્યા હતા ત્યારે ઝાડના થડ પાસે બેઠેલી માતા અદિતીએ બૂમ પાડી અમને બોલાવ્યાં. સહજ સંકોચ સાથે હું એમની સામે ઊભો રહ્યો ત્યારે એમણે સ્વાભાવિકતાથી કહ્યું:

'નિકુંભ, આમનો પરિચય આજે બાબા અલખઆનંદ સાથે કરાવજે.'

'એમનો પરિચય એમને છે જ. માંડલાથી એમની સાથે જ આવ્યા હતા.' નિકુંભઆનંદે કહ્યું.

'અચ્છા, પણ આત્માને બોલાવવાની બાબાની શક્તિનો પરિચય તારા અતિથિને નહીં હોય. એ પ્રયોગ બતાવવાનો પ્રબંધ જરૂર કરજે.'

'અવશ્ય.' નિકુંભઆનંદે કહ્યું અને અમે આભાર માની વિદાય લીધી.

'મૃતાત્માને બોલાવવાના પ્રયોગો તો તમે જોયા જ હશે' નિકુંભઆનંદે મને પૂછ્યું.

'ઘણાં.' જવાબમાં મેં કહ્યું હતું.

'બાબા અલખઆનંદ જે પ્રયોગ કરે છે તેવો પ્રયોગ તમે તમારી જિંદગીમાં જોયો નહીં હોય.' નિકુંભઆનંદે ખૂબ દ્રઢતાથી કહ્યું.

'જ્યારે આત્મા નામના પદાર્થની એની માન્યતાથી મુક્તિ મળી ગઈ હોય પછી મૃતાત્માઓનું આકર્ષણ રહે?' મેં પૂછ્યું.

'આ પ્રયોગ જોયા પછી કદાચ તમે તમારી માન્યતા બદલાવો પણ ખરા!'

'તમે એટલે કે આ અઘોરીઓ આત્મા વિશે કેવી માન્યતા ધરાવો છો?' મેં પૂછ્યું.

'દેવતત્ત્વને સૃષ્ટિનું કારણ કહેનારા તત્ત્વજ્ઞાનીઓથી કદાચ વિરુદ્ધ મત ધરાવતા સ્વભાવવાદીઓ, યદૃચ્છાવાદીઓ, ભૂતવાદીઓ અને યોનિવાદીઓની મૂળ વિચારસરણી અઘોરપંથીઓના વિચારના મૂળમાં છે. તાંત્રિકો અને માંત્રિકોએ યોનિવાદને વિશેષ મહત્ત્વ આપ્યું છે. યોનિવિચાર, યોનિઆચાર, યોનિપ્રચાર જે વર્ષો પહેલાં આ વિચારસરણીના મૂળમાં હતો. આ યોનિવાદીઓ સાથે એ પછી લિંગાયતો ભળ્યા અથવા તો એમને સ્વીકારી લેવામાં આવ્યા. એ શાક્તો કહેવાયા. એ જમાનામાં આ દેશમાં અનેક શક્તિપીઠો હતાં. યોનિ અને લિંગને જ શક્તિના ધારક માનવામાં આવે છે. આત્મા શક્તિરૂપે અવતરવા ઈચ્છે છે ત્યારે એ યોનિ અને લિંગનો સંયોગ ઈચ્છે છે. આત્મા સનાતન તત્ત્વ છે. એ શરીરમાં રહે છે. સ્ત્રી આત્મા અને પુરુષ આત્મામાં ભેદ હોય છે. શક્તિરૂપ અગ્નિના ઘોર અને અઘોર એવાં બે રૂપ છે. ઘોર રુદ્ર અને અઘોર શિવ છે. ઘોર મૃત્યુ અને અઘોર અમર્ત્ય છે. ઘોર ધનુષ વડે કાળરૂપી બાણોની વર્ષા કરી મૃત્યુને પ્રગટ કરી શરીરના બંધનમાંથી આત્માને મુક્ત કરે છે.

'અઘોરધર્મીઓ મંત્ર સાધે છે. મંત્રનો આત્મા ચંદ્રલોકમાં પહોંચે છે, ચંદ્રલોકનો દેવતા આત્માને પૂછે છેઃ 'તું કોણ છે?' ત્યારે આત્મા કહે છે કે 'તું છે તે જ હું છું.' ચંદ્રલોકના દ્વાર ખૂલવાથી આત્મા એમાં પ્રવેશ કરે છે. આ પછી એ આત્મા બ્રહ્મલોકમાં જાય છે. ત્યાં વિજરા નામની નદી અને ઈલ્યા નામના વૃક્ષ પાસે સાલજ્ય નામની નદી છે. અને.'

'આગળનો વૃત્તાંત-વાત હું જાણું છું,' એમ કહી મેં નિકુંભઆનંદને રોક્યો. એ ખડખડાટ હસી પડ્યો.

'સરસ કથા છે, સાંભળો તો ખરા' એણે હસતાં હસતાં જ આગ્રહ કર્યો.

'બ્રહ્મ અને આત્માના સંવાદ સુધી આ કૌષિતકી ઉપનિષદ્ મેં વાંચ્યું છે.'

'તો આપ વિજયશાલિની મંત્રની શક્તિ જાણો છો?' નિકુંભઆનંદે આશ્ચર્યથી પૂછ્યું.

'વાંચ્યું છે - પણ તાંત્રિકો પાસેથી એનો અનુભવ નથી મેળવ્યો. મેં કહ્યું.

'ત્યાં જુઓ.' દૂર આંગળી ચીંધી એણે મારું ધ્યાન દોર્યું.

માંડલાથી મને લાવનાર બાબા અલખઆનંદ બે પગ પહોળા કરી ત્યાં ઊભા હતા. એણે અદબ ભીડી હતી. એના ચહેરા પર કઠોરતા હતી અને ખુલ્લી લાલ, વિશાળ આંખો, આકાશ, સામે મંડાયેલી હતી. આકાશમાં આંખ સામેથી પસાર થનાર પક્ષીઓ ગોળીથી વિંધાયા હોય એમ મૃત્યુ પામી ટપોટપ પડતાં હતાં. અન્ય અનેક અઘોરીઓ એ પક્ષીઓને અધ્ધરથી ઝીલી લેતા દોડાદોડ કરી રહ્યા હતા.

નિર્દોષ પક્ષી પર થઈ રહેલા ત્રાટકનો એ સંહારક પ્રયોગ પાડાના બલિદાન કરતાં મને વધારે ઘૃણાસ્પદ અને ત્રાસજનક લાગ્યો.

(ક્રમશઃ) ■

---

**તસવીરની આરપાર**

**ભાટી એન.**

feedback@bombaysamachar.com

# વણઝારા જ્ઞાતિમાં ધુળેટીએ બાળકને નિડરતાના પાઠ ભણાવવા થતી 'ઢૂંઢ'



વણઝારા સમાજમાં ધુળેટીનું મહાત્મ્ય અનેરું છે. જૂના વખતમાં પોઠો ઉપર માલ લઈને એક જગ્યાએથી માલ બીજી જગ્યાએ લઈ જવાનું ટ્રાન્સપોર્ટેશનનું કામ મુખ્યત્વે વણઝારા કરતા. આ જ્ઞાતિ આમ તો રાજપૂત છે એટલે ખમીરતા, શક્તિ ને હિંમત તેમની રગેરગમાં ખરું. પહેલાનાં સમયમાં ગાઢ જંગલ ને હિંસક પ્રાણી, ચોર, લૂંટારાનો ત્રાસ ખૂબ જ રહેતો...!? આથી કિંમતી માલસામાન સુરક્ષિત લઈ જવાનું કામ વણઝારા (રાજપૂત) કરતા. તેઓ ખડતલ, હિંમતવાન પરિવાર ને સમૂહમાં આખી વણઝાર લઈ જાય. તે સમયે કોઈ યાંત્રિક સાધનો નહીં. આથી પોઠો પર માલને રાખી એક શહેરમાંથી માલ લઈ બીજા શહેરમાં લઈ જાય. તેમાં ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડતો. જીવનું જોખમ જેવું કાર્ય કરતા પણ ડરતા નહીં. આથી પોતાના બાલબચ્ચાંને નિડરતાના પાઠ ભણાવવામાં આવતા. વણઝારા જ્ઞાતિમાં બાળકનો જન્મ થાય એટલે પ્રથમ ધુળેટીએ સાંજના સમયે તમામ વણઝારા પરિવાર એકત્રિત થાય ને નાના બાળકને નવાં વસ્ત્રો પહેરાવી તેની બહેન ઢીંગલી જેવી સાડી પહેરી તેના ભાઈને ખોળામાં લઈને બેસે ને આવેલા સ્નેહીજનો રૂપિયા ભરાવે (આપે) જે જગ્યાએ બેસે ત્યાં ચોકો આપે તેની ઉપર કાંસાની થાળી રાખે તેમાં ખોપરું, પતાસા રાખે ને બહેન જે રજાઈ પર બેસે ત્યાં ચારે બાજુ ખોપરું, પતાસા રાખે ને રૂપિયા ભરાવે તેમ ગીતો મારવાડી ભાષામાં ગાય. સંધ્યા સમયે યોજાતો આ અનોખો કાર્યક્રમ એટલે 'ઢૂંઢ' એટલે ગોતવું, યાદ અપાવું.

વણઝારા જ્ઞાતિની 'ઢૂંઢ' વિચિત્ર છે. તેની પાછળ એક રહસ્ય છુપાયેલ છે!? ...શું...? હા તો... જન્મતા બાળકને પ્રથમ ધુળેટીએ 'ઢૂંઢે' એટલે જ્ઞાતિના પુરુષો લાકડી લઈને બહેનના ખોળામાં બેઠેલા બાળકને યાદ અપાવે કે તારી ઉપર આવી રીતે લાકડીઓના ઘા થશે પણ તારે ડરવાનું નથી તારે? નિડર બની ચોર, લૂંટારાની સામે લડવાનું છે. આવો સંદેશ આપવા જ્ઞાતિના ભાઈઓ લાકડીઓ લઈ હરિ હરિ.. રે... હરિયા લે... આવું ગીત ગાતા જાયને એક આડી રાખેલ લાકડી ઉપર લાકડીના ઘા કરતા જાય ને આમ પાંચવાર ગીત ગાયને છેલ્લે જે નામ હોય તે નામ લઈ કહે... આવડો મોટો થાય તેમ કરી લાકડી ઊંચ્ચે રાખી કહે આથી નાનું બાળક નિર્ભય બની જાય ને જન્મતાની સાથે હિંમત આપે. જોકે હવે તો વણઝારા એ પોઠો કાઢી ટ્રેકટર, ટ્રકથી ટ્રાન્સપોર્ટેશન કરવા લાગ્યા છે. આ વિચરતી વિમુક્ત જ્ઞાતિમાં હવે ભણતરનું જ્ઞાન આવતું જાય છે. કારણ સમયાંતરે ધંધો ચેન્જ કરવો પડે છે. આજે ટ્રાન્સપોર્ટના ધંધામાં તમામ જ્ઞાતિ આવી ગયા છે અને અત્યાધુનિક સાધનો આવતાં વણઝારાઓ ટ્રાન્સપોર્ટનો ધંધો ચેન્જ કરવા લાગ્યા છે. તેમ છતાં વણઝારા પોતાની જૂની પરંપરાને વળગી રહ્યા છે. આવી 'ઢૂંઢ' અન્ય જ્ઞાતિમાં લગભગ થતી હોય તો મને ખબર નથી પણ હજુ વાંકાનેરમાં રહેતા વણઝારાના ઘેર તા. ૧૪-૩-૨૫ 'ઢૂંઢ' થયેલ એક ઝલક જોતા વિચિત્ર 'ઢૂંઢ' વિશે જાણી આપને 'ઢૂંઢ' વિશે અવગત કર્યા પણ સાચે જ વણઝારાની 'ઢૂંઢ' જોશો તો તેમાં ખુમારીનો રણકો સાંભળવા મળશે. તો એક વાર વણઝારા જ્ઞાતિની 'ઢૂંઢ' જોવાનું ચૂકશો નહીં. ■

મગજ મંથન
વિઠ્ઠલ વઘાસિયા
feedback@bombaysamachar.com

## વિચાર-વાણી-વર્તન

# કોઈની પણ પ્રગતિ કરાવે ને પડતી પણ...!

વિચાર-વાણી અને વર્તન આ ત્રણ 'વ'થી શરૂ થતા શબ્દો વ્યક્તિની પ્રગતિ અને અધોગતિનું કારણ બની શકે છે. એમાંય વાણી અને વર્તનનો મૂળભૂત આધાર વિચાર પર છે. વ્યવહારિક કે આધ્યાત્મિક ક્ષેત્રમાં વિચારો જ વ્યક્તિને મહાન બનાવે છે.

કોઈપણ વસ્તુ, વ્યક્તિ કે પરિસ્થિતિ માટે સવળો વિચાર એ સુખ અને આનંદનું કારણ બને છે, જ્યારે અવળો વિચાર ક્લેશ, ઝઘડા કે દુઃખનું કારણ બને છે. મનુષ્ય માત્રના જીવનમાં વિચાર-વાણી અને વર્તન અગત્યની ભૂમિકા ભજવે છે. આ ત્રણેય પરસ્પર જોડાયેલા છે અને વ્યક્તિના વ્યક્તિત્વ અને પ્રભાવને ઘડવામાં મદદ કરે છે, જેમકે.

### વિચારઃ

વિચાર એ મગજમાં ઉદ્ભવતા વિચારો, તર્ક, કલ્પનાઓ અને માન્યતાઓનો સમૂહ છે. જે વ્યક્તિ વિચારે છે તે જ તેના વર્તન અને વાણીમાં દેખાય છે. વ્યક્તિ જેવું વિચારે છે તેવું જ થઈને રહે છે. કહેવાય છે કે મગજમાં ઉદ્ભવતો વિચાર પરિણામ લાવીને જ રહે છે. જાહેર જીવનમાં ખેલાતું યુદ્ધ પહેલાં મગજમાં ખેલાઈ ગયું હોય છે.

એક ભાઈ દરરોજ સવારે ઊઠીને પોતાના ઘર પાસેના ઓટલે બેસીને દાતણ કરે. ઓટલાની સામે મોટાં શિંગડાં વાળી એક ભેંસ કાયમ બાંધેલી રહેતી. આ ભાઈ કાયમ દાતણ કરતી વખતે મોટાંશિંગડાં વાળી ભેંસ સામે જોતા રહે અને મનમાં એ ભેંસ વિશે વિચારેઃ

'આ ભેંસનાં શિંગડાં કેવડા મોટાં છે. આ ભેંસનાં શિંગડાં વચ્ચે માથું જાય કે નહીં? જાય તો શું થાય ?' આવું દરરોજ વિચારે. વિચારતાં વિચારતાં એક દિવસ એવું વિચાર્યું કે એમાં વળી વિચારવાનું શું ? અમલ કરીને પાકું જ કરી લઈએ. પોતે ઊભા થઈ અને પેલી ભેંસના શિંગડાં અંદર પોતાનું માથું ઘુસાડી દીધું. પરિણામ શું આવ્યું હશે એ આપણે સૌ જાણીએ છીએ !

**વિચારના ઘણા પ્રકાર છેઃ**

- સકારાત્મક વિચાર - જે આશાવાદી, ઉન્નતિપ્રેરક અને ખુશહાલ જીવન તરફ દોરી જાય છે.
- નકારાત્મક વિચાર - જે હતાશા, ડર અને શંકા જન્માવે છે.
- સંશયાત્મક વિચાર - જે અનિશ્ચિતતા અને શંકા પેદા કરનારો વિચાર છે.
- ઉદાસીન વિચાર - જે કોઈપણ દિશામાં ન જવાનું વિચારી સ્થિર રહેવામાં માને છે.

દરેક મનુષ્યના વ્યક્તિત્વ ઘડતરમાં વિચાર મહત્ત્વની ભૂમિકા ભજવે છે...વિચાર મગજ અને શરીર પર સીધો પ્રભાવ પાડે છે. હોર્મોન્સ,આરોગ્ય અને ઊર્જા પર વિચારની અસર જબરી રહેતી હોય છે.

વિચાર શુદ્ધ રાખવા માટે સારાં પુસ્તકો વાંચવા જોઈએ. ધ્યાન અને આત્મમંથન કરવું જોઈએ. સારા અને સંસ્કારી લોકોની સંગત રાખવી જોઈએ.

### વાણીઃ

વાણી એ વિચાર અને વર્તનની મુખ્ય અભિવ્યક્તિ છે. દરેક વ્યક્તિના વ્યક્તિત્વનું એ પરિબળ છે.

વાણીના ઘણા પ્રકાર છે, જેમકે.

- સદ્ભાવ પૂર્ણ વાણી - જે મીઠી, ઉદ્દીપક અને શાંતિપ્રદ હોય છે.
- કઠોર વાણી - જે બીજા માટે નુકસાનકારક અને દુઃખ ઉત્પન્ન કરનારી વાણી છે.
- સત્ય ને નિષ્કપટ વાણી - જે સત્ય અને સાફ વાણી છે.
- અસત્ય વાણી - જે અવિશ્વાસ અને ધોખો ઉત્પન્ન કરે છે.
- મૌન પણ વાણીનો એક પ્રકાર છે. આવશ્યક હોય ત્યારે બોલવું અને બિનજરૂરી મૌન રાખવું.


સારી વાણી લોકોમાં અસરકારક પ્રભાવ પાડે છે. તેમ જ શાંતિ અને શિસ્તનું નિર્માણ કરે છે. જીવન જીવવા માટે મદદરૂપ થાય છે. અપશબ્દ અને ઉગ્ર વાણીથી બચવું જોઈએ. હંમેશાં સત્ય અને વિવેક સાથે ચાલવું જોઈએ. ગેરસમજ ટાળવા માટે સ્પષ્ટ અને સમજદારી પૂર્વક વાણી વાપરવી જોઈએ.

### વર્તનઃ

વર્તન એ વ્યક્તિના વિચાર અને લાગણીઓનું પ્રત્યક્ષ પ્રદર્શન છે. વર્તન દ્વારા જ અન્ય લોકો અને સમાજ પર વ્યક્તિની છાપ પડતી હોય છે. વર્તનના પણ ઘણા પ્રકાર છે, જેમકે

- સંસ્કારી અને શિસ્તબદ્ધ વર્તન - જે સામાજિક નિયમો અને નૈતિક મૂલ્યોનું પાલન કરાવે છે.
- આક્રમક વર્તન - જે ગુસ્સા ભરેલું, અવિચારી અને નુકસાનકારક હોય છે.
- સ્નેહસભર ને સહકાર ભર્યું વર્તન - જે પ્રેમાળ અને સહકાર આપનારું વર્તન છે.
- સ્વાર્થ પ્રેરિત વર્તન - જે માત્ર પોતાના હિત માટે જ કામ કરે છે.

સારાં વર્તનથી સમાજમાં સન્માન મળે છે અને વિશ્વાસ પ્રાપ્ત થાય છે. સંબંધો મજબૂત બને છે. એક સારી અને સ્વસ્થ સમાજની રચના થાય છે. તેમજ આંતરિક શાંતિ અને સંતોષ પ્રાપ્ત થાય છે.




શ્રેષ્ઠ વર્તન માટે સજ્જનતા અને નમ્રતા દાખવવી જોઈએ, ક્રોધ અને ઈર્ષાને કાબુમાં રાખવા જોઈએ, સહકાર અને સહાનુભૂતિ વધારવી જોઈએ અને બિનજરૂરી દંભ અને આક્રોશથી દૂર રહેવું જોઈએ.

આમ વિચાર-વાણી ને વર્તન એ ત્રણેય વ્યક્તિના વ્યક્તિત્વ અને જીવનની ગુણવત્તાને નિર્ધારિત કરે છે. સારા વિચારો, શીતળ વાણી અને ભદ્ર વર્તન દ્વારા સમાજમાં શાંતિ અને સુખ ફેલાવી શકાય છે.

ફોકસ
મનોજ કુમાર
feedback@bombaysamachar.com

# ચાર ધામ યાત્રા પર મંડરાતા ડિજિટલ સ્કેમના વાદળ



પ્રયાગરાજમાં શિવરાત્રીના અંતિમ સ્નાન સાથે મહાકુંભનું સમાપન થયું. તેમાં ૬૬ કરોડથી વધુ ભક્તોએ સ્નાન કર્યું. કેટલીક અપ્રિય ઘટનાઓને બાદ કરતાં, મહાકુંભના તમામ સ્નાન ઉત્સવો સુરક્ષિત રીતે સંપન્ન થયા હતા. પરંતુ દેશમાં ઊંડે સુધી ઉતરી ગયેલા ડિજિટલ સ્કેમનો પડઘો આમાં સંભળાયો. આજના આ ડિજિટલ યુગમાં, ઓનલાઈન છેતરપિંડી એક સામાન્ય ખતરો બની ગયો છે અને પોલીસથી લઈને સંતો અને સામાન્ય ભક્તો સુધી દરેક વ્યક્તિ ડિજિટલ સ્કેમર્સનો શિકાર બન્યા છે. જો કે હજુ સુધી મહાકુંભના તમામ પ્રકારના ડેટા જાહેર થયા નથી. તેથી, આ ઘટનામાં કેટલા લોકો ડિજિટલ સ્કેમનો ભોગ બન્યા તે કહેવું થોડું મુશ્કેલ છે. પરંતુ હેલિકોપ્ટરનું બુકિંગ, આશ્રમોમાં રહેવું, રેલ્વે ટિકિટ બુક કરાવવી, બોટ બુક કરવી વગેરે કેસોમાં પ્રવાસીઓ ભોગ બન્યા છે. અલગ-અલગ છેતરપિંડીના અનેક અહેવાલો પ્રકાશમાં આવ્યા છે. ઓનલાઈન નકલી વેબસાઈટ દ્વારા ભક્તોને મોટી રકમ ગુમાવવી પડી હતી. આવી સ્થિતિમાં, જ્યારે આગામી એપ્રિલ મહિનામાં ચાર ધામ યાત્રા શરૂ થશે, ત્યારે ચાર ધામ યાત્રામાં યાત્રિકોને ડિજિટલ છેતરપિંડીથી બચાવવા માટે સરકારની સાથે એઆઈએ પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવવી પડશે.

કારણ કે વાર્ષિક પ્રવાસનની મહત્વની ઘટના એવી ચાર ધામ યાત્રામાં દર વર્ષે હોટલ ધર્મશાળા, હેલિકોપ્ટર બુકિંગ, વહેલા દર્શન તેમજ પ્રસાદ વગેરેના નામે હાલના વર્ષોમાં ઘણી છેતરપિંડી જોવા મળી રહી છે. હેલિકોપ્ટર દ્વારા કેદારનાથ માટે બુક કરાવતી વખતે થતી છેતરપિંડીના મોટાભાગના કિસ્સા પ્રકાશમાં આવ્યા છે. ઉત્તરાખંડ સરકાર ઉપરાંત, તમામ ટ્રાવેલ એજન્સીઓ પણ આઇઆરસીટીસી (ઇન્ડિયન રેલ્વે કેટરિંગ એન્ડ ટુરિઝમ કોર્પોરેશન) દ્વારા જ બુકિંગ કરાવવાનો આગ્રહ રાખે છે, પરંતુ ઘણી વખત, મુસાફરો ઉતાવળને કારણે અથવા સમાન બનાવટી સાઇટ્સ દ્વારા બુકિંગ કરવાને કારણે ડિજિટલ છેતરપિંડીનો ભોગ બને છે. ડિજિટલ સ્કેમર્સ નકલી વેબસાઇટ્સ બનાવે છે જે હેલી બુકિંગ સાઇટ્સ જેવી લાગે છે. કેટલાક સ્કેમર્સ ફેસબુક, ઈન્સ્ટાગ્રામ, વોટ્સએપ અને ગૂગલ પર એવી જાહેરાતો આપે છે કે સામાન્ય માણસ છેતરાઈ જાય છે. આજે, કેન્સર જેવા રોગોથી લઈને અન્ય કાર્યોમાં એઆઇ વધુને વધુ મદદરૂપ બની રહ્યું છે. તો ચાર ધામ યાત્રા જેવી વાર્ષિક યાત્રાઓમાં પણ એઆઇએ મહત્વની ભૂમિકા ભજવવી જોઈએ. ચાર ધામ યાત્રા વ્યવસ્થાપન માટે પણ એઆઇ નો ઉપયોગ એક મહત્વપૂર્ણ સાધન બની શકે છે.

જો ગત વર્ષે ચાર ધામ યાત્રામાં આવનારા ભક્તોની સંખ્યા પર નજર કરીએ તો કોરોના પછી દર વર્ષે યાત્રાળુઓની સંખ્યા સતત વધી રહી છે. વર્ષ ૨૦૨૧માં ૫.૧૮ લાખ શ્રદ્ધાળુઓએ યાત્રા કરી હતી, જ્યારે ૨૦૨૨માં આ સંખ્યામાં અચાનક અનેકગણો વધારો થયો હતો. આ વર્ષે ૪૬.૨૭ લાખ શ્રદ્ધાળુઓએ યાત્રાનો નવો રેકોર્ડ બનાવ્યો છે. વર્ષ ૨૦૨૩માં આ સંખ્યા ૫૦ લાખને પાર કરી ગઈ હતી. વર્ષ ૨૦૨૪ માં, આ યાત્રા ૧૦ મે થી ૧૭ નવેમ્બર સુધી ચાલી હતી અને કુલ દિવસોની સંખ્યા ૧૫૩ આસપાસ હતી, જેમાં લગભગ ૪૮ લાખ ભક્તોએ મુલાકાત લીધી હતી. જો યાત્રા આખો સમય ચાલુ રાખવામાં આવી હોત તો આ સંખ્યા ઘણી વધારે હોત.

એઆઇ કેવી રીતે મદદ કરી શકે?

જો ચાર ધામ યાત્રા માટે ઓનલાઈન બુકિંગ સિસ્ટમમાં એઆઇને એકીકૃત કરવામાં આવે, તો સિસ્ટમ મુસાફરોની બુકિંગની માહિતીનું વિશ્લેષણ કરી શકે છે અને ડિજિટલ છેતરપિંડીની પેટર્નને ઓળખી શકે છે. આ પછી સ્કેમર્સ પર રોક લગાવી શકાય છે. જો એઆઇ આધારિત ફ્રોડ ડિટેક્શન અલ્ગોરિધમ વિકસાવવામાં આવે તો મુસાફરોની બુકિંગની માહિતીનું વિશ્લેષણ સરળતાથી કરી શકાશે. તેના દ્વારા, કોઈપણ જે ડિજિટલ છેતરપિંડી કરી શકે છે અથવા કરી રહ્યો છે તેની ઓળખ કરીને રોકી શકાય છે. આજકાલ, એક બોક્સ દ્વારા એકસાથે અનેક સિમ નાખીને કૌભાંડો આચરવામાં આવી રહ્યા છે, તેમાં પણ આ સિસ્ટમ ખૂબ મદદરૂપ થઈ શકે છે. જ્યારે કોઈ મુસાફર બુકિંગ કરે છે, ત્યારે એઆઈ સિસ્ટમ દ્વારા, મુસાફરોને નકલી એજન્સીઓથી ચેતવણી આપવા સાથે એક એડવાઈઝરી મોકલી શકાય છે, જે તેમને ડિજિટલ છેતરપિંડીથી બચાવવામાં મદદરૂપ થઈ શકે છે.

આ વર્ષે જ્યારે ચારધામ યાત્રા માટે બુકિંગ શરૂ થાય ત્યારે કયા સમયે પ્રવાસીઓ વધુ બુકિંગ કરી રહ્યા છે? કયા દિવસોની બુકિંગ તેમની પ્રાથમિકતા છે, તેની પણ એઆઇ સિસ્ટમ રિયલ ટાઈમમાં મોનિટર કરી શકે છે. આ પ્રક્રિયામાં ડિજિટલ ફ્રોડ ઓળખી શકાય છે. સ્કેમર્સની પેટર્ન દરરોજ બદલાઈ રહી છે. પહેલા તેઓ લોટરીના નામે છેતરપિંડી કરતા હતા, પછી તેઓએ બેંકના ઓટીપી વગેરેનો તેમના માધ્યમ તરીકે ઉપયોગ કર્યો અને હવે તેઓ સાયબર અરેસ્ટની આગળ નવી યુક્તિઓ વિશે વિચારી રહ્યા છે. સૌથી મોટી ચિંતાની વાત એ છે કે આ એઆઇના માધ્યમ દ્વારા તેઓ નકલી અવાજો બનાવીને ડરાવે છે અને જો ચારધામ યાત્રામાં આ કૌભાંડો શરૂ થઈ ગયા તો યાત્રાળુઓ માટે આખી યાત્રા ઘાતક બની શકે છે. તેથી જો એઆઇ દ્વારા આ શંકાસ્પદ છેતરપિંડી અટકાવી શકાય તો મુસાફરો માટે રાહતની વાત બની રહેશે. આમાં સુરક્ષિત પેમેન્ટ સિસ્ટમ પર મહત્તમ ધ્યાન આપવું પડશે. એઆઇ સિસ્ટમ સુરક્ષિત પેમેન્ટ સિસ્ટમ વિકસાવી શકે છે, જે મુસાફરોને સુરક્ષિત ચુકવણી કરવામાં મદદ કરી શકે છે.

...એઆઈ બીજું શું કરી શકે?

પ્રવાસ દરમિયાન મુસાફરોને સ્થાનિક માહિતી પૂરી પાડવી, મુસાફરી દરમિયાન તેમને સલામતી અને સગવડતા પૂરી પાડવી, તેમને મુસાફરી દરમિયાન વિવિધ સેવાઓનો લાભ લેવામાં મદદ કરવી. આ બધા ઉપરાંત, એઆઇ એ પણ કહી શકે છે કે જો તમને લાગે કે તમે ડિજિટલ છેતરપિંડીનો શિકાર બન્યા છો તો તરત જ પોલીસ અને અધિકારીઓનો ક્યાં અને કેવી રીતે સંપર્ક કરવો. ■

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે.
વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે.
ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ
**funworld1822@gmail.com** પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

અંગ્રેજી - ગુજરાતી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| DON | સોદો |
| DONE | પરોઢ |
| DAWN | લુપ્ત |
| DEAL | શારડી |
| DRILL | અપરાધીનો સરદાર |

### ઓળખાણ પડી?



૧૯૪૫થી ૧૯૮૦ દરમિયાન યુગોસ્લોવિયાના પ્રાઈમ મિનિસ્ટર ને પ્રેસિડેન્ટ એમ બે હોદ્દા સંભાળનારા સામ્યવાદી ક્રાંતિકારીની ઓળખાણ પડી?

અ) બોરિસ યેલ્ટસિન બ) પોલ બિયા ક) માર્શલ ટીટો ડ) હેરોલ્ડ વિલ્સન

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ મ | નો | ૨ મં | ૩ થ | ન | ■ | ૪ ઇ | તિ | ૫ હા | ૬ સ |
| નો | ■ | ૭ ચ | ર | ■ | ૮ મા | સ | ■ | ૯ જ | ખ |
| ૧૦ વે | રા | ન | ■ | ૧૧ મા | ર્ગ | ■ | ૧૨ ભ | ર | ત |
| દ | ■ | ૧૩ ક્ષ | મા | ■ | ૧૪ દ | ગ | ડ | ■ | ■ |
| ૧૫ ના | ૧૬ ન | મ | ■ | ૧૭ ફ | ર્શ | ■ | ૧૮ વી | ૧૯ ત | ક |
| ■ | ર | ■ | ૨૦ મ | ર | ક | ૨૧ મ | ર | ક | ■ |
| ૨૨ સ | મ | ■ | ચ | ■ | ■ | શ | ■ | ૨૩ લી | ૨૪ ક |
| મા | ■ | ૨૫ આ | ક | ળ | ૨૬ વિ | ક | ળ | ■ | મા |
| ૨૭ વિ | વ | ર્ત | ■ | ■ | ષા | ■ | ■ | ૨૮ ભા | ઇ |
| ષ્ટ | ■ | ૨૯ વ | ર | સા | દ | ■ | ૩૦ પ્ર | વે | શ |

### શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ૩ | ■ | ■ | ૪ | ૫ | |
| | ■ | | ■ | ૬ | ૭ | | | | ■ |
| ૮ | ૯ | | | | | ■ | ■ | ૧૦ | ૧૧ |
| ૧૨ | | ■ | ■ | ૧૩ | | ૧૪ | | ■ | |
| ૧૫ | | ■ | ૧૬ | ■ | ૧૭ | | ■ | ૧૮ | |
| ■ | ૧૯ | ૨૦ | | | ■ | | ૨૧ | ■ | |
| ૨૨ | ■ | | ■ | ■ | ૨૩ | | | ૨૪ | ■ |
| ૨૫ | | | ૨૬ | ૨૬-અ | ■ | ■ | ૨૭ | | ૨૮ |
| | ■ | | ૨૯ | ■ | | ૩૦ | | | |
| ■ | ૩૧ | | | ■ | ૩૨ | | | ■ | |

**આડી ચાવી**

૧. લગ્ન વખતે ગવાતા મંગળ ઇચ્છતા ૮ શ્લોક (૫)
૪. --- ભક્તિ એટલે મૂર્તિપૂજા (૩)
૬. ઢાંકપિછોડા, છાવરવું તે (૫)
૮. પ્રવચન આપનાર (૬)
૧૦. અંગરખું ભીડવાની નાની દોરી (૨)
૧૨. શત્રુવટ, દ્વેષ, ઝેર (૨)
૧૩. વાદવિવાદ, ખેંચતાણ (૪)
૧૫. મડદું (૨)
૧૭. કિનારો (૨)
૧૮. સૂર્ય (૨)
૧૯. ગુજરાતીના જાણીતા વાર્તાકાર (૪)
૨૩. જેને કોઇ ઉપમા ન આપી શકાય તે (૪)
૨૫. ઘરમાં થતો કંકાસ (૫)
૨૭. વિનાશ, કતલ, ઉચ્છેદ (૩)
૨૯. શ્રેષ્ઠ (૨)
૩૦. મોટાપણું (૪)
૩૧. સંસ્કાર પામેલું, એક ભાષા (૩)
૩૨. શિક્ષણ વગેરેનો મન પર પડેલો પ્રભાવ (૩)

**ઊભી ચાવી**

૧. તખ્તા પર આવવું તે (૫)
૨. લોભ, લાલસા, લાંચ (૩)
૩. કથા કહેનાર (૪)
૪. મેળાવડો, પરિષદ, બેઠક (૨)
૫. કસોટીનો મૂલ્યાંક, પ્રાપ્તાંક (૩)
૭. સમૃદ્ધિ, ફતેહ, લાભ (૪)
૯. લગ્ન કરતાં છોકરી અને છોકરો (૪)
૧૧. સમાવેશ કરવો તે (૪)
૧૪. જલદી, ફટાફટ (૨)
૧૬. ગમે ત્યારે કંઇ પણ થઇ - -- (૨)
૨૦. --- આપવી એટલે નમતું જોખવું (૩)
૨૧. સમાપન, સારાંશ (૫)
૨૨. સ્પર્ધા, કલહ (૩)
૨૪. મોટું, ભવ્ય, મહત્તાવાળું (૩)
૨૬. જીવિત, જીવતર (૩)
૨૬-અ. દોસ્ત, મિત્ર (૨)
૨૮. એક જાતનું કંદ (૩)
૩૦. --- મારવા એટલે ખોટાં વખાણ કરવાં (૨)

### ચતુર આપો જવાબ — અર્થ જણાવો

હૈયાની હુતાશનને બસ હૈયામાં સંઘરીએ વાક્યમાં હુતાશન શબ્દનો અર્થ જણાવો.

અ) ગભરાટ બ) ગુસપુસ ક) અગ્નિ ડ) ચુપકીદી

### ગુજરાત મોરી મોરી રે

સમસ્યાને દૂર કરવા અનુકૂળ ઉપાય જડી જવો એ ભાવાર્થની કહેવતના શબ્દો આડાઅવળા થઈ ગયા છે જે યોગ્ય રીતે ગોઠવી કહેવત જણાવો.

તેવું દર્દીને ફરમાવ્યું ભાવ્યું વૈદે

### માતૃભાષાની મહેક

હવાના પર્યાયવાચી શબ્દો છે પવન, વાયુ, અનિલ, સમીર, મરુત. એક હવા સો દવા એટલે તંદુરસ્તી પર હવાની સૌથી સારી અસર થાય છે. હવામાં અધ્ધર લટકવું - હીંચકા ખાવા એટલે કામ ધંધા વિના રહેવું, ઝોલાં ખાવાં અથવા ટિચાયા કરવું. હવામાં કિલ્લા બાંધવા એટલે અસંભવિત ઈચ્છાઓ કરવી.

### ઈર્શાદ

તારાં સ્વપ્નોમાં છું એવો લીન કે,
તું જગાડે તોય હું જાગું નહીં.

- ભગવતીકુમાર શર્મા

### સુડોકુ-૮૦૩૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૨ | | ૫ | | | ૪ | | |
| | ૯ | | ૩ | ૧ | | ૭ | | |
| | | | ૯ | | | | ૧ | ૨ |
| | ૪ | ૭ | | | | ૧ | | ૮ |
| | | | | | | | | |
| ૮ | | ૫ | | | | ૯ | ૪ | |
| ૭ | ૩ | | | | ૮ | | | |
| | | ૪ | | ૯ | ૭ | | ૫ | |
| | | ૧ | | | ૩ | | ૯ | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૮૦૩૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૯ | ૧ | ૬ | ૪ | ૩ | ૫ | ૨ | ૮ |
| ૨ | ૫ | ૩ | ૧ | ૭ | ૮ | ૪ | ૬ | ૯ |
| ૪ | ૮ | ૬ | ૨ | ૫ | ૯ | ૩ | ૧ | ૭ |
| ૯ | ૪ | ૨ | ૩ | ૮ | ૫ | ૧ | ૭ | ૬ |
| ૫ | ૧ | ૭ | ૪ | ૨ | ૬ | ૮ | ૯ | ૩ |
| ૩ | ૬ | ૮ | ૯ | ૧ | ૭ | ૨ | ૪ | ૫ |
| ૮ | ૨ | ૯ | ૭ | ૩ | ૪ | ૬ | ૫ | ૧ |
| ૧ | ૭ | ૫ | ૮ | ૬ | ૨ | ૯ | ૩ | ૪ |
| ૬ | ૩ | ૪ | ૫ | ૯ | ૧ | ૭ | ૮ | ૨ |

### માઈન્ડ ગેમ

ટેસ્ટ ક્રિકેટના ઈતિહાસની ઓસ્ટ્રેલિયા - વેસ્ટ ઈન્ડિઝ વચ્ચેની પ્રથમ ટાઈ ટેસ્ટમાં વેસ્ટ ઈન્ડિઝના કેપ્ટન કોણ હતા?

અ) ક્લાઇડ વોલ્કોટ બ) રોહન કન્હાઈ ક) ગેરી સોબર્સ ડ) ફ્રેન્ક વોરેલ

### ગયા બુધવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| MAD | પાગલ |
| MADE | બનાવ્યું |
| MAID | નોકરાણી |
| MEND | સુધારવું |
| MEADOW | ઘાસવાળી જમીન |

ગુજરાત મોરી મોરી રે: જર જમીન ને જોરૂ એ ત્રણેય કજિયાનાં છોરું

ઓળખાણ પડી?: ઉર્જિત પટેલ

માઈન્ડ ગેમ: રામસ્વામી

ચતુર આપો જવાબ અર્થ જણાવો: બહાનાં

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) ડૉ. પ્રકાશ કટકિયા (૩) ભારતી પ્રકાશ કટકિયા (૪) સુભાષ મોમાયા (૫) ખુશરૂ કાપડિયા (૬) હર્ષા મહેતા (૭) ભારતી બુચ (૮) મુલરાજ કપૂર (૯) નૂતન વિપીન (૧૦) પુષ્પા પટેલ (૧૧) લજિતા ખોના (૧૨) મહેશ દોશી (૧૩) શ્રદ્ધા આશર (૧૪) મીનળ કાપડિયા (૧૫) તાહેર ઔરંગાબાદવાલા (૧૬) શીરીન ઔરંગાબાદવાલા (૧૭) જ્યોતિ ખાંડવાલા (૧૮) અબ્દુલ્લા એફ. મુનીમ (૧૯) ભાવના કર્વે (૨૦) મનીષા શેઠ (૨૧) ફાલ્ગુની શેઠ (૨૨) મહેન્દ્ર લોઢાવિયા (૨૩) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૪) નંદકિશોર સંજાણવાળા (૨૫) નયના ગિરીશ મિસ્ત્રી (૨૬) જગદીશ ઠક્કર (૨૭) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૨૮) પુષ્પા ખોના (૨૯) ચૌહાણ જયેશભાઈ પરબતભાઈ (૩૦) અંજુ ટોલિયા (૩૧) વિણા સંપટ (૩૨) દેવેન્દ્ર સંપટ (૩૩) જયવંત પદમશી ચિખલ (૩૪) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૫) અરવિંદ કામદાર (૩૬) નિતિન બજરિયા (૩૭) જ્યોત્સના ગાંધી (૩૮) રમેશ દલાલ (૩૯) ઈનાક્ષી દલાલ (૪૦) હિના દલાલ (૪૧)અલકા વાણી

# અજબ ગજબની દુનિયા

હેન્રી શાસ્ત્રી henry.shastri@bombaysamachar.com

## પૂરી દો મારી માને જેલમાં!






સમસ્ત યુએસએના રહેવાસીઓ કટોકટીના સમયમાં તાકીદની સહાય, રાહત માટે ‘૯૧૧’ ટેલિફોન નંબર ડાયલ કરી શકે છે. ચીઝ માટે પ્રખ્યાત અને અમેરિકાના ‘ડેયરીલેન્ડ’ તરીકે ઓળખાતા વિસ્કોન્સિન રાજ્યમાં આ ઈમરજન્સી નંબર પર એક મજેદાર કોલ આવ્યો. ફોન પર ચાર વર્ષના બાળકે પોલીસને ફરિયાદ કરી કે ‘પ્લીઝ, અહીં આવી મારી માને પકડી જાઓ અને એને જેલમાં પૂરી દો.’ સામે છેડેથી બાળકને પરેશાનીનું કારણ પૂછવામાં આવ્યું, પણ બાળકે તો એક જ રટ પકડી હતી કે ‘મારી માને લઈ જાઓ.’ પછી ખબર પડી કે દીકરાને કીધા વિના મા એનો આઈસક્રીમ ઝાપટી ગઈ એટલે દીકરો રિસાણો અને માતુશ્રીને પાઠ ભણાવવા કોલ કર્યો. પોલીસ ત્વરાએ ઘટનાસ્થળે પહોંચી પણ ત્યારે બાળકની મા માટેની મમતા જાગી ઊઠી અને પોલીસ મમ્મીને પકડીને લઈ જાય એવી એની કોઈ ઈચ્છા નહોતી. હસતા મોઢે પોલીસ પાછી ફરી પણ પોલીસ બીજે દિવસે પાછી આવી, ચાર વર્ષના બાળક માટે આઈસક્રીમની સરપ્રાઈઝ ગિફ્ટ સાથે !

## આંખના પલકારામાં પર્વત પર



ચીન ટેક્નોલોજીમાં ગજબનાક હરણફાળ ભરી રહ્યું છે. વાત છે ચીનના હુનાન પ્રાંતના ઝાંગજિયાજી વિસ્તારમાં સ્થિત એક એલિવેટર એટલે કે એક લિફ્ટની. ૧૦૭૦ ફૂટ ઊંચી આ મહાકાય લિફ્ટ પૃથ્વી પરની સૌથી ઊંચી, સૌથી વધુ વજન ખમવાની ક્ષમતા ધરાવતી અને સૌથી ઝડપી લિફ્ટનું બિરુદ ધરાવે છે. હુનાન પ્રાંતના સુંદર પર્વતની ટોચ પર પહોંચવા વાહનમાં ઘણા કલાક લાગતા હતા. હવે આ લિફ્ટ સહેલાણીઓને તળેટીથી શિખર બે મિનિટથી ઓછા સમયમાં પહોંચાડી દે છે. ૧૮ કરોડ યુઆન (આશરે બે અબજ ૧૫ કરોડ રૂપિયા)ના ખર્ચે તૈયાર થયેલા આ બાંધકામમાં ત્રણ ડબલ ડેકર કાચની લિફ્ટ એકબીજાને સમાંતર આવનજાવન કરી શકે છે. દર કલાકે ૪૦૦૦ સહેલાણીઓ પર્વતની ટોચે પહોંચી શકે છે. ધરતીકંપની સૂચના આપતી સુવિધા સહિત કેટલીક અદ્યતન સગવડ પણ છે. લિફ્ટના પ્રવાસની રિટર્ન ટિકિટ માટે ૩૨ અમેરિકન ડૉલર(આશરે ૨૮૦૦ રૂપિયા) ચૂકવવા પડે છે જે સગવડના હિસાબે પાણીનો ભાવ કહેવાય.

## ૧૦૮ની ઉંમરે કેશ - કાતર - કાંસકીની કમાલ






‘ના ઉમ્ર કી સીમા હો, ના કર્મ કા હો બંધન, જબ કામ કરે કોઈ તો દેખે કેવલ મન…’

ગીતકાર ઈન્દીવરની મૂળ રચનામાં થોડા ફેરફાર સાથેનું જીવન ૧૦૮ વર્ષનાં જેપનીઝ દાદીમા જીવી રહ્યાં છે. ભજન, કીર્તન કરવાની અને મંદિરના ઓટલે બેસી ૧૦૮ની માળા ફેરવવાની ઉંમરે ૧૦૮ વર્ષનાં હાકોઈશી નામ ધરાવતા દાદીમા કેશ કર્તન, કેશ ગુંફન કરી ગ્રાહકોના મુખારવિંદ મોહક બનાવવાની જહેમત ઉઠાવી રહ્યાં છે. વિશ્વના સૌથી વયસ્ક કેશ કર્તનકારની સિદ્ધિ મેળવનારાં દાદીમાએ છેક ૧૯૩૧થી આ વ્યવસાય અપનાવ્યો છે. ૧૯૩૬માં વાળંદનું અધિકૃત લાઇસન્સ મેળવ્યું અને ૨૩ વર્ષની ઉંમરે ૧૯૩૯માં પતિની સાથે સ્વતંત્ર સેલોં શરૂ કર્યું. જોકે, બીજા વિશ્વયુદ્ધ દરમિયાન બૉમ્બમારામાં સેલોં ઉધ્વસ્ત થઈ ગયું અને સરહદે ગયેલા પતિ શહીદ થયા બાદ શ્રીમતી હાકોઈશીએ ૧૯૫૪માં વતનમાં એક ગ્રાહક બેસી શકે એવું કેશ કર્તનાલય શરૂ કર્યું, જે આજે ૭૧ વર્ષ પછી પણ કાર્યરત છે. ૭૦ વર્ષની ઉંમરે દરરોજ વ્યાયામ કરવાની આદત પાડનારાં દાદીમાની વરણી ૧૦૪ વર્ષની ઉંમરે ટોક્યો ઓલિમ્પિક્સમાં મશાલચી તરીકે થઈ હતી. છેલ્લા દોઢેક વર્ષથી ઘૂંટણની તકલીફ થવાથી દાદીમાએ ગ્રાહકોની સંખ્યા પર કાતર ફેરવી છે. ‘કામ તો થાય ત્યાં સુધી કરવું ’ એ સિદ્ધાંતને અનુસરતાં શ્રીમતી હાકોઈશી નિયમિત ગ્રાહકોના કેશ કર્તનનું કામ કરે છે. ‘કિશોરાવસ્થાથી સંઘર્ષ કરતી આવી છું, પણ આજે મોજમાં જીવી રહી છું’, દાદીમાના લેખાંજોખાં છે, ‘શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય ટકાવી રાખવું હોય તો પૂર્વગ્રહ રાખવા નહીં, કોઈની ઈર્ષ્યા કરવી નહીં અને લડાઈ ઝઘડાથી દૂર રહેવું.’

દીર્ઘ આયુષ્યના સમીકરણ કેટલા સીમ્પલ હોય છે ને અને હા, આવી સિમ્પલ વાતો જ આપણને ગળે નથી ઉતરતી, હેં ને!

## તૈયાર ભાણાને હડસેલો



મોસાળમાં જમણ હોય ને મા પીરસણ હોય તો પછી જલસા જ પડે ને… તૈયાર ભાણે જમવા મળે તો પલાંઠીવાળી ભલભલા તૈયાર થઈ જાય. અલબત્ત, જગતમાં સામા વહેણે તરનારા લોકો હોય છે. તૈયાર ભાણે બેસવા તૈયાર ન હોય એવા લોકો ‘કેટલી વીસે સો થાય’ એની ખબર પડવી જોઈએ એવું માનતા હોય છે.

૨૭ વર્ષની ભર યુવાનીમાં યુએસની પ્રખ્યાત ફાસ્ટ ફૂડ ચેનની પ્રેસિડેન્ટ બની અબજોમાં આળોટવા લાગેલી લિન્સી સ્નાઈડરે ભર કિશોરાવસ્થામાં ૧૭ વર્ષની ઉંમરે ઉનાળા વેકેશનની જોબ મેળવવા પોતાની જ કંપનીની બહાર બે કલાક લાઈનમાં તડકામાં આળોટી હતી. મોસાળમાં જમણ અને મા પીરસણ વ્યવસ્થા એને સ્વીકાર્ય નહોતી. માલિકની દીકરી તરીકે સ્પેશિયલ ટ્રીટમેન્ટ એને નહોતી જોઈતી. સગપણ નહીં, આવડતના આધારે કામનું મૂલ્યાંકન કરવામાં આવે એવી લિન્સીની ઈચ્છા હતી. લાયકાતના જોરે કંપનીના સ્ટોરમાં જોબ મળ્યા પછી શાકભાજી સમારવા, ગ્રાહકોને સર્વ કરવા જેવા કામ હોંશે હોંશે કર્યા. સ્ટોર મેનેજર સિવાય એની અસલિયત કોઈ નહોતું જાણતું. પરિણામે અન્ય કર્મચારીઓ સાથે થતો તેવો જ વ્યવહાર એની સાથે પણ થતો હતો. આ વાતાવરણમાં રહેવાથી પોતાનું ઘડતર થયું એવું લિન્સી માને છે. પોતાની જ કંપનીમાં કેટલાક ડૉલરનો જોબ લેનારી લિન્સી આજની તારીખમાં ૭.૩ બિલિયન ડૉલરની સંપત્તિની માલિક છે.

## લ્યો કરો વાત!

*કોર્પોરેટ કંપનીમાં કામ કરતી મહિલાની બદલી અચાનક બીજા શહેરમાં કરવામાં આવી. હસબંડ ઑફિસના કામે બહારગામ ગયા હોવાથી એમને જાણ ન કરી શકાઈ. એટલે પતિને મેસેજ મોકલી જાણ કરી દેવામાં આવી. થયું એવું કે એ મેસેજ પતિને પહોંચવાને બદલે ભૂલથી અન્ય વ્યક્તિના નંબર પર ગયો. વાત એમ હતી કેએ ભાઈની પત્નીનું હજી એક દિવસ પહેલા જ અવસાન થયું હતું. મેસેજ વાંચીને અજાણ્યા ભાઈ તો થરથરી ગયા, કેમ? મેસેજ આવો હતોઃ ‘હું અહીં સુખરૂપ પહોંચી ગઈ છું. જોકે, મને તમારી બહુ યાદ આવે છે. બે-ત્રણ દિવસમાં જ હું તમને અહીં બોલાવી લઈશ.’* ■

# સટ્ટાક સવાલ… ફટ્ટાક જવાબ

## રમૂજી સવાલના મનમોજી જવાબ

દર્શન ભાવસાર

**બત્રીસ કોઠે દીવા થાય. તો લાઈટ કેમ નહીં?**
* કહેવત રચનારાના જમાનામાં ઇલેક્ટ્રિસિટી નહોતી.
**ડ્રીમ ગર્લ હોય તો ડ્રીમ વુમન કેમ નહીં?.**
* ડ્રીમ ગર્લ યોજના માત્ર અપરિણીત યુવકો માટે છે.
**ગાંધીજી ફરીથી ભારતમાં જન્મ લે તો એમને કોઈ ઓળખે ખરાં?**
* હા, આધાર કાર્ડ- પાન કાર્ડ ને ચૂંટણી કાર્ડ હોય તો તરત ઓળખે.
**ઘરજમાઈ બનવાના ફાયદા શું?**
* પત્ની વારંવાર પિયર જવાની જિદ ન કરે
**આત્મકથા ક્યારે લખવી જોઈએ?**
* તમારો આત્મા ને પુસ્તક પ્રકાશક જાગે ત્યારે!
**સડેલી કેરી ટોપલાની બધી કેરી કેવી રીતે બગાડી શકે?**
* એક ભ્રષ્ટ નેતા જેમ આખા પક્ષને બગાડી શકે તેમ !
**મામાનું ઘર કેટલે દીવો બળે એટલે. ?**
* ગૂગલ જેટલું દૂર બતાવે એટલે!
**પંખીડાને પિંજરું જૂનું જૂનું કેમ લાગતું હશે?**
* જૂનું આપીને નવું લઈ જવાની કોઈ સ્કીમ વાંચી હશે.
**પ્રદક્ષિણા કરનારને દક્ષિણા મળે કે આપવી પડે?**
* કોની પ્રદક્ષિણા કરો છો એના પર બધો આધાર છે.
**ઝીરો બેલેન્સ -, ઝીરો ક્રાઈમ- ઝીરો ફિગર. હવે બાકી શું રહ્યું. ?**
* ઝીરોનું ઝીરો ઝીરો ! .
**ભગત કેટલા પ્રકારના હોય?**
* અઠંગ ભગત, ઠગ ભગત, મિલી ભગત, ઈત્યાદિ..
**ઘર અને બહારના યુદ્ધમાં શું ફરક?**
* બહારનું યુદ્ધ બધા જુએ- ઘરનું યુદ્ધ પાડોશી સાંભળે !
**પ્રાણ જાયે પર વચન ન જાયેં…આ જૂની કહેવત- આજે નવી કંઈ ?**
* હવે ‘વચન જાયેં, પર પ્રાણ નહીં…’
**રસગુલ્લા અને હસગુલ્લા ભેગા કરો તો?**
* મસ્તગુલ્લા બને !
**જીતે એ સિકંદર…અને હારે એ?**
* છછુંદર.!

કચ્છી ચોવક___કિશોર વ્યાસ
kishor.vyas@bombaysamachar.com

# લોભી વૃત્તિ સામે લાલબત્તી



આપણે ગુજરાતી ભાષામાં પણ એક કહેવત નો ઉપયોગ કરીએ છીએંઃ પાઇની પેદાસ નહીં ને ઘડીની ફૂરસદ નહીં. એવી જ ચોવક પણ પ્રચલિત છેઃ ‘પઇ જી પેધાસ ન તેં ઘડીજી ફૂરસત ન.’ મતલબ કમાણી પણ નહીં અને સમય પણ નહીં. તો વળી ઘણા એવી પરિસ્થિતિનો પણ પોતાની પ્રસિદ્ધિ વધારવા માટે લાભ લેતા હોય છે. કામ કે સેવા ઓછી કરે પણ વાહવાહ ઘણી બોલાવે ! એવા લોકોને ચાબૂક ફટકારતી ચોવક છેઃ ‘પાટઇજી પેડીને હજાર જો હુલ્લ’ અહીં ‘પાટઇ’ શબ્દ વપરાયો છે, જે કચ્છમાં એક ‘માપ’નું સાધન હતું. અને ‘હુલ્લ’ એટલે હલોગલો કે અફવા એવો અર્થ થાય છે. ‘પાટઇ’ એક નાનકડો માપ હતો. ચોવકનો મતલબ એવો કાઢી શકાય કે, કામ તો મુઠ્ઠીમાં સમાય તેટલું જ કર્યું હોય પણ યશ ખોબા જેટલો મેળવે!

‘પાટઇ’ શબ્દ અન્ય કેટલીક ચોવકોમાં પણ વાપરવામાં આવ્યો છે. ‘પાટઇ પવાલા ખોટા ય માપ ય ખોટા?’ સીધો અર્થ એવો થાય છે કે ‘નાના’ સાથે ‘મોટા’ની સરખામણી ન થઇ શકે. આ ચોવક પર ફરી એકવાર નજર નાખજો મિત્રો. ચોવકમાં બે વખત માત્ર એક અક્ષરનો જ પ્રયોગ કરવામાં આવ્યો છે. એ ટૂંકાક્ષરી કચ્છી ભાષાનાં દર્શન કરાવે છે. અહીં એ ‘ય’ ‘પણ’ ના અર્થમાં વપરાયો છે.

કોઇ મોટા કામનો પ્રારંભ થઇ જાય એટલે એમ કહેવાય કે ‘પા શેરે મેં પેલી પૂણી’. ગુજરાતીમાં પણ આપણે બોલતા હોઇએ છીએં ક, ‘પા શેરામાં પહેલી પૂણી’ પણ એવા મોટાં અને મહત્ત્વનાં કામમાં વિલંબ થાય કે, ઢીલાશ વરતાય ત્યારે ચોવક કહે છે કે, ‘પાટઇ મિંજા પવાલો પ નાંય પીસાણું’ અર્થ સમજી એં : એક પાટી માપનો લોટ દળવાનો હોય, પણ તેમાંનો એક પવાલો અનાજ પણ નથી દબાયું! એ રીતે અહીં મોટાં કામ ન થવા બાબતે રૂપકનો પ્રયોગ કરવામાં આવ્યો છે.

એક ચોવક છે : ‘બરે ઘર મિંજા કખ નિકરે સે ખાસા’ ચોવકમાં જોકે ભારોભાર વ્યથા ભરેલી છે. સીધો અર્થ એ થાય કે ઘર બળી ગયા પછી જો એમાંથી બે તણખલાં પણ બચી ગયાં હોય અને હાથ લાગે, એ પણ સારાં ! ઉદાહરણ બળતાં ઘરનું આપ્યું છે પણ, જયારે બધું જ જવા બેઠું હોય ત્યારે જે કંઇ બચાવી શકાય તે કામ લાગે છે. સંબંધિત કહેવતો છેઃ ‘ભાગતા ભૂતની ચોટલી’ અને ‘જે બચ્યું તે બાપનું.’


તમે જોયું હશે કે, ઘણા લોકો કરકસરના નામે લોભ કરતા હોય છે. તેમ કરતાં કયારેક મોટું નુકસાન પણ વેઠવું પડતું હોય છે. ત્યારે ચોવક કહે છે કે, ‘પંજ ન ખરચીયેં સે પિંજી ખરચીયેં.’ જે પાંચ રૂપિયા પણ ન ખરચે તેણે પચીસ ખરચી નાખવા પડે!


આવા જ સંજોગોને સ્પર્શતી, પણ થોડી અલગ પડતી એક ચોવક છેઃ ‘પાયલે જો કપા નેં પોંણી કોરી પિંજાણી’ ‘પાયલો’ એ કચ્છ રાજયનું ચલણ હતું. જેનું મૂલ્ય ‘એક ટકા’ જેટલું જ હતું. એવા એક પાયલાથી ખરીદેલા કપાસની પિંજાપણ પોણો કોરી ચૂકવવી પડે. તો એ સરવાળે મોંઘું જ ગણાય ને! આ ‘કોરી’ પણ કચ્છી ચલણનું નામ છે. ગુજરાતીમાં આપણે બોલતા જ હોઇએ છીએં કે : ‘ઘાટ કરતાં ઘડામણ મોંઘું’ બસ એવો જ અર્થ થાય છે કે, મૂળ ચીજ કરતાં તેની માવજત મોંઘી પડે !

આપણે હમણાં લોભી વૃત્તિના લોકો અંગેની ચોવક માણી. એવી લોભી વ્યક્તિને જયારે કંઇ જ ફાયદો ન થાય ત્યારે એમ કહેવાય કે, ‘બાઇ રિઇ બીં કનાં’ મતલબ કે બધી બાજુથી લાભ ગુમાવવો. અહીં ‘બાઇ’ શબ્દ સ્ત્રીના પ્રતિકાત્મક રૂપે મૂકવામાં આવ્યો છે. ‘બીંકના’ એટલે બન્ને બાજુથી સ્ત્રીને પ્રતીક રાખીને બનાવેલી બીજી પણ એક ચોવક છેઃ ‘બાઇ જા બેર આંને અઢઇ શેર’ મતલબકે, લેખાં જોખાં કે કોઇકની સરખામણીમાં ફાયદો જોવા ન મળે કે ઉતરતી કક્ષા જણાય ત્યારે આ ચોવક વપરાય છે. ■

ઔર યે મૌસમ હંસીં…
દેવલ શાસ્ત્રી
feedback@bombaysamachar.com

# માણસજાતનો એક કાયમી દોસ્ત નામ છે એનું ‘સાબુ’!






હોળી તો આવે અને જાય, ગરમીની ઋતુ આવે અને જાય પણ એક દોસ્ત કાયમી સાથે નિભાવે છે એનું નામ છે સાબુ

અહીં સાબુ એટલે ‘સામાન્ય બુદ્ધિ’ની વાત નથી થતી, પણ સાબુ એટલે બાથરૂમવાળો સાબુ. આપણે એવું માનીએ છીએ કે સાબુને શરીર પર રગડવાનો પણ રોમાનિયાવાળાઓએ બે હજાર કિલો વજન ધરાવતો સાબુ બનાવ્યો હતો, તેના પર આપણે જાતે જ રગડાવું પડતું હશે.

એક કાલ્પનિક કથા એવી છે કે માઉન્ટ સેપો નામની જગ્યા પર પ્રાણીઓના બલિ આપવામાં આવતાં હતા, એ પછી એનો અગ્નિના ઉપયોગથી ભોજન તરીકે ઉપયોગ થતો હતો. પ્રાણીઓની ચરબી અને લાકડાની રાખ નદીમાં આવતી, જેનાથી મહિલાઓ કપડાં ધોતી હતી. આ સેપો પર્વત પરથી ‘સોપ’ શબ્દ આવ્યો હોવાનું માનવામાં આવતું હતું. સરવાળે ભોજન સામગ્રીમાંથી યોગાનુયોગ સાબુ બન્યો હોવાની પણ માન્યતા છે. આ કથાઓમાં સાબુને દેવતાઓના આશીર્વાદ સાથે પણ જોડવામાં આવ્યા હતા.

વિદેશના સોપ ઓપેરામાં હાજરી આપવી એ કળા સાથે સંકળાયેલી વ્યક્તિ માટે પ્રતિષ્ઠાનો ભાગ ગણવામાં આવે છે. સોપ કંપનીઓ નાટકો તથા શોને પ્રાયોજિત કરતી હોવાથી ‘સોપ ઓપેરા’ શબ્દ ચલણમાં આવ્યો હોવાનું માનવામાં આવે છે.

સાબુ એક સમયે કિંમતી જણસ ગણવામાં આવતો, આફ્રિકાના ઘણા દેશોમાં નાણાકીય વ્યવહાર માટે સાબુનો ઉપયોગ કરવામાં આવતો હતો.

આમ તો સાબુનો ઉપયોગ વ્યક્તિગત હોય છે. મહદઅંશે દરેક વ્યક્તિ સાબુ પર સ્વતંત્ર અધિકાર ધરાવતાં હોય છે. આરોગ્યની દ્રષ્ટિએ સાબુ પર સ્વતંત્ર અધિકાર હોય તો બીમારીઓથી દૂર રહી શકાય. આજકાલ તો એવું માનવામાં આવે છે કે જો પરિવારમાં કોમન સાબુ હોય તો તેના ઉપયોગ પછી ધોઈ નાખવો જોઈએ. એનો અર્થ એ થયો કે સાબુથી શરીર ધોયા પછી સાબુને પણ ધોવો જોઈએ. સાબુથી સ્વચ્છતા જાળવવી હોય તો કમસેકમ વીસ સેકન્ડ સુધી સાબુ ઘસવો જોઈએ. સાબુનો ઉપયોગ કોવિડના સમયે આપણને વિશેષ રીતે સમજાયો હતો.

આમ તો સ્વચ્છતાનો આગ્રહ ભારતીય પરંપરામાં યુગોથી છે. ત્રણ વાર નહાવું અને એક વાર ભોજનની વાત સદીઓથી ભારતીયોને શીખવવામાં આવી છે. ઘણીવાર નદીઓમાં કે તળાવમાં સ્નાન કરતી વ્યક્તિ સાબુ- પોતાની સામાન્ય બુદ્ધિનો ઉપયોગ કરતો નથી અને સાબુ વડે સ્નાન કરીને પાણીને પ્રદૂષિત કરે છે.

સાબુનો ઇતિહાસ પાંચેક હજાર વર્ષ જૂનો છે. ગ્રીસ, ઇજિપ્ત કે રોમમાં સાબુની ગાથાઓ લખવામાં આવી છે, આપણે બનારસ જેવા પૌરાણિક શહેરમાં અભ્યાસ કરીએ તો અહીં પણ સાબુ જેવા દ્રવ્ય મળી શકે છે. અમેરિકામાં મીણબત્તીઓનું ઉત્પાદન કરતાં પ્રોક્ટરભાઈએ સાબુ જેવી પ્રોડક્ટ પર કામ કર્યું અને તેના ગેમ્બલ નામના મિત્ર સાથે મળીને છેલ્લી સદીમાં દુનિયાની પ્રતિષ્ઠિત કંપની ‘પ્રોક્ટર એન્ડ ગેમ્બલ’ ઊભી કરી દીધી.

પ્રારંભિક સમયમાં સાબુ પાણીમાં તરતો હોવાની વાતને શુદ્ધતાનું પ્રતીક માનવામાં આવ્યું. સાબુની પરિકલ્પનાથી ડિટર્જન્ટ જેવી પ્રોડક્ટ શોધવામાં આવી. યુરોપમાં સાબુનો પ્રારંભિક ઉપયોગ કપડાં પર કલરકામ માટે થતો હતો. સદીઓ પછી સાબુમાં જાતજાતના કેમિકલનો ઉપયોગ થતો હતો, આ કારણે પ્રાકૃતિક નુકસાન થવાના ડરથી સાબુ પર જાતજાતના ટેક્સ નાખીને તેને અમીરો માટેની પ્રોડક્ટ બનાવી દેવામાં આવી હતી.

દોઢસો વર્ષ પહેલાં વિલિયમ લીવર નામના સજ્જને સાબુના ઉત્પાદનમાં હાથ નાખ્યો અને જ્વલંત સફળતા મેળવી. લીવર સાહેબે પોતાના કર્મચારીઓને સુવિધા માટે ‘પોર્ટ સનલાઇટ’ નામનું નગર બનાવ્યું હતું. પહેલાં અને ખાસ બીજા વિશ્વયુદ્ધ દરમિયાન સૈનિકોની સ્વચ્છતાનો ખ્યાલ પર વિસ્તૃત ચર્ચાઓ થતાં સાબુની દુનિયાભરમાં ડિમાન્ડ વધવા લાગી હતી.

અજાણ્યાના બાથરૂમમાં જઈએ તો એ ક્યાં બ્રાન્ડનો સાબુ વાપરે છે એ પરથી સામાન્ય વ્યક્તિ સ્વચ્છતા અને આર્થિક માપદંડ નક્કી થતો હોય છે. આપણે ત્યાં તો ફિલ્મ હીરોઈનોની ‘સુંદરતા’ નો રાઝ એક ચોક્કસ બ્રાન્ડના સાબુને આભારી છે એવો વર્ષોથી તગડો પ્રચાર થાય છે !

એ અલગ વાત છે કે મોસાળમાં જતાં હતાં ત્યારે એક જ સાબુથી પંદર જણા સ્નાન કરતાં હોવા છતાં એ સમયે કોઈએ સ્વચ્છતાના પાઠ ભણાવ્યા ન હતાં. સાબુ છે સામાન્ય પ્રોડક્ટ, પણ સ્નાનથી માંડીને કપડાં ધોવા તથા વાસણ માંજવા સુધીના કામમાં નેતૃત્વ ધરાવે છે.

નજીકના ભવિષ્યમાં AI ની મદદથી સાબુની નવી ટેક્નોલોજી શોધશે, પણ સાબુ વગર માનવજાતને ચાલશે નહિ.

આજે સોલિડ સાબુમાંથી લિક્વીડ સાબુનો વપરાશ વધવા લાગ્યો છે. બાળકો, યુવાઓ, વયસ્કો, મહિલાઓ, પુરુષો, દર્દીઓ માટે, કેમિકલયુક્ત કે કુદરતી તત્ત્વોથી સભર સાબુ બજારમાં આવી રહ્યા છે અને દરેક અંગ માટે અલગ નિષ્ણાત ડોક્ટર હોય છે એ જ રીતે કદાચ સાબુ ક્ષેત્રમાં પણ થાય.

ભારતમાં પાંચ હજાર કરોડ કરતાં વિશાળ સાબુ ઉદ્યોગ હોવા છતાં આપણે ત્યાં સાબુ પર થતી આર્ટ વધારે પ્રચલિત નથી, પણ વિદેશમાં સાબુ પર ડિઝાઇન અને આર્ટવર્ક ખૂબ પ્રચલિત છે. યુરોપના ઘણા દેશોમાં સાબુ આર્ટ માટે ખાસ ડિઝાઇન વર્કશોપ થાય છે. સાબુ પર બારીક નકશીકામ શીખવાડવામાં આવે છે. થાઈલેન્ડ જેવા દેશમાં પરંપરાગત સાબુ પરની ડિઝાઈનની કળાનો વિકાસ થયો છે. સાબુના મટિરિયલમાંથી આકર્ષક મૂર્તિઓ બનાવવામાં આવે છે. લેબેનોનમાં ખાસ પરિવાર દ્વારા સોના અને હીરાના પાવડરનો ઉપયોગ કરીને હજારો રૂપિયાનો સાબુ વેચવામાં આવે છે. પરીક્ષા સમયે જે રીતે વૈદ્યાર્થીઓને પેન ભેટ આપવામાં આવે છે એ રીતે કેટલીક સંસ્કૃતિઓમાં પરીક્ષા સમયે સાબુ ભેટ આપવાની પણ પ્રથા પ્રચલિત હતી! ■

**ધ એન્ડ :**

*સુંદરતાનો સ્વચ્છતા સાથે ગાઢ સંબંધ છે. (વેરા એલન)*

# ગુજરાતના ૧૮૦ ધારાસભ્યોની કુલ સંપત્તિ ₹ ૩૦૦૯ કરોડ

## ૫૫ ટકા ધારાસભ્યો ગ્રેજ્યુએટ પણ નથી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ચૂંટણી મોનિટરિંગ સંસ્થા એસોસિયેશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ (એડીઆર) અને નેશનલ ઇલેક્શન વોચ (એનઈડબલ્યુ) એ રાજ્ય વિધાનસભાઓ અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં વર્તમાન ધારાસભ્યોના સ્વ-સોગંદનામાનું વિશ્લેષણ કર્યું હતું કે, આ વિશ્લેષણમાં ગુજરાતના ધારાસભ્યો અંગે કેટલાક ચોંકાવનારા ખુલાસા કરવામાં આવ્યા હતા. જે મુજબ ગુજરાતના વર્તમાન ૧૮૦ ધારાસભ્યોની કુલ સંપત્તિ ૩૦૦૯ કરોડ રૂપિયા છે. રાજ્યમાં સૌથી વધુ ૬૬૧ કરોડની સંપત્તિ માણસાના ધારાસભ્ય જયંતી પટેલ પાસે છે. જ્યારે રાજ્યમાં ૨૧ ટકા એટલે કે ૩૭ ધારાસભ્ય સામે ગુના દાખલ થયેલા છે. ગુજરાતના ૨૬ ધારાસભ્ય સામે મહિલાવિરોધી ગુના, હત્યા, હત્યાની કોશિશ, અપહરણ જેવા ગંભીર ગુના નોંધાયેલા છે.

દેશમાં સૌથી ઓછું ભણતર ધરાવતા ધારાસભ્યો ગુજરાતના છે. એડીઆર રિપોર્ટ મુજબ ગુજરાતના ૫૫ ટકા ધારાસભ્યો ગ્રેજ્યુએટ પણ થયેલા નથી. ગુજરાતના ૯૮ ધારાસભ્યો ધો.૫થી ઓછું અથવા ધો.૫થી ૧૨ અથવા ડિપ્લોમા સુધી અભ્યાસ કર્યો છે. ગુજરાત વિધાનસભામાં માત્ર ૧૪ મહિલા જ ધારાસભ્ય છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ ડેટા ધારાસભ્યો દ્વારા તેમની છેલ્લી ચૂંટણી લડતા પહેલા દાખલ કરવામાં આવેલા સોગંદનામામાંથી લેવામાં આવ્યો છે. ધારાસભ્યોના સ્વ-સોગંદનામાના વિશ્લેષણમાં જાણવા મળ્યું હતું કે દેશના ૧૮૬૧ ધારાસભ્યોએ પોતાના વિરુદ્ધ ફોજદારી કેસ જાહેર કર્યા છે. ■

# સુરતના ગુનેગારો પર તંત્રની તવાઈઃ મકાન પર બુલડોઝર ફરી વળ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં છેલ્લા ઘણા સમયથી ગુનાખોરી વધી છે, અસામાજિક તત્ત્વો બેફામ બની જાહેરમાં હત્યા, લૂંટ, ચોરી, બળાત્કાર અને મિલકતોને નુકસાન પહોંચાડી રહ્યા છે. આ દરમિયાન કાયદો અને વ્યવસ્થાની કથળેલી સ્થિતિ અંગે રાજ્ય પોલીસ વડા વિકાસ સહાયે સમગ્ર રાજ્યમાં સક્રિય હોય તેવી અસામાજિક તત્ત્વો સામે કાર્યવાહી કરવા અને યાદી બનાવવા સૂચના આપી હતી. જે અનુસંધાને અમદાવાદના વસ્ત્રાલમાં આતંક મચાવનારી ટોળકીના મકાન પર બુલડોઝર ફેરવવામાં આવ્યા બાદ સુરત ઉધના ખાતે રાહુલ એપાર્ટમેન્ટ ગેંગના મકાન પર બુલડોઝર ફરી વળ્યું હતું. પોલીસના કડક બંદોબસ્ત સાથે ૩ મકાન તોડી પાડવામાં આવ્યા હતા. આરોપી રાહુલ દીપડે સામે ગુજસીટોક, મારામારી, હત્યા જેવા ૨૨ ગુના નોંધાયેલા છે. તેની સામે ઉધના પોલીસ દ્વારા કાર્યવાહી કરવામાં આવી હતી. આ કાર્યવાહી વખતે આસપાસના પોલીસ મથકના અધિકારીઓ, મનપા અને એસ.આર.પીની ટીમની મદદ લેવામાં આવી હતી અને પોલીસનો ચાંપતો બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

સુરતના ઉધના વિસ્તારમાં 'રાહુલ એપાર્ટમેન્ટ' નામથી ગેંગ ચલાવતા રાહુલ દીપડેએ સરકારી આવાસ નજીક ગેરકાયદે રીતે ત્રણ મકાનો બનાવ્યાં હતાં. જેનો ઉપયોગ ગેરકાયદે પ્રવૃતિઓ માટે કરવામાં આવતો હતો. રાહુલ દીપડે સૂર્યા મરાઠી મર્ડર કેસ સહિત મારામારી અને હત્યા ૨૨ જેટલા ગુનામાં સંડોવાયેલો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે સુરત ક્રાઈમ બ્રાન્ચે વિશેષ તપાસ દરમિયાન ૧૩૦૦ જેટલા ગુનેગારોની યાદી બનાવી છે. જેઓ ૩૦૦ જેટલા ગંભીર ગુનાઓમાં સામેલ છે. ■

# જમીન માપણીનો વિરોધ કરતું ટી શર્ટ પહેરીને વિધાનસભામાં આવેલા ધારાસભ્ય હેમંત ખવા સસ્પેન્ડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત વિધાનસભાનું બજેટ સત્ર ચાલી રહ્યું છે. આમ આદમી પાર્ટીના ધારાસભ્ય હેમંત ખવાએ જમીન માપણીના વિરોધમાં સ્ટીકર લગાવેલું ટી શર્ટ પહેરીને આવ્યા હતા. જેને દૂર કરવાનું કહેવામાં આવ્યું હતું, પરંતુ તેમણે દૂર ન કરતાં સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. આપના ધારાસભ્ય હેમંત ખવા ગૃહમાં ખોટી જમીન માપણી રદ્દ કરો તેવું સ્લોગન લખેલું ટી શર્ટ પહેરીને આવ્યા હતા. વિધાનસભા અધ્યક્ષ શંકર ચૌધરીએ તેમને ગૃહમાં આ પ્રકારના વિરોધને મંજૂરી નથી તેમ કહ્યું હતું. ધારાસભ્યએ તેઓ માત્ર ભાજપ સરકારનું ખેડૂતોના પ્રશ્ને ધ્યાન ખેંચવા માગે છે તેમ જણાવ્યું હતું.

જામજોધપુરના ધારાસભ્ય હેમંત ખવાએ જણાવ્યું હતું કે, છેલ્લાં ૧૦ વર્ષથી ગુજરાતના ખેડૂતો ભૂલ ભરેલી જમીન માપણીથી તકલીફ ભોગવી રહ્યા છે. વર્ષ ૨૦૧૬માં ૨૫,૦૦૦ જેટલી અરજીઓ પહેલા જ થઈ હતી. હાલ છેલ્લાં ૧૦ વર્ષમાં ૮૩,૦૦૦ અરજીઓ સામે માત્ર ૧૩,૦૦૦ અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો છે. જેથી આની તપાસ થવી જોઈએ કારણ કે ભાજપના મળતિયાઓને લાભ કરાવવા ઉદ્દેશીને માપણી થઈ છે.

એક ખાનગી એજન્સી દ્વારા ગુજરાતમાં વર્ષ ૨૦૦૯-૧૦માં પ્રમોલગેશન હેઠળ માપણી ચાલુ કરવામાં આવી અને વર્ષ ૨૦૧૪માં એટલે કે માત્ર ૪ વર્ષમાં પ્રમોલગેશન પૂરું કરવામાં આવ્યું. જ્યારે તેમાં રહેલી ભૂલો સુધારવા માટે આપણી સરકાર ૧૦ વર્ષથી સુધારે છે અને હજુ કેટલા વર્ષ લાગશે તે કહેવું મુશ્કેલ છે.

હેમંત ખવાએ તેમના બચાવમાં જણાવ્યું હતું કે, વિધાનસભામાં શાસક પક્ષ ભાજપના ૧૬૦ ધારાસભ્યો હોવાના કારણે મને કોઈ નિયમ વગર જ માત્ર ટી શર્ટ કે જેમાં ખોટી જમીન માપણી રદ કરો લખેલો હોઈ સસ્પેન્ડ કરવામાં આવ્યો છે. ■

# ગુજરાતના ૨૨ જિલ્લાઓમાં પારો ઊંચકાયોઃ એપ્રિલમાં કમોસમી વરસાદની આગાહી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં હોળી પછી રાજ્યમાં ગરમીનું સ્તર સતત વધી રહ્યું છે. રાજ્યના મોટાભાગનાં શહેરોમાં તાપમાન ૪૦ ડિગ્રીને પાર કરી ગયું છે. હવામાન વિભાગની આગાહી મુજબ, આગામી દિવસોમાં ગુજરાતના કેટલાક વિસ્તારોમાં ભીષણ ગરમી પડશે. હવામાન વિભાગે ૧૮ માર્ચથી ૨૦ માર્ચ દરમિયાન રાજ્યના દરિયાકાંઠાના વિસ્તારોના વિવિધ ભાગોમાં ગરમ અને ભેજવાળી સ્થિતિ રહેવાની આગાહી કરી હતી. આ સાથે હવામાન વિભાગે જણાવ્યું હતું કે ગુજરાતમાં તીવ્ર ગરમીનો સમયગાળો આખા માર્ચ મહિના સુધી ચાલુ રહેવાનો છે. જોકે એપ્રિલ મહિનામાં પણ કમોસમી વરસાદ પડી શકે છે.

આગામી ૪ દિવસ સુધી ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારોમાં ગરમ અને ભેજવાળી સ્થિતિ રહેવાની આગાહી છે. હાલમાં ગુજરાતમાં પશ્ચિમ અને ઉત્તર-પશ્ચિમ દિશામાંથી પવન ફૂંકાઈ રહ્યો છે. ગુજરાતનાં ઘણાં શહેરોમાં રાત્રિનું તાપમાન પણ વધી રહ્યું છે. હવામાન વિભાગે જણાવ્યું હતું કે ૧૯ એપ્રિલ પછી રાજ્યમાં ગરમી વધુ વધવાની શક્યતા છે.

હવામાન વિભાગની આગાહી મુજબ, ગુજરાતના કેટલાક વિસ્તારોમાં ભારે ગરમી પડશે. કચ્છમાં હજુ પણ તીવ્ર ગરમીની અસર ચાલુ રહેવાની શક્યતા છે. હવામાન વિભાગે કચ્છના કેટલાક વિસ્તારોમાં ઓરેન્જ એલર્ટ પણ જાહેર કર્યું હતું. દીવમાં ગરમીની ચેતવણી અને યલો એલર્ટ પણ જારી કરવામાં આવ્યું હતું. વિભાગે જણાવ્યું હતું કે બંગાળની ખાડી અને અરબી સમુદ્રમાં ચક્રવાત બની શકે છે, જે ગુજરાતના કેટલાક વિસ્તારોને અસર કરી શકે છે. એપ્રિલ મહિનામાં કમોસમી વરસાદની સાથે ભારે પવન અને ચક્રવાતની પણ શક્યતા છે. ૧૪ એપ્રિલથી જોરદાર પવન ફૂંકાઈ શકે છે, જ્યારે ૧૯, ૨૦ અને ૨૧ એપ્રિલે દરિયાકાંઠાના વિસ્તારોમાં તાપમાન ઊંચું રહી શકે છે. ૨૬ એપ્રિલે ખૂબ ગરમી પડી શકે છે. ■

# ધોલેરા 'સર' કાર્યરત થતાં આઠ લાખ જેટલી રોજગારીનું સર્જન થશેઃ જગદીશ વિશ્વકર્મા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વિધાનસભા ગૃહમાં અમદાવાદ-ધોલેરા એક્સપ્રેસ વેથી ધોલેરા આંતરરાષ્ટ્રીય એરપોર્ટ અંગેના પ્રશ્નનો મુખ્યપ્રધાન વતી પ્રત્યુત્તર આપતાં રાજ્યપ્રધાન જગદીશ વિશ્વકર્માએ જણાવ્યું હતું કે ગ્રીન ફિલ્ડ અલોયમેન્ટમાં રૂ. ૫૫૦.૪૯ કરોડના ખર્ચે ૯.૫૬ કિ.મી. લંબાઇના લિંક રોડનું બાંધકામ હાથ ધરવામાં આવનાર છે.

ધોલેરા 'સર' (સ્પેશિયલ ઇન્વેસ્ટમેન્ટ રિજન)ની વિગતો આપતાં જગદીશ વિશ્વકર્માએ જણાવ્યું હતું કે, અમદાવાદ જિલ્લાના ધોલેરા ખાતે આશરે ૯૨૦ ચોરસ કિલોમીટર વિસ્તારમાં ધોલેરા સ્પેશિયલ ઇન્વેસ્ટમેન્ટ રિજન તરીકે એક ગ્રીનફિલ્ડ ઇન્ડસ્ટ્રિયલ સ્માર્ટ સિટી આકાર પામી રહ્યું છે. જેમાં પ્રથમ તબક્કામાં ૧૫૩ ચોરસ કિલોમીટર વિસ્તારમાં કામગીરી હાથ ધરી છે. ધોલેરા 'સર' ખાતે રિન્યૂ દ્વારા સોલાર સેલ તેમજ સોલાર મોડ્યૂલના ઉત્પાદનની ફેસિલિટી કાર્યરત છે તેમજ ટાટા પાવર દ્વારા ૩૦૦ મેગા વોટનો સોલાર પ્લાન્ટ પ્રસ્થાપિત કરવામાં આવ્યો છે.

આ જ પ્રકારે, પોલિકેબ દ્વારા ઇલેક્ટ્રોનિક ઇક્વિપમેન્ટ ઉત્પાદન યુનિટના નિર્માણની તથા ટાટા સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગ પ્રા.લિ. દ્વારા સમગ્ર દેશમાં પ્રથમ કોમર્શિયલ સેમિકન્ડક્ટર ફેબ્રિકેશન ફેસિલિટી નિર્માણની કામગીરી પણ પ્રગતિ હેઠળ છે. સમગ્ર ધોલેરા 'સર' દ્વારા ભવિષ્યમાં ૮ લાખ જેટલી રોજગારીનું સર્જન થવાની શક્યતા છે. ■

# રાજ્યમાં ૧૩,૮૫૨ વિદ્યા સહાયકની ભરતી પ્રક્રિયાની કાર્યવાહી હાલ પ્રગતિમાંઃ ડો. કુબેર ડિંડોર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત વિધાનસભામાં શિક્ષણ વિભાગની વર્ષ ૨૦૨૫-૨૬ની અંદાજપત્રીય માગણીઓ અંગે ચર્ચા કરતાં શિક્ષણ પ્રધાન ડો. કુબેર ડિંડોરે જણાવ્યું હતું કે, ટેક્નોલોજીના મહત્તમ ઉપયોગથી ગુજરાતની શાળાઓમાં વર્લ્ડક્લાસ શિક્ષણ આપવું એ જ રાજ્ય સરકારનો નિર્ધાર છે. વિદ્યાર્થીના જીવનમાં શિક્ષણના મહત્ત્વને સમજીને આ અંદાજપત્રમાં આ વર્ષે શિક્ષણ વિભાગને રૂ. ૫૯,૯૯૯ કરોડ જેવી માતબર રકમની ફાળવણી કરવામાં આવી છે. તેમણે કહ્યું હતું કે, વર્ષ ૨૦૨૪-૨૫ માં સરકારી પ્રાથમિક શાળાઓમાં બાલવાટિકામાં કુલ ૫,૨૮,૩૬૯ વિદ્યાર્થીઓને પ્રવેશ આપાયો છે. સરકારી પ્રાથમિક શાળાઓમાં ધો-૧ થી ૫ માં ૫,૦૦૦ અને ધો-૬ થી ૮માં ૭,૦૦૦ તથા ૧૮૫૨ અન્ય માધ્યમ માટે મળી કુલ ૧૩,૮૫૨ વિદ્યા સહાયકની ભરતીની કાર્યવાહી હાલ પ્રગતિમાં છે. જ્યારે સરકારી અને અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં અંદાજિત ૯,૦૦૦ શિક્ષકોની ભરતી પ્રક્રિયા ચાલી રહી છે.

મિશન સ્કૂલ્સ ઓફ એકસેલન્સ અંતર્ગત કુલ ૨૪,૪૫૧ શાળાઓમાં કુલ ૧,૦૬,૮૦૪ જ્ઞાનકુંજ સ્માર્ટ ક્લાસ વિકસાવવામાં આવ્યા છે. ગુજરાત સરકાર દ્વારા પીએમશ્રી (જીઓજી) શાળા યોજના શરૂ કરવા રૂ. ૧૦૬.૫૦ કરોડની જોગવાઇ કરાઈ છે. ગુજરાતની સરકારી શાળાના વિદ્યાર્થીઓને ઓલિમ્પિક માટે તૈયાર કરવા માટે આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક કમિટી સાથે રહી તૈયારી કરાવવા માટે રૂ. ૫.૫૦ કરોડની જોગવાઈ કરાઈ છે. તે જ પ્રકારે રાઇટ ટુ એજ્યુકેશન એક્ટ અંતર્ગત રાજ્યની ખાનગી શાળાઓમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ માટે રૂ. ૭૮૧.૬૦ કરોડની જોગવાઇ, નમો લક્ષ્મી યોજના માટે રૂ. ૧,૨૫૦ કરોડની જોગવાઇ, રાજ્યના અભ્યાસ અર્થે એસ.ટી.નિગમની બસોમાં મુસાફરી કરતા વિદ્યાર્થીઓને એસ.ટી.બસ. પાસ ફી કન્સેશન માટે રૂ.૨૨૩.૦૦ કરોડની જોગવાઇ, નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના અંતર્ગત અંદાજે ૨.૫૦ લાખ વિદ્યાર્થીઓને સહાય માટે રૂ.૨૫૦ કરોડની જોગવાઇ કરાઈ છે. આ ઉપરાંત મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરિટ સ્કોલરશિપ હેઠળ અંદાજે ૭૫ હજાર વિદ્યાર્થીઓને સહાય માટે રૂ.૧૦૦ કરોડની જોગવાઇ, સરકારી અને અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓને ટ્રાન્સપોર્ટ યોજનાનો લાભ આપવા રૂ. ૧૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. ■

## સ્પોર્ટ્સ

# આક્રમક બૅટર-કૅપ્ટન સૌરવ ગાંગુલી બની ગયો અગ્રેસિવ 'પોલીસ અધિકારી'!



કોલકાતાઃ 'ખાકીઃ ધ બૅન્ગોલ ચૅપ્ટર' નામની નીરજ પાન્ડે દિગ્દર્શિત વેબસિરીઝ થોડા દિવસથી ચર્ચામાં રહી છે અને હવે આ સિરીઝ ગુરુવાર, ૨૦મી માર્ચે રિલીઝ થવાને આડે ગણતરીના કલાકો બાકી છે ત્યારે સૌરવ ગાંગુલીવાળો એનો રોમાંચક પ્રોમો વાઇરલ થયો છે.

આક્રમક બૅટર તરીકે જાણીતા સૌરવ ગાંગુલીએ પોતાના નેતૃત્વ સાથે ભારતીય ટીમમાં મોટું પરિવર્તન લાવી દીધું હતું. ક્રિકેટના મેદાન પર આક્રમકતા માટે જાણીતો ગાંગુલી આ પ્રમોશનલ વીડિયોમાં ઇમાનદાર પોલીસ અધિકારીની ભૂમિકામાં જોવા મળે છે.

નેટફ્લિક્સ પર ગાંગુલીના આ પ્રોમોએ સૌને ચોંકાવી દીધા છે. ખરેખર તો તે આ રોલ માટે ઑડિશન આપતો જોવા મળ્યો હતો.

એક તબક્કે ગાંગુલી મજાકમાં એક કેદીની આકરી પૂછપરછ કરી રહેલો જોવા મળ્યો. જાણે તેણે ભૂતકાળમાં ક્રિકેટના મેદાન પરના હરીફો સામેના ઝનૂનને (ખાસ કરીને ભૂતપૂર્વ હેડ-કોચ ગ્રેગ ચૅપલ પરના ગુસ્સાને) ફરી યાદ કરી લીધા હોય એવું આ પ્રોમો પરથી લાગે છે.

ગાંગુલીને ક્રાઇમ થ્રિલર અને પોલીસ અધિકારીના રોલ ખૂબ પસંદ છે અને એમાં તે 'ખાકી'ના પ્રોમો સાથે જોડાયો એ બદલ ખૂબ આનંદિત છે. ■

# ક્રિકેટરે ૪૦ ઓવર સુધી ૪૨ ડિગ્રી ગરમીમાં ફીલ્ડિંગ કરી અને પછી મેદાન પર જ છેલ્લા શ્વાસ લીધા



ઍડિલેઇડઃ પાકિસ્તાની મૂળના ક્રિકેટર જુનૈલ ઝફર ખાન નામનો ક્રિકેટર શનિવારે ઑસ્ટ્રેલિયાના ઍડિલેઇડ શહેરના કૉન્કોર્ડિયા કૉલેજ ઓવલ ગ્રાઉન્ડ પર લગભગ ૪૨ ડિગ્રી તાપમાન વચ્ચે રમતી વખતે ઢળી પડ્યો હતો અને મૃત્યુ પામ્યો હતો.

આ ક્લબ સ્તરની મૅચ હતી જેમાં જુનૈલે ૪૦ ઓવર સુધી ફીલ્ડિંગ કરી હતી અને પછી સાત ઓવર બૅટર તરીકે ક્રીઝ રહ્યો હતો. આ મૅચ દરમ્યાન તાપમાન ૪૧.૭ ડિગ્રી સુધી પહોંચ્યું હતું. ૪૦ વર્ષની ઉંમર ઓળંગી ચૂકેલો જુનૈલ ઑલ્ડ કૉન્કોર્ડિયન્સ ક્રિકેટ ક્લબ વતી પ્રિન્સ આલ્ફ્રેડ ઑલ્ડ કૉલેજિયન્સ સામેની મૅચમાં રમી રહ્યો હતો ત્યારે આ કરુણ ઘટના બની હતી. સ્થાનિક મીડિયામાં જણાવાયું હતું કે રમઝાન મહિનો ચાલી રહ્યો છે અને જુનૈલ ઉપવાસ કરી રહ્યો હતો. જોકે તબિયત સારી ન હોય તો થોડું-થોડું પાણી પી શકાય એવા પોતાના ધર્મમાં મળતી છૂટછાટને આધારે જુનૈલે દિવસ દરમ્યાન કેટલીક વાર પાણી પીધું હતું એટલે તેને ડિહાઇડ્રેશન જેવી કોઈ સમસ્યા નહોતી એવું જણાવાયું હતું. ■

# હાર્ડ હિટર શેફાલી વર્મા ચમકી બોલિંગમાં, હૅટ-ટ્રિક લીધી

ગુવાહાટીઃ સામાન્ય રીતે આક્રમક બૅટિંગથી ભારતને તેમ જ સ્થાનિક ક્રિકેટમાં પોતાની ટીમને વિજય અપાવવા માટે જાણીતી મહિલા ઓપનિંગ બૅટર શેફાલી વર્માએ સોમવારે કાંડાની કરામત બતાડી હતી. તેણે અહીં વિમેન્સ અન્ડર-૨૩ વન-ડે ટ્રોફીમાં હૅટ-ટ્રિક લીધી હતી. શેફાલી પાર્ટ-ટાઇમ ઑફ સ્પિનર છે. સોમવારે તેણે હરિયાણા વતી રમતી વખતે કર્ણાટક સામેની મૅચમાં ઓવરના છેલ્લા બે બૉલમાં સલોની પી. અને સૌમ્યા વર્માની વિકેટ લીધી હતી અને ત્યાર પછીની પોતાની ઓવરના પહેલા જ બૉલમાં નમિતા ડિસોઝાને ક્લીન બોલ્ડ કરીને હૅટ-ટ્રિક નોંધાવી હતી અને હરિયાણાને વિજય અપાવ્યો હતો. ■

# ગાવસકરની 'સ્ટુપિડ, સ્ટુપિડ, સ્ટુપિડ...'ની ટકોરને રિષભ પંતે માર્કેટિંગમાં રમૂજી બનાવી





નવી દિલ્હીઃ જાન્યુઆરીમાં ઑસ્ટ્રેલિયા સામે બોર્ડર-ગાવસકર ટ્રોફીની એક મૅચ દરમ્યાન રિષભ પંતે ખરાબ શૉટમાં વિકેટ ગુમાવી દીધી ત્યારે સુનીલ ગાવસકરે 'સ્ટુપિડ, સ્ટુપિડ, સ્ટુપિડ...' બોલીને પંતના એ અભિગમને ખૂબ વખોડ્યો હતો, પરંતુ હવે રિષભ પંતે એ જ ત્રણ શબ્દોનો ઉપયોગ માર્કેટિંગમાં કર્યો છે.

ભારતીય ટીમ ઑસ્ટ્રેલિયા સામેની પાંચ ટેસ્ટની સિરીઝમાં ૧-૩થી હારી ગઈ હતી. આ વખતે પણ ઑસ્ટ્રેલિયા સામેની સિરીઝ ખુદ બૅટિંગ-લેજન્ડ સુનીલ ગાવસકરના નામે જ રમાઈ હતી.

મેલબર્ન ખાતેની ચોથી ટેસ્ટના પ્રથમ દાવમાં રિષભ પંતે જોખમ ખેડીને સ્કૉટ બોલૅન્ડના એક બૉલમાં સ્કૂપ મારવાના પ્રયાસમાં કૅચ આપી દીધો હતો. ગાવસકર ત્યારે કૉમેન્ટરી બૉક્સમાં હતા અને તેઓ પંતના આ શૉટથી ખૂબ નારાજ થયા હતા.

ગાવસકરે 'સ્ટુપિડ, સ્ટુપિડ, સ્ટુપિડ'ની કમેન્ટથી પંતની ઝાટકણી કાઢવાનું શરૂ કર્યું હતું અને કૉમેન્ટરીમાં જણાવ્યું હતું કે 'અરે ભાઈ, ડીપ ફાઈન લેગમાં બે ફીલ્ડર ઊભા હતા અને તારે ત્યાં જ શૉટ મારવો હતો! હજી પાછલા જ બૉલમાં તું આવા શૉટમાં બચી ગયો હતો અને બીજા જ બૉલમાં જોખમ ઊઠાવ્યું. આને તું તારી નેચરલ ગેમ કહે છે? તેં તો વિકેટ ફેંકી દીધી. આ શૉટ મારીને તેં સાવ મૂરખ જેવું કામ કર્યું. તે આ જે કર્યું એની ટીમ પર વિપરીત અસર પડી શકે. તારે હંમેશાં પરિસ્થિતિ જોઈને રમવું જોઈએ.'

રિષભ પંતે વિકેટ ફેંકી દીધી એટલે ગાવસકરનો ક્રોધ સમાતો નહોતો. પંત પૅવિલિયનમાં પાછો આવી રહ્યો હતો ત્યારે ગાવસકર બોલ્યા, 'તેણે આ (ભારતના) ડ્રેસિંગ રૂમમાં ન જવું જોઈએ. તેણે બીજા જ (ઑસ્ટ્રેલિયાના) ડ્રેસિંગ રૂમમાં જતા રહેવું જોઈએ.'

બીજો કોઈ ખેલાડી હોત તો તેણે ગાવસકરની સ્ટૂપિડવાળી કમેન્ટને કદાચ મન પર લઈ લીધી હોત. જોકે રિષભ પંતે એ ટિપ્પણીનો માર્કેટિંગમાં ઉપયોગ કર્યો છે અને ચાહકોને હસાવ્યા છે.

રિષભ પંત બાવીસમી માર્ચે શરૂ થતી આઇપીએલમાં લખનઊ સુપર જાયન્ટ્સ ટીમની કેપ્ટન્સી સંભાળશે. આ ટીમ માટેની એક જાહેરખબરના શૂટિંગમાં રિષભ પંતે ગાવસકરની 'સ્ટુપિડ, સ્ટુપિડ, સ્ટુપિડ' કમેન્ટને રમૂજી રીતે રીક્રિએટ કરી હતી જેનો વિડીયો વાઈરલ થયો છે. ■

# પ્રવાસના ફર્સ્ટ હાફમાં માત્ર ક્રિકેટ અને સેકન્ડ હાફમાં પરિવારજનોનો સંગાથઃ કપિલ દેવ

## વિદેશી ટૂરમાં ખેલાડીઓ સાથે ફૅમિલી હોવી જોઈએ કે નહીં? એ મુદ્દે ૧૯૮૩ના ચૅમ્પિયન કૅપ્ટન કપિલે પોતાના સમયની રસપ્રદ વાત કરી

નવી દિલ્હીઃ ક્રિકેટ-લેજન્ડ કપિલ દેવના મતે વિદેશ પ્રવાસમાં પરિવારજનોને પોતાની સાથે લઈ જવાની ભારતીય ખેલાડીઓને છૂટ મળવી જોઈએ, પરંતુ આવા ચર્ચાસ્પદ વિષયમાં સંતુલિત અભિગમ પણ હોવો જરૂરી છે. કપિલે આવું કહીને આ સંબંધમાં પોતાના સમયની રસપ્રદ વાત પણ કરી છે.

ઑસ્ટ્રેલિયામાં તાજેતરમાં ભારતીય ટીમ ૧-૩થી ટેસ્ટ-સિરીઝ હારીને પાછી આવી ત્યાર બાદ ભારતીય ક્રિકેટ બોર્ડે નવો નિયમ બનાવ્યો હતો જેમાં જણાવાયું હતું કે હવે પછી ટૂંકા પ્રવાસમાં ખેલાડીઓ પત્ની, ગર્લફ્રેન્ડ કે પરિવારજનોને ફક્ત એક અઠવાડિયા સુધી પોતાની સાથે રાખી શકશે અને જો પ્રવાસ ૪૫ દિવસ કે વધુ દિવસોનો હશે તો ખેલાડીઓ સાથે તેઓ વધુમાં વધુ ૧૪ દિવસ સુધી જ રહી શકશે.

જોકે વિરાટ કોહલીએ તાજેતરમાં આ નિયમ વિશે આડકતરી રીતે અણગમો બતાવ્યો હતો અને એક ઇવેન્ટમાં કહ્યું હતું કે પ્રવાસમાં પરિવારજનોને પોતાની સાથે રાખવાથી ખેલાડીઓને મનોબળ મજબૂત કરવામાં મદદ મળે છે, પણ આ વાત કેટલાક લોકોને નથી સમજાતી.

તાજેતરમાં ભારતીય ટીમ ચૅમ્પિયન્સ ટ્રોફીમાં રમવા દુબઈ ગઈ હતી ત્યારે કોહલી તેમ જ રવીન્દ્ર જાડેજા અને મોહમ્મદ શમી પોતાના પરિવારજનોને પોતાની સાથે ત્યાં લઈ ગયા હતા. એ ટૂરમાં પરિવારજનો આ ખેલાડીઓની ટીમની હૉટેલમાં નહોતા રહ્યા અને પરિવારજનોનો રહેવા, જમવા સહિતનો બધો ખર્ચ બીસીસીઆઇએ નહીં, પણ સંબંધિત ખેલાડીઓએ ઉઠાવ્યો હતો.

૧૯૮૩ વર્લ્ડ કપના ચૅમ્પિયન કૅપ્ટન કપિલ દેવે અહીં 'કપિલ દેવ ગ્રાન્ટ થૉર્નટન ઇન્વિટેશનલ' ઇવેન્ટમાં કહ્યું હતું કે 'ખેલાડીઓ માટેનો આ નિયમ ક્રિકેટ બોર્ડનો છે જે વિશે હું એટલું જ કહીશ કે પ્રવાસ દરમ્યાન ખેલાડીને પોતાના પરિવારનો સંગાથ મળે એ જરૂરી છે, પરંતુ પ્રબળ ટીમભાવના જળવાય એ પણ અત્યંત જરૂરી છે. અમારા સમયમાં (ક્રિકેટ બોર્ડ નહીં, પણ...) અમે પોતે ખેલાડીઓ જ અંદરોઅંદર નક્કી કરી લેતા હતા કે ટૂરના ફર્સ્ટ હાફમાં ખેલાડીઓ માટે ક્રિકેટ જ સર્વસ્વ હોવું જોઈએ અને




દિલ્હીમાં ગઈ કાલે કપિલ દેવના નામની ગૉલ્ફ ટ્રોફીનું અનાવરણ કરવામાં આવ્યું એ પ્રસંગે કપિલ ઉપરાંત દેશના યુવા ગૉલ્ફ ખેલાડીઓ કરણ પ્રતાપ સિંહ તથા ટ્વેસા મલિક તેમ જ અન્ય મહાનુભાવો ઉપસ્થિત હતા. (પીટીઆઇ).

સેકન્ડ હાફમાં ફૅમિલીના મેમ્બર્સ ભલે પ્રવાસમાં તેમની સાથે જોડાય અને ક્રિકેટ એન્જૉય કરે. ટૂંકમાં, ખેલાડીઓએ ક્રિકેટ રમવા પર અને ફૅમિલી મેમ્બર્સના સંગાથ વચ્ચે યોગ્ય સંતુલન જાળવવું જોઈએ.'

કપિલ દેવ હાલમાં પ્રોફેશનલ ગૉલ્ફ ટૂર ઑફ ઇન્ડિયા (પીજીટીઆઇ)ના પ્રમુખપદે છે. તેમનું એવું મંતવ્ય છે કે 'ટૂર દરમ્યાન ખેલાડીઓ સાથે તેમના પરિવારજનો હોવા જોઈએ. ખેલાડીને માનસિક દબાણમાંથી બહાર લાવવામાં તેમના પરિવારજનોની હાજરી ફાયદારૂપ થઈ શકે. ખેલાડી પ્રેશરવાળી સ્થિતિમાં હૉટેલની રૂમમાં ઉદાસ હાલતમાં એકલો બેઠો રહે એના કરતાં આસપાસ જો પરિવારના મેમ્બર્સ હોય તો તેને એ તંગ સ્થિતિમાંથી બહાર આવવામાં ઘણી મદદ મળી શકે.' ■

# પાકિસ્તાન ફરી પટકાયું, હવે સિરીઝ ગુમાવવાની તૈયારીમાં જ છે

## બે કિવી ઓપનરે બાર બૉલમાં કુલ સાત સિક્સર ફટકારીને ધમાલ મચાવી દીધી!

ડનેડિનઃ પાકિસ્તાનની ટીમ અહીં ગઈ કાલે સતત બીજી મૅચ હારી ગઈ હતી. ન્યૂ ઝીલૅન્ડે ફરી વિજય મેળવીને ૨-૦થી સરસાઈ મેળવી લીધી છે. પાકિસ્તાનની ટીમ ગઈ કાલે બૅટિંગ મળ્યા પછી વરસાદને પગલે નિર્ધારિત ૧૫ ઓવરમાં ૯ વિકેટે ૧૩૫ રન બનાવી શકી હતી. ન્યૂ ઝીલૅન્ડના ચાર બોલર જેકબ ડફી, બેન સીયર્સ, જેમ્સ નિશૅમ અને ઈશ સોઢીએ બે-બે વિકેટ લીધી.

ન્યૂ ઝીલૅન્ડે ૧૧ બૉલ અને પાંચ વિકેટ બાકી રાખીને વિજય મેળવી લીધો હતો.

કિવીઓની ટીમે ૧૩.૧ ઓવરમાં પાંચ વિકેટે ૧૩૭ રન બનાવ્યા હતા.

ઓપનર્સ ટિમ સીફર્ટ (૪૫ રન, ૨૨ બૉલ, પાંચ સિક્સર, ત્રણ ફોર) અને ફિન એલન (૩૮ રન, ૧૬ બૉલ, પાંચ સિક્સર, એક ફોર)ની જોડીએ માત્ર ૪.૪ ઓવરમાં ૨૯ બૉલમાં) ૬૬ રન બનાવ્યા હતા. પાકિસ્તાનના ફાસ્ટ બોલર મોહમ્મદ અલીએ બીજી ઓવર અને શાહીન શાહ આફ્રિદીએ ત્રીજી ઓવર કરી હતી. આ બે ઓવરના બાર બૉલમાં સીફર્ટ અને એલને કુલ મળીને સાત છગ્ગા ફટકાર્યા હતા. ■

## ૬. પરચુરણ

**R. K. ANTIQUE ARTS**
**ઓલ્ડ જુના જરી બોર્ડર સાડી પાટણના પટોલા જુના ઘરચોળા જુની નોટ કોઈન ચાંદીના સિક્કા ચાંદીના વાસણ જુના મોતી બસેરા ઘડિયાળો પેન જરમન સિલ્વર સાડી બોર્ડર ગારા ફર્નિચર 9082131691/ 9082804900. (૨૫૬)**

## ૯. લગ્ન સંબંધી

**કુંવારા યુવક**
**વાણિયા 32, 5' 11", UK સ્થિત, હેન્ડસમ, વેલસેટ એજ્યુકેટેડ નિર્વ્યસની માટે સંસ્કારી યુવતી આવકાર્ય. 8976599383. (જ્ઞાતિબાધ નથી) (દહેજ નહીં). (૧૫૬૫૮-એ)**

■ સુંદર મરાઠી કન્યા, ઉંમર-29, ઊંચાઈ - 5'.3" શિક્ષણ 12મી, કપડાંની દુકાનમાં કામ કરે છે, પગાર 12,000/-, છોકરીના વડીલ નથી, અપેક્ષા મહેનતી, નિર્વ્યસની છોકરો જોઈએ, જાતિ બાધ નથી. તરત લગ્ન - 8446389460. (દહેજ નહીં.). (બી-૧૫૭૦૧)

**Looking for GROOM**
"South-Mumbai Cultured Gujarati Girl from affluent Family, Educated, Divorced, 42/5'2" Working in Bank Corporate Office. Seeking alliance from Well Educated. between 42-46 Yrs. Old Boy.
If Interested Send Profiles on Whatsapp 8879878807 / 9653305363
(No Dowry) (B-15688)

## ૧૦. મહિલાઓ માટે

**કાનનાં મોટા કાણાં**
દવાથી એકજ સીટીંગમાં પુરાવો તરત બુટ્ટી પહેરો. નાક કાન વિંધાવો. બોરીવલીઃ 9969388693 / 7506569229. (બી-૧૫૫૮૪)

**મહેમાનોનો ઉતારો**
બાપલી બંગલો રોજના ધોરણેથી બોરીવલી/ કાંદિવલીમાં, બર્થડે, સગાઈ, પાર્ટી, એક્ઝિબિશન માટે 9821112796. (૧૫૬૮૮-એ)

**10000 કમાવો**
ઘરબેઠા Sutaria's જામનગરવાળા મસાલા - અથાણાનું વેચાણ કરી સ્વતંત્ર બનો. 8200644970 / 9426239355. (જેપી/ ૪૯૭૩-સી)

## ૧૨. યાત્રા સહેલગાહ

**શ્રીયમુના**
84 કોષ, વ્રજપરિક્રમા, કાશ્મીર, વૈષ્ણોદેવી, હરિદ્વાર, ચારધામ, સાઈટસીન 9892377559. (૧૫૩૨૮/એ)

**મુંબઈ - શ્રીનગર - મુંબઈ એર ટિકિટ 22000 થી**
કાશ્મીરના 12 ગ્રુપો હાઉસફૂલ્લ! બધાજ ગ્રુપોમાં જબરદસ્ત બુકીંગ. આભાર!
2000 PP તથા 5000 PP ડિસ્કાઉન્ટ ટુંક સમય માટે લંબાવેલ છે.
કાશ્મીરની બધીજ ટુરોમાં ફેન્ટાસ્ટીક ફુડ કારનીવલ.
સર્વ શ્રેષ્ઠ 100% સંપૂર્ણ કાશ્મીર લેહ લડાખ
ચેલેંજીગ ભાવે પરફેક્ટ પેકેજ
એક માત્ર સુપર સ્પેશ્યાલીસ્ટ સાથે જ. સાથે / સિવાય અમૃતસર, વૈષ્ણોદેવી
સ્વતંત્ર ગુજરાતી / જૈન રસોડે બેડ ટી થી મસાલા દૂધ સુધીની જાન જેવી બાદશાહી સરભરા. ચટપટા નાસ્તા, ડ્રાયફ્રુટ બિસ્લેરી
બ્રાન્ડેડ 3-4* ફિક્સ લક્ઝરી હોટેલમાં બાદશાહી નિવાસ
ફેબ્રુ.થી જૂન દર અઠવાડિયે 3 પ્રસ્થાન
સૌથી વધુ બધાજ સાઈટ સીઈંગ, ગેમ્સ, ગરબા, ડાન્સ, ડીજે, કેમ્પફાયર બધા જ ખર્ચા સામિલ બધી જ હાઈફાઈ સુવિધાઓ
કેરાલા, હિમાચલ, ઉત્તરાંચલ, રાજસ્થાન, દુબઈ, બાલી, સિંગાપોર, ઓસ્ટ્રેલિયા, માલદિવ્સ, નોર્થ ઈસ્ટ કસ્ટમાઈઝ પેકેજ મળશે
26 વર્ષથી કાશ્મીર/લેહ લદાખની ટુરો આપનાર એકમાત્ર સુપર સ્પેશ્યાલિસ્ટ સતીશભાઈ શાહ 9869066942 9869056942 9869010141
પૂજા ટુર્સ ઘાટકોપર (મલાડ) www.poojaholidays.com
(બી-૧૫૬૫૫)

**''MANDANI TRAVELS''**
''ચારધામ યાત્રા MAY - JUNE, કાશ્મીર ટૂર, કેરાલા ટૂર, સંપૂર્ણ ભારત યાત્રા'' - 9167184467 / 9372396434. (૧૫૬૬૯-એ)

**મુંબઈ સમાચાર**
વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઇ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com

## ૧૨. યાત્રા સહેલગાહ

**મીનીમમ બે**
**પ્રવાસીઓ/ગ્રુપને અનુકૂળ તારીખે કાશ્મીર - સિક્કિમ - નેપાલ - ભૂતાન - આસામ - મેઘાલય - અરૂણાચલ - ત્રિપુરા પેકેજ - ગ્લોબલ ટૂરસ - ૯૯૬૭૮૯૪૭૫૦. (બી-૧૫૬૯૭)**

## ૧૪. નોકરી ખાલી છે

**''વૃદ્ધાશ્રમ''**
**મુંબઈ, રાજકોટ અને સુરેન્દ્રનગર માટે સ્ટાફ જોઈએ છે.: 9022684667, 08169314451. (૧૫૬૮૩-એ)**

PART TIME JOBS-RETIRED, Housewives, Pensioners, Salary + PF + Incentives: 7208368796. (B-15700)

GOVT. REGISTERED CO. Requires Retired / Bankers / Businessmen. Salary + PF.: 7304326589. (B-15687)

## ૧૭. જગ્યા આપવી છે

**ઘાટકોપર (ઈસ્ટ)**
**વેચાણથી, પ્રાઈમ લોકેશન, એમ. જી. રોડ, હવેલી, મંદિર, માર્કેટ નજીક, કન્વર્ટેડ 3 બેડરૂમ હોલ કિચન ફુલ્લી ફર્નિશડ, ત્રીજે માળે, પાર્કિંગ. સંપર્ક- 9870477170 / 9819688120. (૧૫૭૦૬/એ)**

**ઘાટકોપર- વિદ્યાવિહાર- ચેમ્બુર- તિલકનગર**
ફ્લેટ, ઓફિસ, દુકાન, ભાડેથી/વેચાણથી લેવા- વેચવા ''પંકજ નરેન્દ્રભાઈ વોરા'' ૯૩૨૧૧૦૩૨૪૯. (૧૫૬૯૬/ એ)

**ઘાટકોપર**
ફ્લેટ, ઓફિસ, દુકાન ભાડે/વેચાણથી લેવા / વેચવા રમેશ નિમાવત 9320571016- 9082933313. (૧૫૫૦૫-એ)

**'હિરાપન્ના'**
હાજીઅલી - મોટો ૧ BHK - ૨ બાથરૂમ સાથે, ભાડુ ૯૦,૦૦૦/-, રેડી કબજો, 'અમર રૂપાણી' 9820372950/ 'રીતેષ' 9619775855 એજન્ટ. (૧૫૩૩૨-એ)

**'હાજીઅલી'**
૧ રૂમ, કિચન, ભાડેથી, ભાડુ ૬૦,૦૦૦/=, ફક્ત વેજીટેરીયન માટે 'અમરભાઈ' 9820372950 / 'રીતેષ' 9619775855 - એજન્ટ. (૧૫૩૩૨-બી)

**ઘાટકોપર (ઈસ્ટ) ''નિલકંઠ વેલી'' 3 બેડરૂમ, હોલ, કિચનનાં ફ્લેટ ભાડેથી આપવાનાં છે. ''કરણ નિતીન દવે'' 7738741851. (૧૫૭૧૩-એ)**

**ઘાટકોપર (ઈસ્ટ)**
**૧,૨,૩ બેડરૂમ, હોલ, કિચનનાં ફ્લેટ ભાડેથી આપવાનાં છે. ''કરણ નિતીન દવે'' 7738741851. (૧૫૭૧૩-બી)**

**બોરીવલી (વેસ્ટ)**
**ટીપીએસ 3 બેડરૂમ સેમી ફર્નિશ્ડ ભાડે આપવાનો છે. અંકિતા એસ્ટેટ 9867015566. (૧૫૭૦૯/એ)**

**સાંતાક્રુઝ (વેસ્ટ)**
સરસ્વતી કોલોની 2 BHK, 780 કાર્પેટ, 1 કવર્ડ પાર્કિંગ, લિફ્ટ, 3.75 Cr. Pankaj Parmar 9821026788. (૧૫૩૩૦-બી)

**સાંતાક્રુઝ (ઈસ્ટ)**
સ્ટેશન નજીક 3 BHK, 940 કાર્પેટ, 1 કવર્ડ પાર્કિંગ, લિફ્ટ, 4 Cr. Pankaj Parmar 9821026788. (૧૫૩૩૦-એ)

**બોરીવલી (વેસ્ટમાં) રીડેવલપમેન્ટનો ફાયદો**
**Investors માટે 3 બેડરૂમ 750' કાર્પેટ (1.59 All Inclusive) સાઈબાબા નગર, પ્રાઈમ લોકેશન, હાઈરાઈઝ ટાવરમાં (36મે માળે Alloted) Owner. 76666 44727. (૧૫૬૯૭/સી)**

**જુહુ**
**સી-ફેસિંગ રો હાઉસ તથા 3/૪ બેડરૂમ ફ્લેટના વેચવાના/ લિવલાઈસન્સથી આપવાના છે. નીતી ઠક્કર 9757235535. (એસડીબી-૨૫૦૧)**

**વડાલા**
બે બેડરૂમ લીફ્ટ પાર્કિંગ સવા બે કરોડ. વિનોદ : 9892980593. (બી-૧૫૬૬૬)

**માટુંગા**
બે બેડરૂમ લીફ્ટ પાર્કિંગ ત્રણ થી ચાર કરોડ. વિનોદ : 9892980593. (બી-૧૫૬૬૭)

**પેડર રોડ**
જસલોક સામે, નિલકમલમાં, લીવલાયસન્સથી ૧ BHK ફુલ્લી ફર્નિશ્ડ, ૭૫,૦૦૦/=, 9820296693. 'કટારીયા' એજન્ટ. (૧૫૬૮૨-એ)

**ખાર (વેસ્ટ)**
ફક્ત ગુજરાતી માટે ૩ બેડરૂમ ૧૧૫૦' અને ૬ બેડરૂમની જોડી એરિયા ૨૩૦૦' કારપેટ, ૬ બાથરૂમ, ૨ કીચન, સ્પેશીયસ હોલ, સેપરેટ સર્વન્ટ ટોયલેટ, ૪ પાર્કિંગ, એરકંડીશન્ડ લોબી, જીમ, સેપરેટ સોસાયટી ઓફિસ, તદ્દન નવું બિલ્ડિંગ, વેચાણથી. ''ઓનર'' - 9820156133. (બી-૧૫૬૨૦)

**વિલેપાર્લે (ઈસ્ટ)**
વેચાણથી - 3 BHK, 1050' કારપેટ, હાયર ફ્લોર, પાર્કિંગ સાથે, પાર્ક રોડ, દેરાસર નજીક, રજી. સોસાયટી 3.60 Cr. (નિગોશીએબલ) ''નવકાર એસ્ટેટ'' ધીરેન ગડા 9594925992. જતીન વીરા - 9119512675. ( Monopoly Flat). (જેપી-૪૯૭૭-બી)

## ૧૭. જગ્યા આપવી છે

**સાંતાક્રુઝ વેસ્ટ**
**1230' કાર્પેટ, 3 બેડરૂમ, નવા બિલ્ડીંગમાં, ઓસી સાથે, દેરાસર નજીક વેચાણથી + બીજા નાના -મોટા ફ્લેટો લેવા/વેચવા. રજનીકાંત - 8657131155. (બી-૧૫૬૯૧)**

**સાંતાક્રુઝ વેસ્ટ**
**વેચાણથી 3 બેડરૂમ, 950' / 1220' નવા બિલ્ડીંગમાં + પાર્કિંગ. રજનીકાંત - 8657131155. (બી-૧૫૬૯૨)**

**ખાર વેસ્ટ**
**3 બેડરૂમ 1000', 2 પાર્કિંગ. 5 વર્ષ જુના બિલ્ડીંગમાં ફુલ્લી ફર્નિશ્ડ 6.5 CR રજનીકાંત - 8657131155. (બી-૧૫૬૯૩)**

**સાંતાક્રુઝ વેસ્ટ**
**2 બેડરૂમ 720', 3 બેડરૂમ 1150' નવા બિલ્ડીંગમાં OC સાથે + પાર્કિંગ. રજનીકાંત - 8657131155. (બી-૧૫૬૯૪)**

**જુહુસ્કીમ**
**4 બેડરૂમ 2500' / 2600' હાયરફ્લોર SEA VIEW, નવા બિલ્ડીંગમાં એમેનીટીઝ સાથે રેડી પજેશન. રજનીકાંત - 8657131155. (બી-૧૫૬૯૫)**

■ 3 બીએચકે ફ્લેટ સેલ અંધેરી ઈસ્ટ, સ્ટેશન પાસે, નવી બિલ્ડીંગ, ઓસી પ્રાપ્ત, 953 ચો. ફૂટ રેડી પઝેશન, ડેવલપરનો સંપર્ક કરો. 98202 24227, 7676737620. (બી-૧૫૬૮૯)

**રજવાડી ફ્લેટ ગોરેગામ (વેસ્ટ)**
**સ્ટેશન નજીક, જૈન દેરાસર અને શંકર મંદિરની નજીક, ફુલ્લી ફર્નીશ્ડ, અઢી બેડરૂમ, 1000' કારપેટ + 1000' ટેરેસ (ચારે બાજુથી ઓપન વાસ્તુનુસાર બનાવેલો) વેંચાણથી 3.75 કરોડ નેગોશીએબલ / ભાડેથી - 90,000 આપવાનો. 7506345205. (૧૫૬૫૮-આઈ)**

**માટુંગા - કિંગ્સસર્કલ**
સ્ટેશન નજીક નવા ટાવરમાં 900' - 3 BHK, તથા સાયન ગાંધી માર્કેટ 1 BHK 350' ઓનરશીપથી ''શાહ'' 9930228040. (૧૫૭૧૪-એ)

**બોરીવલી**
2 બેડરૂમ 872 ફિટ 2.25 Cr, 3 બેડરૂમ TPS 1150 ફિટ 3.5 Cr વેચાણથી. પ્રોપર્ટી લેવા - વેચવા વિશ્વસનીય ભરત જીમૂલીયા 9322290185/ 9664512686. (૧૫૭૧૬-એ)

**બોરીવલીમાં ભાડેથી**
4 બેડરૂમ TPS રોડ, ફૂલ ફર્નિશ્ડ 92000 નેગોશીયેબલ તથા અન્ય ફ્લેટ ભાડેથી લેવા - દેવા ભરત જીમૂલીયા 9322290185/ 9664512686. (૧૫૭૧૬-બી)

**ફાયદામાં**
બોરીવલી (વેસ્ટ) શીંપોલી રોડ, રેડીમાં 3 બેડ (938') જીમ, પાર્કિંગ, હાયર ફ્લોર 2,80,00,000/- ''અતુલ સંગોઈ એસોસીએટસ.'': 9820203032. (૧૫૭૧૭-સી)

**વિલેપાર્લે (ઈસ્ટ)**
વેચાણથી - 2 બીએચકે, 540' કારપેટ, પાર્કિંગ અને OC સાથે, ઈસ્ટ/વેસ્ટ એન્ટ્રી, જૈન ચિંતામણી દેરાસર નજીક, વોડાફોન ગેલેરીની બાજુમાં ''નવકાર એસ્ટેટ'' ધીરેન ગડા - 9594925992 - જતીન વીરા - 9119512675. (જેપી-૪૯૭૭-એ)

**વિલેપાર્લે (ઈસ્ટ)**
વેચાણથી - 2 બીએચકે, 575' કારપેટ, બ્રાન્ડ ન્યુ બિલ્ડિંગ, પાર્કિંગ અને OC સાથે, ઈસ્ટ/ વેસ્ટ એન્ટ્રી, હાયર ફ્લોર, તેજપાલ રોડ, ચિંતામણી દેરાસર નજીક, ''નવકાર એસ્ટેટ'' ધીરેન ગડા - 9594925992 - જતીન વીરા - 9119512675. (જેપી-૪૯૭૭-સી)

**બંગલો વેચવો છે**
ગ્રાઉન્ડ + બે માળ, ૫૩૩૫ સ્કવેર ફીટ, જીલ્લો પાબાળ, પુના, તીર્થસ્થાન મણિભદ્ર મંદિર પાસે, સંપર્કઃ 98205 47686. (બી-૧૫૭૦૪)

**કાંદિવલી (વેસ્ટ)**
પ્રાઈમ લોકેશન, જૈન મંદિર ચાલતા અંતરે, 1 BHK 489', ફુલ્લી ફર્નિશ્ડ, ''દિશા એસ્ટેટ'' ડિંકેશ ગડા - 9930010989. (જેપી-૪૯૭૬-ડી)

**''વિલેપાર્લામાં...''**
૧ થી ૫ બેડરૂમનાં ફ્લેટો, ડુપ્લેક્ષ, પેન્ટહાઉસ, ઓફિસ, દુકાનો તૈયારમાં/ બંધાતામાં લેવા/ વેંચવા/ ભાડેથી - 9869463304, 7738151065. (બી-૧૫૬૯૭)

**''ચારકોપ - કાંદિવલીમાં, બોરીવલીમાં...''**
૨૫/ ૩૦/ ૪૦ મીટરનાં રોહાઉસ, ૬૦થી ૧૨૫ મીટરના બંગલાઓ, ૧ થી ૫ બેડરૂમનાં ફ્લેટો, દુકાનો, ઓફિસો, ગોડાઉન તૈયારમાં/ બંધાતામાં લેવા વેંચવા/ ભાડેથી - 9869463304, 7738151065. (બી-૧૫૬૯૮)

**TANNA HEIGHTS**
**OC Received. Parekh gally, Opposite Jain Derasar, Kandivali (West). Sale-3 Bedroom (1179'), 2 Bedroom (725'). Owner 9821049249. (15704/A)**

**TARDEO, BIG LAUNCH**
**Prime Location Reputed Builder Pay only 40 now Bal on possn. Pool, Gym Roftop 2, 3 Bed 3.99 to 6.5 Cr. Best yr end discounts - 8450997242. (B-15618)**

## ૧૭. જગ્યા આપવી છે

**BORIVALI (WEST)**
Luxurious 4 Bedroom, (2200'), Fully Furnished, West open, Garden facing, at IC Colony and 3 Bedroom (1100') Furnished at Babhai Naka, West open, higher Floor for Sale, "Homeland Consultants" 9930220117. (15699/A)

**SOUTH MUMBAI**
Ready Possession
Ashok Garden Sewri Wing A, 2 Bed, 12th floor Semi Furnished, 140000. Call for Photo / Video
Worli Lodha Park Allura 2 Bed Lease, Unfurnished,
Nagesh 9870246552
Shradha 9870573648
(15716-C)

## ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ**
**શીરસાટ ઈન્ડસ્ટ્રીયલ N.A. PLOT- 10,000'- 20,000' ફૂટ લેવાઃ 8780264376. (૧૫૬૧૮-બી)**

**વસઈ - કામણ**
**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)**

**વસઈ**
**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા- ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

PRIDE INDUSTRIAL ESTATE Owner's Pride!...
Satívali Main Road, Vasai (E)
PRIME & HOT LOCATION
515' TO 2000' CARPET
OPTION OF 4500' INDEPENDENT TYPE UNIT
APPROVED MEZZANINE FLOOR IN EACH UNIT
- Ample Power Available
- Heavy Kota Flooring
- 3 Way Entry & Exit
100% VASTU COMPLIANT
OC RECEIVED, NO GST
BEST ROI ON INVESTMENT
+91 97692 70748
+91 85911 93835
MahaRERA No. P99000003219
(B-15703)

## ૨૦. ધંધાદારી જગ્યા

**મહાવીર નગર કાંદિવલીમાં**
**ક્લાસીસ ઓફિસ માટે 300' + 300' (LOFT) total: 600'. (વેચાણથી 1.49) (ભાડેથીઃ 65,000/=) ઓનરઃ 76666 44727. (૧૫૬૯૭/એ)**

**ગોદામો-મસ્જિદબંદર ઈસ્ટ/વેસ્ટ**
સેમ્યુઅલસ્ટ્રીટ, નાગદેવી, અબ્દુલરહેમાનસ્ટ્રીટ, નાની મોટી જગ્યાઓ લેવા/વેચવા ઓનરશીપ/ ભાડેથી, રેડીકબ્જો સંપર્ક મહેશ શાહ : 9820253026. (એસડીબીજી-૨૫૦૫)

**ઓફિસ-સેમ્યુઅલ સ્ટ્રીટ**
એરિયા 330થી 1000, નાની/મોટી જગ્યા, ફર્નિશ્ડ/વગર, ઓનરશિપ/ભાડેથી લેવા મળોઃ મહેશ શાહઃ 9820253026. (એસડીબીજી-૨૫૦૬)

**ઓફિસ-નરસી નાથા સ્ટ્રીટ**
એરિયા 600' ફર્નિશ્ડ, સેલ્ફકન્ટેન્ટ, રોડસાઈડ, ભાડેથી લેવા મળો મહેશ શાહઃ 9820253026. (એસડીબીજી-૨૫૦૭)

**ઓફિસ-કાઝી સયદ**
એરિયા 900', 1લે માળે, ફુલી ફર્નિશ્ડ, ઓનરશિપથી આપવાની છે, રેડીકબ્જો, લેવા મળો. મહેશ શાહ : 9820253026. (એસડીબીજી-૨૫૦૮)

**ઘાટકોપર (ઈસ્ટ) કૈલાષ પ્લાઝા ગ્રાઉન્ડ ફ્લોર, રોડ ટચ દુકાન, રેમંડની બાજુમાં, ૪૦૦' કારપેટ, ભાડેથી આપવાની છે. ''ઓનર'' 9821224684. (૧૫૭૨૧-એ)**

**મસ્જિદ બંદર**
કાઝી સૈયદ સ્ટ્રીટ, નરસી નાથા સ્ટ્રીટ, સેમ્યુલ સ્ટ્રીટ, નાગદેવી, નારાયણ ધ્રુવ સ્ટ્રીટ, ઓફિસ, ગોડાઉન લેવા - વેચવા / ભાડેથી. ''લક્ષ્મીકાંત ભટ્ટ'' (યુઈ) ૯૮૨૧૩૦૭૨૬૨, ૯૩૨૧૨૪૪૧૯૧. (૧૫૭૨૦-એ)

**બોરીવલી (WEST)**
**શોરૂમ / રિટેલ ઉપલબ્ધ**
ગ્રાઉન્ડ + પ્રથમ માળ
કુલ વિસ્તારઃ3000 SQ.FT. ૧૦ વિશિષ્ટ કાર પાર્કિંગ જગ્યાઓ
એસ. વી. રોડ, બોરીવલી સ્ટેશનની પાસે
વધુ વિગતો અને નિરીક્ષણ માટે
dm.realty01@gmail.com 8369540301
(બી-૧૫૭૦૨)

## ૨૦. ધંધાદારી જગ્યા

**JUHU SCHEME**
ભાડેથી Shop 240' Carpet વૈશાલી શોપિંગ, આપવાની છે. યશ મહેતાઃ 9833766747. (૧૫૬૯૦-એ)

**''કાલબાદેવીમાં ગોડાઉન..''**
190 કાર્પેટનું ગ્રાઉન્ડ ફ્લોરમાં - ભાંગવાડીની બાજુની ગલીમાં વેચાણથી.. 'મારુતી' - 9321035177. (બી-૧૫૬૯૯)

**FORT HANDLOOM HOUSE**
**Primrose Chambers Ground Floor 100 sq. ft. Shop for Leave and License 9869870495. (260)**

**LOWER PAREL**
1200 sqft Office available for Leave & Licence. Only WhatsApp 7304472581 (Owner). (SDB-2493)

**SNACKS MANUFACTURING**
Require 6000 sq.ft. on Rent at Vasai, Panvel, MIDC,Turbhe for Snacks Manufacturing. Rakesh 9821156360. (SDB-2500)

**SALE - RENT**
Office Tendice - 69 Andheri East 689' Sq. Ft. Off W. E. Highway Off Suren Road, Ready Possession, New Building Ph Owner 022-66318562-66311728-9930647494-9821936787. (JP/4976-C)

## ૨૩. મનોરંજન

**પ્રતીક મહેતા**
સંગીતસંધ્યા, લગ્નગીત, એનીવર્સરી, પ્રાર્થના, ભજન, ડાયરો, બર્થડે. 9821153026. (૧૫૬૯૪/એ)

**''બજેટ મુજબ''**
''દાંડિયા'', ''સંગીતસંધ્યા'' ''લગ્નગીત'', ''બર્થડે'', ''એનિવર્સરી'', ''પ્રાર્થના''. ''કમલેશ માંડલિયા'' - 9820889938. (૧૫૬૬૯-બી)

**પ્રાર્થનાસભા નાશિક - પૂનામાં**
**13000/-**
(કાંદિવલીમાં 7000/= બીજે ટ્રાન્સપોર્ટેશન અલગ), લગ્નગીત, સંગીત સંધ્યા, ભજન, Anniversary, Karaoke, DJ, સાઉન્ડ બજેટથી. મનસુખભાઈ - 9326801860, 8169552801. (૧૫૭૧૭-એ)

## ૨૭. ઔષધ ઉપચાર

**Dibesia**
**ડાયાબીટીસ માટે સીરપ**



સંપૂર્ણ આયુર્વેદીક સીરપ
ડાયાબીટીસ તમારુ એને કંટ્રોલમાં રાખવાનું ટેન્શન અમારૂ.
Free Home Delivery
સંપર્ક : 88 8969 8969
(૧૫૭૧૯-એ)

**કેબી ધોરમનો ધોરમ મલમ**
**ગુદાના ગુમડા, હરસ, ખસ, દાદર, ખરજવું, વાઢીયા, કરોળિયાનો આયુર્વેદિકમાં ઉપલબ્ધ. કેબીધોરમ વાંચી ખરીદવું. બોરીવલી 9820756510, દહિસર 9321611838, કાંદિવલી 7506655512, મુંબઈ 9820040824, મુલુંડ 9029676712. (૧૫૬૫૮-બી)**

## ૩૧. નાણાંકીય

**શેર સંબંધી**
**બજાર માં ખપતા ના ખપતા શેર ની ઓફ માર્કેટ માહિતી આપીશું.**
સંપર્ક : ચેતન શાહ
**90290 81495**
(બી-૧૫૬૬૯)

**અશક્ય લોન**
ગેરેંટીથી કામ કરી આપીશું - મોર્ગેજ - Redevelopment - NPA Cases - Bank Settlement Genuine Person Please Contact No Time Pass - Jalaram Finance - Borivali - 9820441711. (૧૫૭૧૫-એ)

# સૂટકેસમાં મહિલાનું માથું મળ્યાના પાંચ દિવસ પછી નાળામાંથી ધડ મળ્યું

પાલઘરઃ વિરારમાં સૂટકેસમાંથી ૫૧ વર્ષની મહિલાનું માથું મળ્યાના પાંચ દિવસ પછી પોલીસે નાળામાંથી ધડ શોધી કાઢ્યું હતું.

નાલાસોપારા પૂર્વના રેહમત નગરમાં રહેતા હરીશ બરવરાજ હિપ્પરગી (૪૯)એ આઠમી જાન્યુઆરીની રાતે પત્ની ઉત્પલાની હત્યા કરી હતી. ઉત્પલાનું માથું ૧૩ માર્ચની સાંજે વિરારના પિરકુંડા દર્ગા નજીકના જંગલ પરિસરમાંથી એક સૂટકેસમાંથી મળી આવ્યું હતું. મહિલાનું માથું મળી આવ્યા પછી ક્રાઈમ બ્રાન્ચે તપાસ હાથી ધરી તેના પતિ હરીશની ધરપકડ કરી હતી.

પૂછપરછમાં આરોપીએ કબૂલાત કરી હતી કે તેણે ઘરમાં જ ગળું દબાવીને પત્નીની હત્યા કરી અને પછી મૃતદેહ એક વાહનમાં વિરારના દેશમુખ ફાર્મ નજીક લઈ ગયો હતો. ત્યાં દાંતરડાથી પત્નીનું માથું વાઢી નાખ્યું હતું. માથું પ્લાસ્ટિકની ગૂણીમાં બાંધીને એક સૂટકેસમાં જંગલમાં ફેંક્યું હતું, જ્યારે તેનું ધડ પાસેના નાળામાં ફેંકી દીધું હતું.

આરોપીની કબૂલાત બાદ મંગળવારની સવારે માંડવી પોલીસે ફાયર બ્રિગેડની મદદથી મહિલાના ધડની શોધ હાથ ધરી હતી. ચારેક કલાકની શોધખોળ પછી મહિલાના કોહવાયેલા ધડના અવશેષ મળી આવ્યા હતા.

તપાસ માટે અવશેષ ફોરેન્સિક લૅબોરેટરીમાં મોકલી આપ્યા હોવાનું માંડવી પોલીસ સ્ટેશનના સિનિયર ઈન્સ્પેક્ટર સંજય હઝારેએ જણાવ્યું હતું. (પીટીઆઈ)■

## ૩૨. જમીન-મિલકત

■ જૈન પવિત્ર ધન્યધરા પર શંખેશ્વરમાં પોતાના પ્લોટના માલિક બનો. NA NOC, ટાઈટલ કલીયર, સરળ હપ્તે, તુરંત દસ્તાવેજ 9574859654. (બી-૧૪૯૨૭)

**શાહાપુર આજા પર્વત**
પર ફુલ્લી ડેવલપ પ્રીમિયમ N.A. પ્લોટ તેમજ ફાર્મહાઉસ પ્લોટ લેવા- 9869108628. (જેપી/૪૯૭૬-બી)

**રાજકોટમાં જોઈએ**
**પ્લોટ, કાલાવડ રોડ, હરીપર, કણકોટ, વડવાજડી-વિરડાવાજડી, ઈશ્વરીયા, અમરેલી, મોટાવડા, આણંદપર, મોરબી રોડ, હડાળા, વિજયનગર, રતનપર, નાના મોટા પ્લોટ કેશ પેમેન્ટથી. કીર્તિભાઈ કંસારા 9825160974. (બી-૧૫૬૧૪)**

■ 5 એકર NA પ્લોટ વેચવાનો છે. રોડટચ મહાબળેશ્વર- કાસ રોડ, રેગડેવાડી- મહાબળેશ્વર. ભાવ- રૂ.14.25 કરોડ. સંપર્ક- 9765407930. (૧૫૬૮૪-એ)

**દેવલાલી**
પ્રાઈમ એરિયામાં ૩૨૫ વાર પ્લોટ વેચવાનો છે. દેરાસર નજીક મોબાઈલ - 9322683175 / 7738323175. (એસડીબીજી-૨૪૯૫)

## ૩૩. ધંધાદારી

**દુનિયાભરમાં પાર્સલ**
નાસ્તો, મસાલા, કપડાં, બીજો સામાન હોલસેલમાં અમેરિકા, કેનેડા યુરોપ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, યુકે, દુબઈ, સિંગાપુર. - 9769691025/ 26822572. (બી-૧૫૫૬૦)

**''પાણીની ટાંકીઓ''**
''મશીનથી કુવા - સોસાયટીની - ઘરની ટાંકીઓની સફાઈ''. ''યોગી એન્ટરપ્રાઇઝ'' - 9820776583 / 9892298963. (૧૫૭૧૮-એ)

LIASONING & PMC ARCHItect, all Architectural & Interior Services, Design Creation. Call: 9867800070. (SDBG/ 2498)

## ૩૫. જ્યોતિષ ભવિષ્ય

***અંબિકા જ્યોતિષ***
જન્માક્ષરથી લવ પ્રોબલમ, લગ્ન, નશાખોરી, સંતાન, શત્રુદુખ, સોતનદુખ, ધંધાની સાચી સલાહ અને સચોટ ઉકેલ - 9521365565. (બી-૧૫૬૮૬)

## ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

**એસ પેસ્ટીસાઈડ**
(૧૯૯૩થી) ઉધઈ, વાંદા, માંકડ. કાંદિવલીઃ 9833523290, 9220789533, ચીરાબજાર : 9029181030. (૧૫૬૫૮-ઈ)

■ ''એસ પેસ્ટ કંટ્રોલ'' ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ). 9773226675, 9326448699. (કાંદિવલી). (૧૫૬૭૦/બી)

## ૪૬. વોટર પ્રુફિંગ

**બિલ્ડીંગ રીપેરીંગ**
વોટર પ્રુફીંગ સ્પેશ્યાલીસ્ટ વીથ પેઈન્ટીંગ, ટેરેસ, છજીયા, આઉટસાઈડ વોલ. સંપર્ક : 9987414990 / 9324558334. (૧૫૬૮૦-એ)

**લીકેજ બંધ**
સ્પેશ્યાલીસ્ટ વોટરપ્રુફીંગ ટેરેસ, આઉટસાઈડ ક્રેક, છજ્જા, ટાંકી, બિલ્ડિંગ રીપેરીંગ, પેઇન્ટીંગ. 9769735633. (૧૫૩૩૩/એ)

## ૫૦. વેચવાનું છે

**FOR SALE AMBULANCE VAN**
Tata Winger year 2017 (BSIV) in as is how is condition available for inspection at Parsi Ambulance Division, Opp. Metro Cinema, 1, M. G. Road, Mumbai - 1. Phone: 8591615177. Offer to reach within 15 days. (261)

## ૫૨. કુરીઅર્સ

**મનસ્વી પાર્સલ**
યુરોપ, અમેરિકા, ન્યુઝીલેન્ડ, ઓસ્ટ્રેલીયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. 9820194719 / 7208019515. (૧૫૦૨૬-એ)

**પરદેશમાં પાર્સલ**
અમેરિકા, લંડન, દુબઈ દુનિયાભરમાં પહોંચાડીશું ઓમદર્શન - 9699457066 / 9594187418. (બી-૧૫૬૭૬)

■ વિદેશમાં અમેરિકા, લંડન, Europe, Australia, Canadaમાં વસતા સ્નેહીજનોને પાર્સલ મોકલવા માટે. અંધેરી East 9825305632, 9320095632. (બી-૧૫૬૯૦)

# થાણેમાં સીસીટીવી સર્વેલન્સ શરૂ

થાણેઃ ચેન સ્નેચિંગ, રેસ ડ્રાઇવિંગ જેવી વધતી જતી ઘટનાઓને કાબૂમાં લાવવાના પ્રયાસ રૂપે મહારાષ્ટ્રના થાણે જિલ્લા ગ્રામીણ પોલીસે ગઈ કાલે સીસીટીવી સર્વેલન્સ પહેલ શરૂ કરી, જે પોલીસને કેમેરાના નેટવર્ક દ્વારા વાસ્તવિક સમયની પ્રવૃત્તિઓ પર નજર રાખવા સક્ષમ બનાવશે. કોંકણના સ્પેશિયલ ઇન્સ્પેક્ટર જનરલ (આઇજી) ઓફ પોલીસ, સંજય દરાડેએ 'એક સીસીટીવી આપલ્યા સુરક્ષાસાઠી' પહેલનું ઉદ્‌ઘાટન કર્યું, જેમાં ગુના નિવારણ, શોધ, ટ્રાફિક વ્યવસ્થાપન અને એકંદર જાહેર સુરક્ષામાં સર્વેલન્સ ટેકનોલોજીની મહત્વપૂર્ણ ભૂમિકા પર ભાર મૂકવામાં આવ્યો.

એક અધિકારીએ જણાવ્યું હતું કે કંટ્રોલ રૂમમાં તૈનાત પ્રશિક્ષિત કર્મચારીઓ કેમેરા ફીડનું નિરીક્ષણ કરશે.

તેમણે વધુમાં કહ્યું કે સેન્ટ્રલ કંટ્રોલ રૂમમાં ૧૦ મોનિટર સ્થાપિત કરવામાં આવ્યા છે, અને ૧,૧૨૧ કેમેરામાંથી લાઇવ ફીડ પહેલેથી જ ઉપલબ્ધ છે, આગામી મહિનાઓમાં વધુ કનેક્ટ કરવામાં આવશે.

એકવાર થાણે ગ્રામીણ જિલ્લાના તમામ ગામડાઓમાં સીસીટીવી નેટવર્ક સ્થાપિત થઈ જાય, પછી એકત્રિત કરવામાં આવેલા ડેટાનું વિશ્લેષણ એઆઇ ટૂલ્સનો ઉપયોગ કરીને કરવામાં આવશે. ■

# જાણ બહાર પડોશીનો વીડિયો શૂટ કરનાર સામે ગુનો નોંધાયો

થાણેઃ મહારાષ્ટ્રના થાણા જિલ્લામાં જાણ કર્યા વિના પડોશીઓના વાંધાજનક વીડિયો શૂટ કરવા બદલ ૨૮ વર્ષની વ્યક્તિ સામે કેસ નોંધવામાં આવ્યો હોવાનું પોલીસે મંગળવારે જણાવ્યું હતું.

માહિતી આપતા એક અધિકારીએ જણાવ્યું હતું કે એક ફરિયાદના આધારે, પોલીસે રવિવારે આરોપી સચિન ઘાનુ જાધવ સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૭૭ (વોયરિઝમ), ૩૫૨ (શાંતિનો ભંગ કરવા ઇરાદાથી અપમાન) અને ભારતીય ન્યાય સંહિતાની ૩૫૧ (૨) (ગુનાહિત ધાકધમકી) હેઠળ એફઆઈઆર નોંધ્યો હતો. ૧૫ માર્ચે આરોપીએ તેની જ બિલ્ડિંગમાં રહેતા એક દંપતીની જાણ બહાર તેમના વાંધાજનક વીડિયોનું શૂટિંગ કર્યું હતું. તપાસ ચાલી રહી છે અને આ કેસમાં કોઈ ધરપકડ કરવામાં આવી નથી એમ અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઈ)■

# તેજીના જબ્બર ઉછાળા સાથે સેન્સેક્સે ૭૫,૦૦૦ની સપાટી ફરી હાંસલ કરી, જ્યારે નિફ્ટી ૩૨૬ની જમ્પ સાથે ૨૩,૦૦૦ની વધુ નિકટ સરક્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ તેજી માટે એકથી વધુ પરિબળો એકત્ર થતાં ઉછાળાની ચાલ બીજા દિવસે પણ ચાલું રાખતા સેન્સેક્સે ૧,૧૩૧ પોઈન્ટની છલાંગ સાથે ૭૫,૦૦૦ની સપાટી પાછી મેળવી લીધી છે. વૈશ્વિક શેરબજારોમાં તેજીના વલણ વચ્ચે વ્યાપક ખરીદીને કારણે મંગળવારે એનએસઈ બેન્ચમાર્ક નિફ્ટી પણ ૧.૪૫ ટકા ઉછળ્યો હતો. સત્રને અંતે સેન્સેક્સ ૧,૧૩૧.૩૧ પોઈન્ટ અથવા ૧.૫૩ ટકા ઉછળીને ૭૫,૩૦૧.૨૬ પોઇન્ટના સ્તર પર સ્થિર થયો હતો. દિવસ દરમિયાન, તે ૧,૨૧૫.૮૧ પોઈન્ટ અથવા ૧.૬૩ ટકા વધીને ૭૫,૩૮૫.૭૬ની સપાટી પર બંધ થયો હતો. નિફ્ટી ૩૨૫.૫૫ પોઈન્ટ અથવા ૧.૪૫ ટકા ઉછળીને ૨૨,૮૩૪.૩૦ પર બંધ થયો.

સેન્સેક્સ પેકમાંથી ઝોમેટો, આઇસીઆઇસીઆઇ બેંક, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, ટાટા મોટર્સ અને લાર્સન એન્ડ ટુબ્રો સૌથી વધુ વધ્યા હતા; જ્યારે માત્ર બજાજ ફિનસર્વ, ભારતી એરટેલ, ટેક મહિન્દ્રા અને રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ ટોપ લુઝરની યાદીમાં હતા. તેજી માટે આજે અનેક પરિબળ ભેગા થયાં હતાં, જેમાં મજબૂત વૈશ્વિક સંકેતો સાથે ટેકનિકલ સ્થિતિસ્થાપકતાનું પણ સંયોજન હતું. વોલ સ્ટ્રીટ અને એશિયન શેરબજારની તેજી પાછળ ભારતીય શેરબજારોમાં પણ જોરદાર તેજી જોવા મળી હતી.

ચીનના આર્થિક દૃષ્ટિકોણ અંગે રોકાણકારોનો આશાવાદ વધ્યો હોવાથી મંગળવારે હોંગકોંગનો હેંગ સેંગ ઇન્ડેક્સ ત્રણ વર્ષની ટોચે પહોંચ્યો હતો. હેંગ સેંગ ઇન્ડેક્સમાં આજ સુધીમાં ૨૩ ટકાનો વધારો થયો છે, જે તેને શ્રેષ્ઠ પ્રદર્શન કરતું મુખ્ય વૈશ્વિક બજાર બનાવે છે. એશિયાના અન્ય ભાગોમાં, ચીની મુખ્ય ભૂમિના શેરોમાં નજીવો વધારો થયો, જ્યારે એમએસસીઆઇના એશિયા-પેસિફિક શેરના સૌથી વ્યાપક સૂચકાંકમાં એક ટકાનો વધારો થયો. સિઓલ, સિડની અને તાઈપેઈના બજારોમાં પણ તેજી જોવા મળી. દરમિયાન, જાપાનના નિક્કી ૧.૫ ટકા ઊછળ્યો, જે ત્રણ અઠવાડિયામાં તેનો સૌથી મોટો દૈનિક વધારો છે.

અમેરિકામાં, શેરબજારો રાતોરાત સ્થિર થયા, જોકે એપ્રિલમાં ટ્રમ્પ દ્વારા પ્રસ્તાવિત પારસ્પરિક ટેરિફ અમલમાં આવવાની હોવાથી રોકાણકારોનું વલણ સાવચેતીપૂર્ણ રહ્યું છે. ચીનના સ્ટિમ્યુલસ પેકેજથી બજારને ઇંધણ મળ્યું છે. ચીને સ્થાનિક માગને વધારવા માટે પ્રયાસો ઝડપી બનાવ્યા છે, જેમાં બાળ સંભાળ સબસિડી અને વપરાશને ટેકો આપવા માટે ખાસ કાર્ય યોજના જેવા નવા પગલાંનો સમાવેશ થાય છે.

જાન્યુઆરી-ફેબ્રુઆરીના સમયગાળામાં ચીનમાં છૂટક વેચાણમાં વધારો થયો હતો, જેનાથી સ્થાનિક ખર્ચને પુનર્જીવિત કરવાનો પ્રયાસ કરી રહેલા નીતિ નિર્માતાઓને રાહત મળી હતી. આ હિલચલાથી ખાસ કરીને મેટલ સેકટરમાં મોટો આશાવદ જોવા મળ્યો છે. આ ક્ષેત્રની મુખ્ય ખેલાડી હિન્દાલ્કો ઇન્ડસ્ટ્રીઝના શેરમાં બે ટકાથી વધુનો ઉછાળો જોવના મળ્યો હતો. એકંદરે, વિશ્વના ટોચના કોમોડિટી ગ્રાહકો તરફથી મજબૂત માગની અપેક્ષાઓ પર ધાતુના શેરોમાં વધારો થયો હતો.

ફેબ્રુઆરીમાં યુએસ રિટેલ વેચાણમાં ૦.૨ ટકાનો વધારો થયો હતો. રોકાણકારોના સેન્ટિમેન્ટમાં સુધારો થયો હતો. એશિયા-પેસિફિક બજારોએ વોલ સ્ટ્રીટના સુધારાને ટ્રેક કર્યો, કારણ કે ગુલાબી રિટેલ વેચાણના ડેટાએ નિકટવર્તી મંદીના ભયને ઓછો કરવામાં મદદ કરી. જોકે, વૃદ્ધિ અપેક્ષાઓ કરતાં ઓછી રહી, જે વેપાર ટેરિફ અને યુ.એસ. દ્વારા દબાયેલી હતી. ફેડરલ ક્ષેત્રમાં તાજેતરના પગલાં છટણીને લગતી ચાલી રહેલી અનિશ્ચિતતા પર પ્રકાશ પાડે છે.એક અલગ અહેવાલમાં દર્શાવવામાં આવ્યું છે કે ન્યુ યોર્ક રાજ્યમાં ફેક્ટરી પ્રવૃત્તિમાં લગભગ બે વર્ષમાં સૌથી તીવ્ર ઘટાડો જોવા મળ્યો છે, જેનાથી આર્થિક મંદીની અપેક્ષાઓ વધુ મજબૂત બની છે. રિટેલ અને ફેક્ટરી પ્રવૃત્તિના ઓછા ડેટાએ યુ.એસ. પર ભાર મૂક્યો. ડોલર અને બોન્ડ યીલ્ડે દબાણ બનાવ્યું, જ્યારે સોનાના ભાવને ટેકો મળ્યો.

યુરો અને અન્ય મુખ્ય ચલણો સામે યુએસ ડોલર. રોકાણકારોએ વધતા વૈશ્વિક વેપાર તણાવની અસરનું મૂલ્યાંકન કરતા ડોલર પાંચ મહિનાના નીચલા સ્તરે પહોંચી ગયો હતો. મંગળવારે ચલણ બજારમાં, ભારતીય રૂપિયો ૮૬.૭૬૨૫ પ્રતિ યુએસ ડોલર પર નજીવો વધારો થયો હતો, જે અગાઉના બંધ ૮૬.૮૦ ની સરખામણીમાં ડોલરની નબળાઈનો ફાયદો હતો.

દરમિયાન, ઓલા ઇલેક્ટ્રિકના શેર મોટા કડાકા સાથે ઓલ ટાઇમ નીચા સ્તરે પટકાતાં, કંપનીના બજારમૂલ્યમાં પાછલા સત્રમાં ૧,૬૦૧ કરોડ રૂપિયાનું ધોવણ જોવા મળ્યું હતું. આ કંપનીએ જણાવ્યું હતું કે તેની વ્હીકલ રજિસ્ટ્રેશન સર્વિસ પ્રોવાઇડર (વાહન નોંધણી સેવા પ્રદાતાઃ કંપની રોઝમેર્ટા ડિજિટલ સર્વિસીસ લિમિટેડે તેની સંપૂર્ણ માલિકીની શાખા ઓલા ઇલેક્ટ્રિક ટેક્નોલોજીસ પ્રાઇવેટ લિમિટેડ સામે નાદારીની કાર્યવાહી શરૂ કરવાની માગ કરી છે.

પાછલા સપ્તાહે ટોચની ૧૦ સૌથી મૂલ્યવાન કંપનીઓમાંથી પાંચના માર્કેટ કેપમાં ૯૩,૩૫૭.૫૨ કરોડ રૂપિયાનો ઘટાડો થયો હતો, જેમાં આઇટી જાયન્ટ્સ ઇન્ફોસિસ અને ટાટા કન્સલ્ટન્સી સર્વિસિસને સૌથી મોટો ફટકો પડ્યો હતો. જે સ્થાનિક ઇક્વિટીમાં નબળા વલણને અનુરૂપ છે. ગયા અઠવાડિયે, બીએસઈ સેન્સેક્સ બેન્ચમાર્ક ૫૦૩.૬૭ પોઈન્ટ અથવા ૦.૬૮ ટકા ઘટ્યો અને એનએસઈ નિફ્ટી ૧૫૫.૩ પોઈન્ટ અથવા ૦.૬૯ ટકા ઘટ્યો. શેરબજાર શુક્રવારે હોળીના તહેવાર નિમિત્તે બંધ રહ્યા હતા.

દરમિયાન, જાન્યુઆરીમાં જથ્થાબંધ ભાવાંક (ડબલ્યુપીઆઇ) આધારિત ફુગાવો ૨.૩૧ ટકા હતો. ફેબ્રુઆરી ૨૦૨૪માં તે ૦.૨ ટકાના સ્તરે હતો. સતત ત્રણ મહિનાના ઘટાડા પછી ડબલ્યુપીઆઇમાં સાધારણ વધારો જોવા મળ્યો છે. જાન્યુઆરીની સરખામણીમાં ફેબ્રુઆરી મહિનામાં ડબલ્યુપીઆઇમાં માસિક તુલનાત્મક ધોરણનો ફેરફાર ૦.૦૬ ટકા રહ્યો. વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય દ્વારા જારી કરાયેલા નિવેદન મુજબ, ફેબ્રુઆરી, ૨૦૨૫માં ફુગાવાનો સકારાત્મક દર મુખ્યત્વે ખાદ્ય ઉત્પાદનો, ખાદ્ય ચીજો, અન્ય ઉત્પાદન, બિનખાદ્ય ચીજો અને કાપડના ઉત્પાદન વગેરેના ભાવમાં વધારાને કારણે છે.

મંગળવારે બીએસઈ સેન્સેક્સ ગત સોમવારના ૭૪,૧૬૯.૯૫ના બંધથી ૧૧૩૧.૩૧ પોઈન્ટ્સ (૧.૫૩ ટકા) વધ્યો હતો. માર્કેટ કેપ રૂ.૭.૦૫ લાખ કરોડ વધીને રૂ.૩૯૯.૮૫ લાખ કરોડ રહ્યું હતું. સેન્સેક્સ ૭૪,૬૦૮.૬૬ ખૂલીને ઊંચામાં ૭૫,૩૮૫.૭૬ સુધી અને નીચામાં ૭૪,૪૮૦.૧૫ સુધી જઈને અંતે ૭૫,૩૦૧.૨૬ પોઈન્ટ્સ પર બંધ રહ્યો હતો. બીએસઈ સેન્સેક્સની ૨૬ સ્ક્રિપ વધી હતી, જ્યારે ૪ સ્ક્રિપ ઘટી હતી.

એક્સચેન્જમાં ૪,૧૫૯ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું, જેમાં ૨,૮૧૫ સ્ટોક્સ વધ્યા હતા, ૧,૨૨૧ સ્ટોક્સ ઘટ્યા હતા.

## એનએસઇ પર આઇએલ એન્ડ એફએસ ઇન્વટીનું લિસ્ટિંગ

મુંબઇઃ ઇન્ફ્રાસ્ટ્રક્ચર લીઝિંગ એન્ડ ફાઇનાન્શિયલ સર્વિસીઝે (આઇએલએન્ડએફએસ) એનએસઇ પર રોડસ્ટાર ઇન્ફ્રા ઇન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટ ઇન્વીટનું લિસ્ટિંગ કર્યું હતું. છ મુખ્ય રોડ એસેટ્સ ધરાવતા ઇન્વીટના ડિસ્ટ્રીબ્યુશનના પગલે આરઆઇઆઇટીનું રૂ. ૮,૫૯૨ કરોડના એન્ટરપ્રાઇઝ વેલ્યુએશન પર લિસ્ટિંગ થયું હતું, જે ડેટ રિસોલ્યુશનના વૈવિધ્યપૂર્ણ ફાઇનાન્શિયલ ઇન્સ્ટ્રુમેન્ટ્સનો અસરકારક રીતે ઉપયોગ કરવાની આઇએલએન્ડએફએસ ગ્રુપની ક્ષમતાને દર્શાવે છે. રોડસ્ટાર ઇન્ફ્રા પ્રાઇવેટ લિમિટેડ દ્વારા સ્પોન્સર્ડ રોડસ્ટાર ઇન્ફ્રા ઇન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટની સ્થાપના પ્રત્યક્ષ કે પરોક્ષપણે ભારતમાં ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સમાં માલિકી, સંચાલન અને રોકાણના ઉદ્દેશથી કરવામાં આવી હતી અને તે ઇન્વીટ નિયમનો હેઠળ રજિસ્ટર્ડ છે.

## સ્ટેટ બેંકે ₹ ૧૫૦ અબજ એકત્ર કરવાની યોજના અભરાઈએ ચડાવી

મુંબઇઃ દેશની જાહેર ક્ષેત્રની સૌથી મોટી બેંક, સ્ટેટ બેંકે રૂ. ૧૫૦ અબજ અથવા તો ૧.૭ બિલિયન ડોલર જેટલું નાણાં ભંડોળ એકત્ર કરવાની યોજના આ વર્ષ માટે અભરાઈએ ચડાવી હોવાનું જાણવા મળ્યું છે.

અસ્કયામતોના ધોરણે દેશની સૌથી મોટી ધિરાણકર્તા, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (એસબીઆઇ)એ, સેન્ટ્રલ બેંક દ્વારા નીતિ દરમાં ઘટાડો કરવા સાથે પ્રવાહિતા વધારવાના પગલાં લેવામાં આવ્યા હોવા છતાં, બોન્ડની ઊંચી ઉપજને કારણે આ નાણાકીય વર્ષમાં નાણાં ભંડોળ ઊભું કરવાની તેની યોજનાઓને ટાળવાનો નિર્ણય કર્યો હોવાનું આ બાબતથી પરિચિત સાધનોએ જણાવ્યું છે.

PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**પશ્ચિમ રેલવે**

**LHB વોટર ટેન્કનું રેટ્રો-ફીટમેન્ટ**

ચીફ વર્કશોપ મેનેજર, કેરેજ રિપેર વર્કશોપ, પશ્ચિમ રેલવે, N. M. જોષી માર્ગ, લોઅર પરેલ, મુંબઈ-૧૩, ટેન્ડર નોટીસ નં.: WR-PL-ME-EST-૫૬૪૪૮૮ તા. ૧૭.૦૩.૨૦૨૫ મંગાવે છે. કામનું નામ સાથે તેનું સ્થળઃ ''ICF ડિઝાઈન કોચેસમાં ૩૦ લિટર LHB વોટર ટેન્કનું રેટ્રો-ફીટમેન્ટ.'' કામની અંદાજિત કિંમતઃ ₹ ૬૫,૦૫,૯૯૯.૬૨. બારડીઃ ₹ ૧,૩૦,૧૦૦/-. ઈ-બીડની ઓનલાઈન સુપ્રત માટેની છેલ્લી તારીખ અને સમયઃ ૧૬.૦૪.૨૦૨૫, ૧૫.૦૦ ક. સુધી અને ઈ-ટેન્ડરની ખોલવાનીઃ ૧૬.૦૪.૨૦૨૫ના ૧૫.૩૦ ક. બીડસ ફોર્મસ અને અન્ય વિગતો જેમ કે સુધારા વેબસાઈટ www.ireps.gov.in પરથી મેળવી શકાય છે. 1188

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly

## આંખ આંજી નાખતી તેજીઃ ચાંદી ₹ ૧,૦૦,૪૦૦ની સપાટીએ, સોનું ₹ ૮૮,૨૫૦ની ઉપર

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃસોનાચાંદી બજારમાં સતત બીજા દિવસે જોરદાર ઉછાળા સાથે તેજીનો પવન ફૂંકાયો છે. ખૂલતા બજારમાં સોનાના ભાવમાં દસગ્રામે રૂ. ૧૦૪૪થી ૧૦૪૮નો ઉછાળો જોવા મળ્યો છે. જ્યારે ચાંદીમાં રૂ. ૧૩૬૩ પ્રતિ કિલોનો ઉછાળો છે. ઝવેરી બજારમાં ખૂલતા સત્રમાં ૯૯૯ ટચનું શુદ્ધ સોનું રૂ. ૮૮,૧૦૧ના પાછલા બંધ સામે રૂ. ૧૫૫ના ઉછાળા સાથે રૂ. ૮૮,૨૫૬ પ્રતિ દસ ગ્રામ બોલાયું છે, જ્યારે ૯૯૫ ટચના શુદ્ધ સોનાના ભાવ રૂ. ૮૭,૭૪૮ પ્રતિ દસ ગ્રામના પાછલા બંધ સામે રૂ. ૧૫૫ના ઉછાળા સાથે રૂ. ૮૭,૯૦૩ની સપાટીએ ખૂલ્યા છે.

આ તરફ ચાંદી પણ રૂપિયા એક લાખ તરફ ધસમસી રહી છે. મુંબઇના ઝવેરી બજારમાં .૯૯૯ ટચની હાજર ચાંદી રૂ. ૯૯,૭૬૭ના બંધ સામે રૂ. ૧૬૨ના ઉછાળા સાથે ખૂલતા સત્રમાં રૂ. ૯૯,૯૨૯ બોલાઇ હતી. નોંધવું રહ્યું કે, દિલ્હી અને ગુજરાતના અમુક શહેરમાં ચાંદીએ સોમવારે જ એક લાખ રૂપિયાની સપાટી વટાવી નાંખી હતી.

સત્રને અંતે શુદ્ધ સોનું રૂ. ૨૫૩ના વધારા સાથે રૂ. ૮૮,૩૫૪ની સપાટી પર સ્થિર થયું હતું, જ્યારે સ્ટાન્ડર્ડ સોનું દસ ગ્રામે રૂ. ૨૫૨ના વધારા સાથે રૂ. ૮૮,૦૦૦ની સપાટીએ પહોંચ્યું હતું. એ જ સાથે હાજર ચાંદી કિલોએ રૂ. ૬૩૩ના ઉછાળા સાથે રૂ. ૧,૦૦,૪૦૦ની સપાટીએ સ્થિર થઇ હતી.

સોનામાં ભાવ વધારા માટેના ત્રણ મુખ્ય કારણોમાં ડોનલ્ડ ટ્રમ્પના અમેરિકાના રાષ્ટ્રપતિ બનવા સાથે જ વધેલા ભૂરાજકીય તણાવ, ડોલર સામે રૂપિયાના મૂલ્યમાં વધી રહેલી નબળાઇ અને શેરબજારમાં ઘટાડાને સ્થાન આપી શકાય, જેને કારણે લોકો સોનામાં રોકાણ વધારી રહ્યા છે.

ટોચના બુલિયન ડીલરે જણાવ્યું હતું કે, તાજા કારણો જોઇએ તો અમેરિકા પછી યુકે દ્વારા વ્યાજ દરોમાં ઘટાડો અને વધતા ભૂરાજકીય તણાવને કારણે સોનાને ટેકો મળી રહ્યો છે. તેમજ, ગોલ્ડ ઇટીએફમાં રોકાણ પણ વધી રહ્યું છે. આ કારણે પણ સોનાની માગ વધી રહી છે. ઓનલાઇન એક્સચેન્જ પર સોનાના ભાવ રૂ. ૮૮,૦૦૦થી ઉપર નવા ઉચ્ચતમ સ્તર પર પહોંચ્યા છે, જ્યારે કોમેક્સ ગોલ્ડે ૩,૦૦૦ ડોલરની સપાટી પાર કરી દીધી છે. આ તેજીને અનેક દેશોમાં વિવિધ ઉત્પાદનો પર સતત યુએસ ટેરિફ દ્વારા વેગ મળ્યો છે, જેમાં આલ્કોહોલ અને કોગ્નેક જેવા યુરોપિયન માલ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. આ ટેરિફની ચિંતાઓ બજારના સહભાગીઓને સાવચેત રાખી રહી છે, જેના કારણે સોનાની ખરીદી સતત ચાલુ રહી છે. આ અઠવાડિયે, યુએસ રિટેલ સેલ્સ ડેટા અને ફેડરલની નીતિ બેઠક અને નિવેદન જેવી મુખ્ય ઘટનાઓ સોના માટે આગામી ચાલ નક્કી કરવામાં નિર્ણાયક રહેશે.

યુએસ ટેરિફ અંગે અનિશ્ચિતતા, ટ્રેડ વોર તથા ભૂરાજકીય સંકટ ફરી ત્રાટકવાની આશંકા તેમ જ ફેડરલ રિઝર્વ દ્વારા નાણાકીય નીતિમાં છૂટછાટની વધતી અપેક્ષાઓ વચ્ચે વૈશ્વિક બજારોમાં મજબૂત વલણોને પગલે સ્થાનિક બજારમાં સોના અને ચાંદીના ભાવ નવા વિક્રમી સ્તરે પહોંચ્યા છે. દિલ્હી અને ગુજરાતના અમુક શહેરોમાં ચાંદીએ સોમવારે જ એક લાખ રૂપિયાની સપાટી વટાવી નાંખી છે.

સિનિયર કોમોડિટી એનાલિસ્ટના જણાવ્યા અનુસાર, કિંમતી ધાતુઓમાં રેકોર્ડબ્રેક તેજી માટે ઘણા પરિબળો જવાબદાર છે, જેમાં કેન્દ્રીય બેંકો દ્વારા ખરીદી અને વૈશ્વિક આર્થિક અસ્થિરતાનો સમાવેશ થાય છે. વધુમાં, યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની વેપાર અને આર્થિક નીતિઓને કારણે વિશ્વભરમાં આર્થિક અનિશ્ચતતામાં વધારો થવાથી સેફ હેવન એસેટની માગમાં વધારો થયો છે.

ફુગાવામાં ઘટાડો થવાને કારણે યુએસ ફેડરલ વ્યાજ દરમાં વધુ ઘટાડો કરશે એવી અપેક્ષાઓ મજબૂત થતાં સોનાચાંદીના ભાવ રોજ નવી વિક્રમી સપાટી નોંધાવી રહ્યા હોવાનું બજારના સાધનો જણાવે છે. અમેરિકાએ પુષ્ટિ આપી છે કે જ્યાં સુધી યમનના હુથીઓ લાલ સમુદ્રના શિપિંગ પર હુમલા બંધ ન કરે ત્યાં સુધી તેમના પર હુમલા ચાલુ રહેશે, જેના કારણે ભૂરાજકીય જોખમોએ સોનાના ભાવમાં વધારો કર્યો છે, જેનાથી આ ક્ષેત્રમાં તણાવ વધ્યો છે. આ ઉપરાંત મંગળવારે ઇઝરાયલે હમાસ પર એર સ્ટ્રાઇક કરીને ૨૦૦ જેટલા લોકોને ઠાર કર્યા હોવાના અહેવાલ પણ છે.

**પશ્ચિમ રેલવે - રાજકોટ ડિવિઝન**

**વિવિધ એન્જિનિયરિંગ કામો**

ઇ-ટેન્ડર સૂચના નંબર 41 વર્ષ 2024-2025 તારીખ: 17.03.2025

| ક્રમ નં | ઇ-ટેન્ડર નંબર અને કામનું નામ | અંદાજિત એનઆઈટી ખર્ચ | ઈએમડી રૂ |
|---|---|---|---|
| 1 | DRM-RJT-2024-25-E-82<br>રાજકોટ વિભાગ: - વાંકાનેર રાજકોટ વિભાગ હેઠળ વંદે ભારત ટ્રેનના સંદર્ભમાં પશુ વાડ પૂરી પાડવી. | 21,10,09,746.66 | 12,05,100.00 |
| 2 | DRM-RJT-2024-25-E-83<br>રાજકોટ વિભાગ: વિરમગામ-સુરેન્દ્રનગર વિભાગ હેઠળ વંદે ભારત ટ્રેનના સંદર્ભમાં પશુ વાડ પૂરી પાડવી. | 40,87,08,063.30 | 21,93,600.00 |
| 3 | DRM-RJT-2024-25-E-84<br>રાજકોટ વિભાગ:-સુરેન્દ્રનગર - વાંકાનેર વિભાગ હેઠળ વંદે ભારત ટ્રેનના સંદર્ભમાં પશુ વાડ પૂરી પાડવી. | 43,96,19,420.60 | 23,48,100.00 |
| 4 | DRM-RJT-2024-25-E-72R<br>રાજકોટ વિભાગ:- જામનગરના આસિસ્ટન્ટ ડિવિઝનલ એન્જિનિયર (પશ્ચિમ)-અધિકારક્ષેત્ર હેઠળ યુ/એસ પીએસસી સ્લીપર્સ દ્વારા સીમા ચોકીનું નિર્માણ પ્રસ્તાવિત. | 77,37,270.72 | 1,54,800.00 |

**ટેન્ડર ખોલવાની તારીખ અને સમય :** 09/04/2025 ના 15:00 કલાકે **ઓફિસ સરનામું :** ડિવિઝનલ રેલવે મેનેજર (એન્જિનિયરિંગ), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ, ગુજરાત 360001વેબસાઇટ : www.ireps.gov.in 183

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

**પશ્ચિમ રેલવે**

**મુંબઈ સેન્ટ્રલ ડિવિઝનના "A1, A, C & D" કેટેગરી સ્ટેશન ખાતે ટી સ્ટોલ્સની જોગવાઈ**

એપ્રિલ ૨૦૨૫ના મહિના માટે "A1, A, C & D" કેટેગરી સ્ટેશન ખાતે ટી સ્ટોલ માટે ઈ-ઓકશન હાથ ધરવામાં આવશે.

ઓકશન કેટલોગ નં.: BCT-CTG- ૨૫-૧૦
ઈ-ઓકશનની તારીખ: ૦૧.૦૪.૨૦૨૫

| ક્ર. નં. | લોટ નં. | સ્ટેશન | સ્ટેશનની કેટેગરી | સ્થળ |
|---|---|---|---|---|
| AA/૧ | Catg-BCT-VAPI-SMU- ૧૫૬-૨૪-૧ | વાપી | A | PF No. 2/3 |

યુનિટના પ્રકારઃ ટી સ્ટોલ; એરિયા (ચો.ફૂટ): ૬૦ ચો.ફૂટ, ઈ-ઓકશનનો સમયઃ ૧૨.૦૦ ક.

ઓકશન કેટલોગ નં.: BCT-CTG- ૨૫-૧૩
ઈ-ઓકશનની તારીખ: ૦૨.૦૪.૨૦૨૫

| ક્ર. નં. | લોટ નં. | સ્ટેશન | સ્ટેશનની કેટેગરી | સ્થળ |
|---|---|---|---|---|
| AA/૧ | Catg-BCT-MMCT-SMU-4-22-1 | મુંબઈ સેન્ટ્રલ | A1 | PF No. 1/2 |
| AA/૨ | Catg-BCT-UOI-SMU-157-24-1 | ઉમરોલી | C | PF No. 2 |
| AA/૩ | Catg-BCT-UVD-SMU-95-24-1 | ઉદવાડા | B | PF No. 2/3 |
| AA/૪ | Catg-BCT-BL-SMU-97-24-1 | વલસાડ | A | PF No. 1 |
| AA/૫ | Catg-BCT-BL-SMU-138-24-1 | વલસાડ | A | PF No. 2/3 |
| AA/૬ | Catg-BCT-NDB-SMU-106-23-1 | નંદુરબાર | B | PF No. 1 |

યુનિટના પ્રકારઃ ટી સ્ટોલ; એરિયા (ચો.ફૂટ): ૬૦ ચો.ફૂટ, ઈ-ઓકશનનો સમયઃ ૧૨.૦૦ ક.

ઓકશન કેટલોગ નં.: BCT-CTG- ૨૫-૧૭
ઈ-ઓકશનની તારીખ: ૦૯.૦૪.૨૦૨૫

| ક્ર. નં. | લોટ નં. | સ્ટેશન | સ્ટેશનની કેટેગરી | સ્થળ |
|---|---|---|---|---|
| AA/૧ | Catg-BCT-PAD-SMU-140-24-1 | પારડી | D | PF No. 2/3 |

યુનિટના પ્રકારઃ ટી સ્ટોલ; એરિયા (ચો.ફૂટ): ૬૦ ચો.ફૂટ, ઈ-ઓકશનનો સમયઃ ૧૨.૦૦ ક.

નોંધઃ સંભવિત બિડર્સને IREPS વેબસાઈટ www.ireps.gov.in પર ઈ-ઓકશન લીઝિંગ મોડ્યૂલની મુલાકાત લેવા વિનંતી. ઉલ્લેખેલ કેટલોગ હેઠળ લોટ મુજબની વિગતો ત્યાં ઉપલબ્ધ છે. 1189

અમને લાઈક કરો : facebook.com/WesternRly • અમને ફોલો કરો : X.com/WesternRly

## પ્રત્યક્ષ કર વસૂલાત ૧૬ ટકા વધીને ₹ ૧૬.૯૦ ટ્રિલિયનના સ્તરે પહોંચી

નવી દિલ્હીઃ સોમવારે જાહેર કરાયેલા સરકારી આંકડા મુજબ, આ નાણાકીય વર્ષમાં અત્યાર સુધીમાં ચોખ્ખી પ્રત્યક્ષ કર વસૂલાત ૧૫.૮૮ ટકા વધીને લગભગ રૂ. ૧૬.૯૦ ટ્રિલિયનના સ્તરે પહોંચી હોવાનું સત્તાવાર આંકડા મારફત જાણવા મળે છે.

સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સીસ (સીબીડીટી)ના ડેટા મુજબ, ચોખ્ખા બિન-કોર્પોરેટ કરવેરામાંથી કુલ આવક રૂ. ૮.૭૪ ટ્રિલિયનથી વધુ રહી છે, જેમાં મુખ્યત્વે વ્યક્તિગત આવક વેરો શામેલ છે. પહેલી એપ્રિલ, ૨૦૨૪ અને ૧૨ જાન્યુઆરી, ૨૦૨૫ વચ્ચે ચોખ્ખી કોર્પોરેટ કર વસૂલાત રૂ. ૭.૬૮ ટ્રિલિયનના સ્તરે રહી હતી.

સિક્યોરિટીઝ ટ્રાન્ઝેક્શન ટેક્સ (એસટીટી)માંથી કુલ આવક રૂ. ૪૪,૫૩૮ કરોડ નોંધાઈ છે. આ સમયગાળા દરમિયાન રૂ. ૩.૭૪ ટ્રિલિયનથી વધુના રિફંડ જારી કરવામાં આવ્યા છે, જે એક વર્ષ પહેલાના સમયગાળા કરતા ૪૨.૪૯ ટકા વધુ છે.

પહેલી એપ્રિલથી ૧૨ જાન્યુઆરી દરમિયાન કુલ પ્રત્યક્ષ કર વસૂલાત ૨૦ ટકા વધીને રૂ. ૨૦.૬૪ ટ્રિલિયનથી વધુ થઈ ગઈ છે. સરકારે ચાલુ નાણાકીય વર્ષમાં પ્રત્યક્ષ કરમાંથી રૂ. ૨૨.૦૭ ટ્રિલિયન એકત્રિત કરવાનું બજેટ રાખ્યું છે. જેમાં રૂ. ૧૦.૨૦ ટ્રિલિયનનો કોર્પોરેટ કર વસૂલાત, રૂ. ૧૧.૮૭ ટ્રિલિયન વ્યક્તિગત આવક વેરો અને અન્ય વેરા પેટે વસૂલ કરવામાં આવશે.

## શ્રી વિકાસ કૌશલે HPCLના C&MD તરીકેનો ચાર્જ સંભાળ્યો



મુંબઈઃ શ્રી વિકાસ કૌશલે ૧૭ માર્ચથી મહારત્ન ઓઇલ કંપની હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (HPCL)ના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર (C&MD) તરીકેનો ચાર્જ સંભાળ્યો છે. શ્રી કૌશલ એક અનુભવી વૈશ્વિક નેતા છે જેમને ઊર્જા ક્ષેત્રમાં ત્રણ દાયકાથી વધુનો અનુભવ છે. DCET, પંજાબ યુનિવર્સિટીમાંથી કેમિકલ એન્જિનિયરિંગ સ્નાતક છે. તેમણે ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, અમદાવાદમાંથી MBA કર્યું છે.

શ્રી કૌશલે વૈશ્વિક મેનેજમેન્ટ કન્સલ્ટિંગમાં કામ કરતા પહેલા ICICI લિમિટેડમાં પ્રોજેક્ટ ફાઈનાન્સ અને એડવાઈઝરી સર્વિસીસમાં તેમની કારકિર્દીની શરૂઆત કરી હતી. ૨૦૦૦થી તેઓ એ.ટી. કીર્ની સાથે સંકળાયેલા છે, જ્યાં તેમણે ભારતમાં પેઢીના વ્યવસાયને વિસ્તૃત કરવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. ૧૭ વર્ષથી વધુ સમય સુધી ભાગીદાર તરીકે તેમણે અનેક ઉચ્ચ-પ્રભાવશાળી પહેલોનું નેતૃત્વ કર્યું છે, જેમાં ઊર્જા અને પ્રક્રિયા ઉદ્યોગો માટે ગ્લોબલ લીડર તરીકે સેવા આપવાનો સમાવેશ થાય છે, જ્યાં તેમણે આંતરરાષ્ટ્રીય તેલ અને ગૅસ કંપનીઓ સહિત મુખ્ય વૈશ્વિક ઊર્જા ગ્રાહકોના પોર્ટફોલિયોનું સંચાલન કર્યું હતું. તેમણે A.T. કીર્ની ભારત માટે મેનેજિંગ ડિરેક્ટર અને કન્ટ્રી હેડની ભૂમિકા પણ પાંચ વર્ષ સુધી નિભાવી હતી.

તેમના નેતૃત્વ હેઠળ HPCL ભારતના વિકસતા ઊર્જા ક્ષેત્રમાં તેની બજાર સ્થિતિ મજબૂત કરવા, નવીનતાને વેગ આપવા અને ટકાઉ વિકાસને આગળ વધારવા તૈયાર છે.■

## રૂપિયો અમેરિકન ડોલર સામે ૨૬ પૈસા વધીને ૮૬.૫૫ પર બંધ થયો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સકારાત્મક સ્થાનિક ઇક્વિટી બજારો અને નબળા અમેરિકન ચલણ વચ્ચે મંગળવારે ફોરેક્સ માર્કેટમાં અમેરિકન ડોલર સામે રૂપિયો સતત ત્રીજા સત્રમાં મજબૂતી સાથે આગળ વધતાં ૨૬ પૈસાના સુધારા સાથે ૮૬.૫૫ (પ્રોવિઝનલ)ની સપાટી પર બંધ થયો હતો.

ફોરેક્સ ટ્રેડર્સે જણાવ્યું હતું કે અમેરિકાના નિરાશાજનક આર્થિક ડેટાને કારણે યુએસ ડોલર ઘટ્યો હતો. વધુમાં, એશિયન ચલણોની મજબૂતાઈએ પણ રૂપિયાને ટેકો આપ્યો હતો. જોકે, ક્રૂડ ઓઇલના ભાવમાં વધારાને કારણે આ વધારો મર્યાદિત રહ્યા હતો.

વિદેશી હૂંડિયામણ બજારમાં આંતરબેંક વિદેશી વિનિમય સોદામાં ભારતીય ચલણમાં ઉચ્ચતમ અસ્થિરતા જોવા મળી છે. રૂપિયો ૮૬.૭૧ પર ખુલ્યો અને પછી ૮૬.૫૪ના ઇન્ટ્રાડે ઉચ્ચતમ સ્તર અને ૮૬.૭૮ ના નીચલા સ્તરને સ્પર્શ્યો હતો.

## વિદેશી રોકાણકારોએ ભારતીય બજારમાં રૂપિયા ચાર લાખ કરોડ ઠાલવ્યા

મુંબઇઃ ફોરેન પોર્ટફોલિયો ઇન્વેસ્ટર્સ (એફપીઆઇ)ના ઈનફ્લોની દ્રષ્ટિએ ચાલુ નાણાં વર્ષ ઈક્વિટી બજાર માટે એકદમ ખરાબ રહ્યું હોવાનું એક અભ્યાસ જણાવે છે, જે મુજબ વર્તમાન નાણાં વર્ષમાં વિદેશી રોકાણકારોની કેશમાં રૂપિયા ચાર લાખ કરોડથી વધુની વેચવાલી નોંધાઇ છે.

વર્તમાન નાણાં વર્ષના ઓકટોબર મહિનાથી દેશના શેરબજારોમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઈઆઈ)ની એકધારી વેચવાલી ચાલુ રહેતા ભારતીય ઈક્વિટી બજારમાંથી એફઆઈઆઈના આઉટફલોની દ્રષ્ટિએ વર્તમાન નાણાં વર્ષ એકદમ જ ખરાબ પૂરવાર થયું છે. વર્તમાન નાણાં વર્ષમાં વિદેશી રોકાણકારોની ઈક્વિટી કેશમાં વેચવાલી રૂપિયા ચાર લાખ કરોડને પાર કરી ગઈ છે.

વર્તમાન નાણાં વર્ષના પ્રથમ અગિયાર મહિનામાં ભારતીય ઈક્વિટીસમાં વિદેશી રોકાણકારોની કેશમાં અત્યારસુધીમાં રૂપિયા ૪.૨૩ લાખ કરોડથી વધુની નેટ વેચવાલી રહી છે. ગયા નાણાં વર્ષ એટલે કે નાણાં વર્ષ ૨૦૨૩-૨૪માં વિદેશી રોકાણકારોની રૂપિયા ૧૪૩૯૫ કરોડની નેટ વેચવાલી જોવા મળી હતી. વર્તમાન નાણાં વર્ષના ડિસેમ્બર ત્રિમાસિકમાં ભારતીય ઈક્વિટીસમાં મોટું કરેકશન જોવા મળ્યું હતું. બેન્ચમાર્ક સેન્સેકસ ૭.૩૦ ટકા અને નિફટીમાં ૮.૩૦ ટકા ઘટાડો થયો હતો, જે ૨૦૨૨ના જૂન ત્રિમાસિક બાદ સૌથી મોટો ત્રિમાસિક ઘટાડો જોવા મળ્યો હતો.

અમેરિકામાં નવા પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પના શાસનમાં ટેરિફ વોર ઉપરાંત વેપાર ખોરવાઈ જવાની ધારણાંએ ઈક્વિટી બજારમાં વેચવાલી આવી હતી. આ ઉપરાંત અમેરિકન ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજ દરમાં ઘટાડો ધીમો પડવાના સંકેતે પણ વિદેશી રોકાણકારોનુંમાનસ ખરડાયેલુ છે.

## રિઝર્વ બેન્ક વ્યાજદરમાં ફરી પચીસ બેઝિસ પોઈન્ટનો ઘટાડો કરશે?

મુંબઇઃ ફેબ્રુઆરીમાં છૂટક ફુગાવો ઘટીને સાત મહિનાના નીચલા સ્તરે ૩.૬૧ ટકા થયો છે. ભારતીય રિઝર્વ બેંક ૯ એપ્રિલના રોજ દ્વિમાસિક નાણાકીય નીતિ જાહેર કરવા જઈ રહી છે. એવી અપેક્ષા છે કે સેન્ટ્રલ બેંક વ્યાજદરમાં વધુ ૦.૨૫ ટકાનો ઘટાડો કરી શકે છે.

ભારતની કેન્દ્રીય બેંક આરબીઆઇ એપ્રિલ મહિનામાં રેપો રેટ અંગે મોટી જાહેરાત કરી શકે છે. એપ્રિલના બીજા અઠવાડિયામાં યોજાનારી આરબીઆઇ મોનેટરી પોલિસી કમિટીની બેઠકમાં વ્યાજ દરમાં ઘટાડો થવાની શક્યતા છે.ફેબ્રુઆરી મહિના માટે જાહેર કરાયેલા છૂટક ફુગાવાના આંકડા ૪ ટકાના લક્ષ્યાંકથી નીચે આવી ગયા છે.

મંત્રાલયે જાહેર કરેલા છૂટક ફુગાવાના આંકડા મુજબ ફેબ્રુઆરી મહિનામાં છૂટક ફુગાવાનો દર ઘટીને ૩.૬૧ ટકા થયો છે, જે જાન્યુઆરીમાં ૪.૩ ટકા હતો. એપ્રિલના બીજા અઠવાડિયામાં ૭ થી ૯ એપ્રિલ દરમિયાન આરબીઆઇ ગવર્નર સંજય મલ્હોત્રાની અધ્યક્ષતામાં નાણાકીય નીતિની બેઠક યોજાશે અને આ બેઠકમાં મોંઘા ઇએમઆઈથી ચિંતિત લોકોને ફરી એકવાર રાહત મળી શકે છે.

આ પહેલા ૭ ફેબ્રુઆરીએ આરબીઆઇએ રેપો રેટ ૬.૫૦ ટકાથી ઘટાડીને ૬.૨૫ ટકા કર્યો હતો. હવે એવી અપેક્ષા રાખવામાં આવે છે કે જ્યારે નવા નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ ની શરૂઆતમાં એપ્રિલ મહિનામાં આરબીઆઇની એમપીસી બેઠક યોજાશે, ત્યારે છૂટક ફુગાવામાં મોટા ઘટાડાને કારણે,આરબીઆઇ ફરી એકવાર રેપો રેટમાં ઘટાડો કરી શકે છે.

ફેબ્રુઆરી મહિનામાં ખાદ્ય ફુગાવામાં મોટો ઘટાડો થયો છે. ફેબ્રુઆરીમાં ખાદ્ય ફુગાવાનો દર ઘટીને ૩.૭૫ ટકા થયો છે.

**BRIHANMUMBAI MAHANAGARPALIKA**

ચીફ એન્જિનિયર, (મિકેનિકલ & ઈલેક્ટ્રિકલ)ની ઓફિસ
સરનામુંઃ ૧લો માળ, વર્લી એન્જિનિયરિંગ હબ, ડૉ. ઈ. મોઝેસ રોડ, વર્લી, મુંબઈ-૧૮.

**નં. ચી. એન્જિ./M.&E./ ૭૬૩૮, તા. ૧૮.૦૩.૨૦૨૫**

**ઈ-ટેન્ડર નોટીસ**

બૃહદ્‌મુંબઈ મહાનગરપાલિકા લાયક બિડરો પાસેથી આઈટમ રેટ ધોરણે નીચેના કામો ઈ-ટેન્ડરને આમંત્રિત કરે છે. એમસીજીએમની વેબસાઈટના ટેન્ડર સેક્સન અંતર્ગત વિગતવાર ટેન્ડર નોટિસમાં બીડની પ્રારંભિક તારીખ - સમય અને બીડ અંતિમ તારીખ - સમય આપવામાં આવેલા છે.

| | |
|---|---|
| ડીપાર્ટમેન્ટઃ | ચીફ એન્જિનિયર (મેકેનિકલ એન્ડ ઈલેક્ટ્રિકલ) |
| સબ ડિવિઝનઃ | એક્ઝિક્યુટીવ એન્જિનિયર મેકેનિકલ (E.L.) કન્સ્ટ્રકશન |
| વિષયઃ | MLT હોલ (ભાગ A)માં હેરિટેજ ટાઈપ સિટિંગ વ્યવસ્થાની રિપેર અને રિફર્બીશમેન્ટ ૨૦૨૫_MCGM_૧૧૫૮૯૭૭_૧ |
| ટેન્ડર વેચાણઃ | ૧૯/૦૩/૨૦૨૫ સવારે ૧૧.૦૦ થી ૨૫/૦૩/૨૦૨૫ બપોરે ૪.૦૦ સુધી |
| લીગલ /ટ્રેડ નામઃ જીએસટીઆઈએન નં. | બૃહદ મુંબઈ મહાનગરપાલિકા 27AAALM0042L3Z4 |
| સંપર્ક વ્યકિતઃ<br>a) નામ<br>b) ટે.નં.<br>c) મો.નં.<br>d) ઈમેલ એડ્રેસઃ | એક્ઝિક્યૂટિવ એન્જિનિયર મેકેનિકલ (E.I.) કન્સ્ટ્રકશન<br>શ્રી મનોજ વાનખેડે<br>૨૪૯૫૮૧૫૩<br>૯૬૩૭૩૪૧૦૦૪<br>eemecheiconst.me@mcgm.gov.in |

ઈચ્છુક ટેન્ડરોએ ટેન્ડરની વધુ વિગતવાર માહિતી માટે મ્યુનિસિપલ વેબસાઈટ http://portal.mcgm.gov.in ની મુલાકાત લો.

ટેન્ડરના દસ્તાવેજો પોસ્ટ મારફતે મોકલવામાં કે સ્વીકારવામાં આવશે.

સહી/-
Ex Eng.Mech. (E.I.) Const. i/c

PRO/2852/ADV./2024-25

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

# નાગપુર હિંસા પૂર્વનિયોજિત, ‘છાવા’એ ભડકાવી લોકલાગણી

## મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે ઔરંગઝેબના નામે થયેલી હિંસા પર વિધાનસભામાં આપ્યું નિવેદન



**રાખ રમખાણની:**
નાગપુરમાં સોમવારે રાત્રે ફાટી નીકળેલી હિંસાને પગલે અનેક વાહનોને આગ ચાંપવામાં આવી હતી. (પીટીઆઈ)

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે મંગળવારે કહ્યું હતું કે, નાગપુરમાં થયેલી હિંસા પૂર્વઆયોજિત લાગે છે જેમાં ટોળાએ ચોક્કસ ઘરોને નિશાન બનાવ્યા હતા, અને કહ્યું કે ‘છાવા’ ફિલ્મે મોગલ સમ્રાટ ઔરંગઝેબ વિરુદ્ધ લોકોની લાગણીઓને ફરી ભડકાવી હતી.

વિધાનસભામાં બોલતા ફડણવીસે કહ્યું કે છત્રપતિ સંભાજી મહારાજના જીવન પર આધારિત વિકી કૌશલ અભિનીત ફિલ્મ ‘છાવા’એ મરાઠા રાજાનો સાચો ઇતિહાસ લોકો સમક્ષ રજૂ કર્યો છે, એમ તેમણે કહ્યું હતું.

તે (ફિલ્મ) પછી, લોકોની લાગણીઓ ફરી ભડકી ઉઠી છે. ઔરંગઝેબ સામેનો ગુસ્સો મોટા પાયે પ્રદર્શિત થઈ રહ્યો છે, એમ મુખ્ય પ્રધાને કહ્યું હતું.

સોમવારે ઔરંગઝેબની કબર સામેના વિરોધ પ્રદર્શનને કારણે હિંસા ભડકી ઉઠી હતી, જે દરમિયાન અનેક ઘરો અને વાહનોમાં તોડફોડ કરવામાં આવી હતી, જેના કારણે નાગપુર શહેરના અનેક વિસ્તારોમાં કર્ફ્યુ લાદવામાં આવ્યો છે.ગૃહ મંત્રાલય સંભાળતા ફડણવીસે જણાવ્યું હતું કે હિંસામાં ત્રણ ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ સહિત અનેક પોલીસ કર્મચારીઓ ઘાયલ થયા હતા અને એક વરિષ્ઠ અધિકારી પર કુહાડીથી હુમલો કરવામાં આવ્યો હતો.તેમણે કહ્યું હતું કે જે લોકોએ પોલીસ પર હુમલો કર્યો છે તેમને બક્ષવામાં આવશે નહીં. ‘ટોળાએ ચોક્કસ ઘરો અને સંસ્થાઓને નિશાન બનાવી હતી. આ (હુમલો) પૂર્વઆયોજિત લાગે છે,’ એમ ફડણવીસે કહ્યું હતું. ‘કેટલાક લોકોનો પૂર્વયોજિત પેટર્ન હોય તેવું લાગે છે. ચોક્કસપણે તેમની સામે (જુઓ પાનું ૪) ▶▶



**હાઉ ઈઝ ધ જોશ?**
નાગપુરમાં હિંસા દરમ્યાન કુહાડીથી જેના પર હુમલો કરાયો હતો એ ડીસીપી સાથે વીડિયો કૉલ પર વાત કરી રહેલા દેવેન્દ્ર ફડણવીસ. (પીટીઆઈ)

## ત્રણ ઘટના હિંસાની ને ડીસીપી નિકેતન કદમ પર કુહાડીથી હુમલો...

## ખરેખર શું બન્યું હતું?

નાગપુરમાં છેલ્લા બે દિવસમાં હિંસાની ત્રણ અલગ અલગ ઘટનાઓ બની છે. નાગપુરના મહાલના ઝેંડા ચોક ખાતે બે જૂથ વચ્ચે થયેલી અથડામણ બાદ સોમવારે આગ લાગવાના તેમ જ વાહનોની તોડફોડના કિસ્સા જોવા મળ્યા હતા. ભીડને વિખેરતી વખતે લોકોના એક જૂથે પોલીસ પર પથ્થરમારો કર્યો હતો. જવાબમાં પોલીસે ટિયર ગેસના સેલ છોડીને ટોળાને વિખેરી નાખ્યું હતું. આ ઘટનામાં કેટલાક પોલીસ કર્મચારીઓ પણ ઘાયલ થયા છે. આમાં ડીસીપી સ્તરના અધિકારી નિકેતન કદમ પર પણ હુમલા થયા હતા. એક ડીસીપી પર કુહાડીથી હુમલો કરવામાં આવ્યો હોવાનું મુખ્ય પ્રધાને જણાવ્યું હતું.

૧૭ માર્ચે, વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળના કાર્યકરોએ ઔરંગઝેબની કબર દૂર કરવાની માગણી કરતા સૂત્રોચ્ચાર કર્યા હતા. આ વખતે, તેઓએ ઔરંગઝેબની પ્રતીકાત્મક કબરને બાળી નાખી. આ પછી, ગણેશપેઠ પોલીસે બપોરે પ્રદર્શનકારીઓ વિરુદ્ધ વિવિધ કલમો હેઠળ કેસ નોંધ્યા. તે સાંજે પછી અફવા ફેલાઈ કે સવારે સળગાવવામાં આવેલી પ્રતીકાત્મક કબર પરના કપડા પર ધાર્મિક લખાણ લખેલું છે. અઝારોલમાં પ્રાર્થના પૂર્ણ થયા પછી ૨૦૦થી ૨૫૦ લોકોના ટોળાએ સૂત્રોચ્ચાર કરવાનું શરૂ કર્યું. આ જ લોકોએ ઇમારતને આગ લગાવી દેવાની હિંસક નિવેદનો આપ્યા બાદ પોલીસે ઘટનાસ્થળે બળપ્રયોગ કર્યો હતો.

આ પછી, પોલીસે ફરિયાદીઓને તે સવારે બનેલી ઘટના સામે કાર્યવાહી કરવા માટે બોલાવ્યા. કેટલાક પર હથિયારોથી હુમલો કરવામાં આવ્યો અને ઘણા વાહનો સળગાવી દેવામાં આવ્યાહતા, એવું ફડણવીસે તેમના નિવેદનમાં જણાવ્યું હતું.

હિંસાની ત્રીજી ઘટના ભાલદારપુરા વિસ્તારમાં (જુઓ પાનું ૪) ▶▶

# પોલીસ પર હુમલો કરનારાને પાકિસ્તાનમાંના અબ્બા યાદ કરાવી દેશે દેવાભાઉ: નિતેશ રાણે

મુંબઈ: ભાજપના નેતા અને મહારાષ્ટ્રના પ્રધાન નિતેશ રાણેએ નાગપુર હિંસાની ઘટના અંગે પ્રતિક્રિયા આપતા કહ્યું હતું કે ‘પોલીસ સામે હાથ ઉપાડનારાઓને અમે છોડીશું નહીં. આવી ઘટના કંઈ પહેલી વાર નથી બની. આ કેવો વિરોધ છે? શા માટે આ જેહાદીઓ હંમેશા પોલીસને નિશાન બનાવે છે? અમારી પોલીસ પર હુમલો કરનારાઓને પાકિસ્તાનમાં તેમના ‘અબ્બા’ યાદ કરાવી દેશે.’

અહેવાલો અનુસાર નાગપુરના મહલ વિસ્તારમાં ભડકેલી હિંસામાં ૩૩ પોલીસ કર્મચારી અને પાંચ નાગરિકો ઘાયલ થયા છે. એક પોલીસ અધિકારી પર કુહાડીથી હુમલો કરવામાં આવ્યો હતો. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે નાગપુર પોલીસને આરોપીઓ સામે કડક કાર્યવાહી કરવાનો નિર્દેશ આપ્યો છે. આ વિસ્તારમાં સીઆરપીએફના પાંચ યુનિટ તહેનાત કરવામાં આવ્યા છે.

નિતેશ રાણેએ વધુમાં જણાવ્યું હતું કે ’સાચું બોલવામાં અને હિન્દુઓ પડખે ઊભા રહેવામાં કશું ખોટું નથી. સનાતન ધર્મને મારો ટેકો છે. પાઠ્યપુસ્તકમાંથી ઔરંગઝેબની હકાલપટ્ટી થવી જ જોઇએ – આ કોંગ્રેસનું પાપ છે. અગાઉ ભિવંડી (જુઓ પાનું ૪) ▶▶

# પાંચ એફઆઈઆર, ૫૦ કસ્ટડીમાં, ૩૪ પોલીસ જખમી

નાગપુર: ઔરંગઝેબની કબરની સામે થયેલા વિરોધ પ્રદર્શન બાદ થયેલી હિંસાના એક દિવસ બાદ પચાસથી વધુ લોકોને કસ્ટડીમાં લેવામાં આવ્યા છે તથા નાગપુરના અમુક ભાગમાં કર્ફ્યુ લગાવી દેવામાં આવ્યો છે. આ હિંસા પૂર્વનિયોજિત હોવાનો દાવો મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે કર્યો હતો.

ઔરંગઝેબનો ગુણગાણ વિશ્વ હિન્દુ પરિષદ (વિહિપ) ક્યારેય સહન કરશે નહીં અને નાગપુર હિંસા પૂર્વનિયોજિત હોવાનો પણ દાવો કર્યો હતો.

આ હિંસા પ્રકરણે અત્યાર સુધી પાંચ એફઆઇઆર નોંધવામાં આવી હોવાનું નાગપુર પોલીસ કમિશનર રવિન્દ્ર કુમાર (જુઓ પાનું ૪) ▶▶




PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

# ઑક્ટોબર પછી જ થશે બીએમસીની ચૂંટણી

મુંબઈ: મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીઓ ઓક્ટોબર પછી જ યોજાશે, એવી માહિતી પાલિકાનાં સૂત્રોએ આપી છે. મહાનગરપાલિકા અને રાજ્ય ચૂંટણી પંચના અધિકારીઓ વચ્ચે તાજેતરમાં એક બેઠક યોજાઈ હતી. આ વખતે ચૂંટણીને લઈને ચર્ચા થઈ છે. એવું કહેવાય છે કે જો સુપ્રીમ કોર્ટ પોતાનો ચુકાદો આપે તો પણ મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીઓ ઓક્ટોબર પછી જ યોજાશે.

બીએમસીની ચૂંટણી અંગે આગામી સુનાવણી ૪ મેના રોજ થશે. જો પરિણામ મે મહિનામાં જાહેર થાય તો પણ ચોમાસા પહેલાં મ્યુનિસિપલ ચૂંટણીઓ યોજાશે નહીં. પ્રાપ્ત માહિતી અનુસાર પરિણામ જાહેર થયા પછી વહીવટકર્તાઓને ચૂંટણીની તૈયારી કરવામાં લગભગ ૧૦૦ દિવસનો સમય લાગશે. આમાં વોર્ડની રચના, યાદી ચકાસણી, વાંધા અરજીઓ માટે આમંત્રણ અને અનામત મુક્તિનો સમાવેશ થશે. રાજ્ય વિધાનસભાની ચૂંટણીઓ પછી, બધાનું ધ્યાન હવે નગરપાલિકાની ચૂંટણીઓ ક્યારે યોજાશે તેના પર કેન્દ્રિત છે. વિધાનસભા ચૂંટણી પછી રાજ્યમાં નગરપાલિકાની ચૂંટણી ક્યારે (જુઓ પાનું ૪) ▶▶

# ડોમેસ્ટિક વિમાન પ્રવાસ પહેલી જૂનથી મોંઘો થશે?

મુંબઈ: મુંબઈ એરપોર્ટથી ઉપડતા ડોમેસ્ટિક વિમાન પ્રવાસીઓ માટે જૂનથી હવાઇ ભાડાં વધી શકે છે, કારણ કે મુંબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ લિ. (એમઆઇએએલ)એ એરલાઈન્સ પાસેથી યુઝર ડેવલપમેન્ટ ફી (યુડીએફ) વસૂલવાનો પ્રસ્તાવ મૂક્યો છે. તેમ છતાં એમઆઇએએલએ વિમાનોના લેન્ડિંગ અને પાર્કિંગ ચાર્જીસ ઘટાડવાનો પ્રસ્તાવ મૂકીને આ ફીને સંતુલિત કરવાનો પ્રયાસ કર્યો છે.

એમઆઇએએલએ ૧૭મી માર્ચના છત્રપતિ શિવાજી મહારાજ ઈન્ટરનેશનલ એરપોર્ટ (સીએસએમઆઇએ)ના ચોથા નિયંત્રણ સમયગાળા માટે એરોનોટિકલ ટેરિફ માટે તેનો વાર્ષિક ટેરિફ રજૂ કર્યો હતો જે પહેલી એપ્રિલ, ૨૦૨૪થી શરૂ થયો હતો અને ૩૧મી માર્ચ, ૨૦૨૯ સુધી ચાલશે.

એમઆઇએએલએ એરપોર્ટ્સ ઇકોનોમિક રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા (એઇઆરએ)ને સોંપેલા પોતાના પ્રસ્તાવમાં અદાણી ગ્રૂપે મુંબઈ એરપોર્ટનું સંચાલન હાથે લીધા બાદ પ્રથમ વખત ટેરિફમાં સુધારો કરવાની માગણી કરી હતી. કંપનીએ પ્રથમ વખત (જુઓ પાનું ૪) ▶▶







"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ‘‘મુંબઈ સમાચાર’’ પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ‘‘મુંબઈ સમાચાર’’ પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રી: *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલ: **samachar.bombay@gmail.com** ટેલિફોન: ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**